A GUIDE TO MACMILLAN'S NEW ENGLISH READER No. III

JECHAND TALAKSHI & SONS
Book-sellers & Publishers
Wadhwan City.

1930.

Printed at the Saurashtra Mudranalaya by H. M. Pandya,
26, Gib Road, RANPUR.

Price 12 Annas.

1. THE POWER AND WISDOM OF GOD.

Power (પાવર) શક્તિ.
Wisdom (ઉવિઝડમ) ડહાપણ.
Hashim (હાશિમ) છોકરાનું નામ છે.
Only (ઓન્લિ) એકનો એક.
Loved (લવ્ડ) ચાહતો હતો.
Clever (કલેવર) હોશિયાર
Lad (લૅડ) છોકરો
Until (અન્ટિલ) જ્યાં સુધી
He was eight years old (હી વૅાઝ એઇટ યિયર્સ ઓલ્ડ) તે આઠ વરસનો હતો
Taught (ટૉટ) શીખવ્યું
Learned (લર્નેડ) વિદ્વાન
Pious (પાયસ) પવિત્ર, દયાળુ, ભક્તિમાન
Of that age (ઑફ ધેટ એઇજ) તેટલી ઉંમરના
Eighth (એઇથ) આઠમી
Birthday (બર્થડે) વર્ષગાંઠ, જન્મ દિવસ, સાલગીરી
Was passed (ઉવૅાઝ પાસ્ડ) ચાલી ગઇ, બેસી ગઇ
Took him to school (ટુક હિમ ટુ સ્કુલ) તેને નિશાળે તેડી ગયો

School master (સ્કુલ માસ્ટર) નિશાળનો શિક્ષક
Can count (કૅન કાઉન્ટ) હિસાબ ગણી શકવા
Replied (રીપ્લાઇડ) જવાબ આપ્યો, જવાબ દીધો
Arithmetic (ઍરિથમેટિક) અંકગણિત
Turned to (ટર્ન્ડ ટુ) તરફ ફર્યો
Who was standing by (હુ ઉવૅાઝ સ્ટૅન્ડીંગ બાઇ) જે પાસે ઊભો હતો
Have taught (હૅવ ટૉટ) શીખવ્યું છે
Anything (એનીથિંગ) કાંઇપણ
Questions (ક્વેશ્ચન્સ) સવાલો,
Where God is (ઉવ્હેર ગૉડ ઇઝ) પરમેશ્વર ક્યાં છે
What God knows (ઉવ્હૅાટ ગૉડ નોઝ) પરમેશ્વર શું જાણે છે
Thirdly (થર્ડલી) ત્રીજી બાબત
But before I do so (બટ બીફોર આઇ ડુ સો) હું એ પ્રમાણે કરૂં તે પહેલાં
Will help (ઉવિલ હેલ્પ) મદદ કરશે

Very well (વેરી વેલ) ઘણું સારૂં
Thinking (થિંકિંગ) વિચારીને
Easily (ઇઝિલી) સહેલાઇથી
Could answer (કુડ ઍન્સર) જવાબ દઇ શકશે
Very kindly (વેરિ કાઇન્ડ્લિ) મોટી મહેરબાની કરીને
Secondly (સેકન્ડ્લિ) બીજી બાબત
Well done (ઉવેલ્લ ડન) શાબાશ
Neatly (નીટ્લિ) કાઢીનાખો સફાઇથી
I can teach him nothing (આઇ કૅન ટીચ હિમ નથિંગ) હું તેને કાંઇ શીખવી શકીશ નહિ
Gladly (ગ્લૅડિલ) ખુશીથી

GRAMMAR

Sentence (સેન્ટેન્સ) વાકય
The whole of this book (ધ હોલ ઑફ ધિસ બુક) આ આખી ચોપડી
Is made up of (ઇઝ મેઇડ અપ ઑફ) ની બનેલી છે
Grammar (ગ્રામર) વ્યાકરણ
Hundreds of words (હન્ડ્રેડઝ ઓફ વર્ડ્ઝ) સેંકડો શબ્દો
Class (કલાસ) વર્ગ
In this way (ઇન ધિસ વે) આ રીતે
Are divided (આર ડિવાઇડેડ) ના ભાગ પાડેલા છે
The same (ધ સેઇમ) તેજ
Parts of speech (પાર્ટ્સ ઑફ સ્પીચ) શબ્દોના ભેદ
Columns (કૅાલમ્સ) હાર

૧. પરમેશ્વરનું ડહાપણ અને શક્તિ.

હાશમ તેના બાપનો એકનો એક છોકરો હતો, જે તેને ઘણો ચાહતો હતો. તે એક હોશિયાર છોકરો હતો. તે આઠ વર્ષનો થયો ત્યાં સુધી તેના બાપે તેને ઘેર શીખવ્યું હતું. તે વિદ્વાન અને ભક્તિમાન માણસ હતો અને તેણે હાશમને એવી ઘણી બાબતો શીખવી હતી જે તેટલી ઉંમરના છોકરાઓ હંમેશાં જાણતા નથી. જયારે હાશમની આઠમી વર્ષગાંઠ પસાર થઇ ત્યારે તેનો બાપ તેને નિશાળે તેડી ગયો. નિશાળના શિક્ષકે હાશમને પૂછયું કે તને શું આવડે છે ? હાશમે કહ્યું, હું લખી વાંચી શકું છું. શિક્ષકે કહ્યું

તને હિસાબ ગણતાં આવડે છે ? તે છોકરાએ જવાબ આપ્યો, હા, હું હિસાબ ગણી શકું છું: મને કાંઇક અંકગણિત આવડે છે. પછી હાશમનો બાપ જે તેની પાસે ઊભો હતો તેના તરફ ફરીને શિક્ષકે કહ્યું, સાહેબ, તમે તમારા છોકરાને લખતાં વાંચતાં ને હિસાબ ગણતાં શીખવ્યું છે. તમે તેને મહાન પરમેશ્વર, તેની શક્તિ અને તેના ડહાપણ વિષે કાંઇ શીખવ્યું છે ? તેના બાપે કહ્યું, હાશમને પૂછો. પછી શિક્ષકે હાશમને કહ્યું. હું તને પરમેશ્વર વિષે ત્રણ સવાલ પૂછીશ. હાશમ, તું મને કહી શકશે કે પરમેશ્વર ક્યાં છે ? શું તને તારા બાપે તે શીખવ્યું છે ? અને પરમેશ્વર શું જાણે છે તે તું મને કહી શકશે ? ત્રીજી બાબત, પરમેશ્વર શું કરી શકે છે તે તું મને કહી શકશે ? હાશમે જવાબ આપ્યો, સાહેબ, તમે મને જે પૂછો છો તે કહેવાને હું પ્રયત્ન કરીશ. પણ હું આમ કરૂં તે પહેલાં ત્રણ બાબતો જે હું જાણતો નથી તે મને કહેવાનું હું તમને પૂછું ? તે મને તમારા સવાલના જવાબ આપવામાં મદદ કરશે.

એક આઠ વર્ષનો નાનો છોકરો મને કોઇ સવાલ પૂછે તેનો જવાબ હું સહેલાઇથી આપી શકીશ એવું ધારીને શિક્ષકે જવાબ આપ્યો, બહુ સારૂં, મારા છોકરા, તું જે જાણવા ઇચ્છે છે એવી ત્રણ બાબત કઇ છે ? હાશમે જવાબ આપ્યો, સાહેબ, પરમેશ્વર ક્યાં નથી એ મને મોટી મહેરબાની કરી કહેશો ? બીજી બાબત એ કે પરમેશ્વર શું કરી શકતો નથી તે મને કહેશો ? પછી પરમેશ્વર ક્યાં છે, પરમેશ્વર શું જાણે છે અને પરમેશ્વર શું કરી શકે છે તે હું તમને કહીશ. શિક્ષકે બૂમ પાડીનેને કહ્યું, શાબાશ, તારા સવાલથી ઘણી સફાઇથી મારા સવાલના જવાબ તેં પોતે જ આપ્યા છે. તેણે હાશમના બાપને કહ્યું, સાહેબ, તમે તમારા છોકરાને સારૂં શીખવ્યું છે. પરમેશ્વરની શક્તિ અને ડહાપણ વિષે હું તેને કાંઇ વધારે શીખવી શકીશ નહિ. પણ બીજી બાબતો માટે જે હું જાણું છું તે હું તેને ખુશીથી શીખવીશ.

2. THE PRINCE OF WALES AND THE BOY.

Prince of Wales (પ્રિન્સ ઑાફ઼ વેલ્સ) ઇંગ્લાંડના રાજ્યકર્તાનો ગાદી વારસ; પાટવીકુમાર
Edward the Seventh (એડવર્ડ ધ સેવન્થ) એડવર્ડ સાતમા, ઇંગ્લાંડના રાજાનું નામ
Kindly (કાઇન્ડલિ) માયાળુ રીતે
Act (ઍક્ટ) કૃત્ય
Tales (ટેઇલ્સ) વાર્તા
Are told (આર ટોલ્ડ) કહેવાયેલી છે
Really (રીઅલ્લિ) ખરેખર
Fact (ફ઼ૅક્ટ) સાચી વાત
Palace gate (પૅલેઇસ ગેઇટ) મહેલનો દરવાજો
Sobbing (સૉબ્બીંગ) ડૂસકાં ભરતો
Sadly (સૅડલિ) દિલગીરીથી, ઉદાસીથી
Stopped (સ્ટૉપ્ડ) થોભ્યો, ઊભો રહ્યો
Although (ઑાલ્ધો) અગરજો, જોકે
It was late (ઇટ વૉઝ લેઇટ) મોડું થયું હતું, વાર થઇ હતી
What (હ્વૉટ) શા કારણથી, શાથી
Made him cry (મેઇડ હિમ ક્રાઇ) તેને રડવું આવ્યું
Badly (બૅડલિ) છાતીફાટ, એટલું બધું
Soldier (સોલ્જર) સિપાઇ
On guard (ઑાન ગાર્ડ) ચોકી ઉપર
Wanted to see (વૉન્ટેડ ટુ સી) જોવા ઇચ્છતો હતો
Queen (ક્વીન) રાણી
Of course (ઑાફ઼ કોર્સ)અલબત
Ever since (એવર સીન્સ) ત્યારનો
By the hand (બાય ધ હૅન્ડ) હાથ પકડીને
Gently (જેન્ટલિ) નમ્રતાથી
Command (કમાન્ડ) હુકમ, આજ્ઞા
Under my command (અન્ડર માઇ કમાન્ડ) મારી આજ્ઞામાં, મારા હુકમ નીચે
Certainly (સર્ટન્લિ) નક્કી

Kept his word (કેપ્ટ હિઝ વર્ડ) બોલ પાળ્યો
Victoria the Queen (વિક્ટોરિઆ ધ ક્વીન) વિક્ટોરિઆ રાણી
Lady (લેડી) સ્ત્રી, રાણી
Sweet (સ્વીટ) મીઠા બોલી, માયાળુ
Many a kind word (મૅની એ કાઇન્ડ વર્ડ) ઘણા માયાળુ શબ્દો
Did say (ડિડ સે) કહ્યા.
As his name and his age he told જેવું તેણે પોતાનું નામ અને ઉંમર કહ્યાં.
Piece of gold (પીસ ઓફ ગોલ્ડ) મહોર, સોનાનો સિક્કો
Grown old (ગ્રોન ઓલ્ડ) મોટો થયો.
Grey (ગ્રે) ધોળા નિમાળાવાળો.
Still (સ્ટિલ્લ) હજુ સુધી
Remembers (રીમેમ્બર્સ) યાદ રાખે છે.
Words (ઉવર્ડ્ઝ) શબ્દો
Pleasure (પ્લેઝર) આનંદ, મઝા
Golden (ગોલ્ડન) સોનાનો
Coin (કૉઇન) સિક્કો
Greatest (ગ્રેટેસ્ટ) મોટામાં મોટો
Treasure (ટ્રેઝર) ખજાનો
Have passed away (હૅવ પાસ્ડ અવેઉ) ગુજરી ગયાં છે.
Kind actions pass away never માયાળુ કૃત્યો કદી નાશ પામતાં નથી, કાયમ રહે છે
Live in our hearts (હાર્ટ્સ) આપણાં અંતઃકરણમાં જીવતાં છે.
For ever (ફૉર એવર) હંમેશને માટે

GRAMMAR

Adjective (ઍડજેક્ટિવ) વિશેષણ
Adverb (ઍડવર્બ) ક્રિયાવિશેષણ અવ્યય
Sometimes (સમટાઇમ્સ) કોઇ કોઇ વાર
Add (ઍડ) ઉમેરવું
Goes with (ગોઝ વિથ) સાથે જાય છે
Qualify (ક્વૉલિફાઇ) ગુણ બતાવવો.
Usually (યુઝુઅલ્લિ) હંમેશાં
Modify (મૉડિફાઇ) વૃદ્ધિ કરવી
Capital (કૅપીટલ) મોટા
Letters (લેટર્સ) અક્ષરો

૨. પ્રિન્સ ઑફ્ વેલ્સ અને છોકરો.

જ્યારે સાતમા એડવર્ડ રાજા પ્રિન્સ ઑફ્ વેલ્સ (પાટવી કુમાર) હતા, ત્યારે તેણે ઘણા માયાળુ કૃત્ય કર્યાં હતાં. અને જે ઘણી વાર્તાઓ કહેવાય છે તેમાંની આ એક અને તે ખરેખર સાચી વાત છે.

એક દિવસ તેણે મહેલના દરવાજા પાસે એક નાના છોકરાને દિલગીરીથી ડૂસકાં ભરતાં જોયો. જોકે મોડું થયું હતું તોપણ તે ઊભા રહ્યા અને પૂછ્યું શાથી તને આટલું બધું રડવું આવે છે? ચોકી ઉપરના સિપાઇએ શાહજાદાને કહ્યું, છોકરાની મરજી રાણીને જોવાની છે. અલબત મેં તેને કહ્યું કે રાણીને મળાશે નહિ ત્યારનો તે રડે છે.

શાહજાદાએ તે છોકરાનો હાથ પકડયો, અને ધીમેથી કહ્યું કે મારી સાથે આવ. આ બધા સિપાઇઓ મારા હુકમ નીચે છે. રાણીને તું નક્કી મળશે અને તેણે પોતાનો બોલ પાળ્યો, કારણ કે તે વિકટોરિઆ રાણી પાસે તે છોકરાને અંદર લઇ ગયો. તેણે આવી ઉમદા, આવી માયાળુ ને આવી દિલગીર સ્ત્રી (રાણી) કદી જોઇ નહોતી. જ્યારે તેણે પોતાનું નામ અને પોતાની ઉંમર કહ્યાં ત્યારે તેણે ઘણાં માયાળુ શબ્દો કહ્યા, અને તે તેને છોડીને ચાલ્યો ગયો, તે પહેલાં તેણે તેને એક સોનાનો સિક્કો આપ્યો. હવે ઘરડો થએલો અને ધોળા વાળવાળો તે નાનો છોકરો હજુસુધી તેના શબ્દો આનંદથી યાદ કરે છે; જે સોનાનો સિક્કો રાણીએ તે દિવસે તેને આપ્યો હતો તે પોતાના મોટા ખજાના તરીકે રાખે છે. વિકટોરિઆ અને એડવર્ડ ગુજરી ગયા છે પણ માયાળુ કૃત્યો કોઇ દિવસ નાશ પામતાં નથી; તેમનાં નામો, તેઓ આજે આપણા અંતઃકરણમાં પણ રહે છે, તે હંમેશને માટે આપણા અંતઃકરણમાં રહેશે જ.

3. PLANTING TREES FOR OTHERS.

Planting (પ્લૅન્ટિંગ) રોપવું
Hunting (હન્ટિંગ) શિકાર કરવો.
Who was out hunting= શિકાર કરવા બહાર નીકળ્યો હતો
Was planting (ઉવૉઝ પ્લૅન્ટિગ) રોપતો હતો
A mango tree (મેન્ગો ટ્રી) આંબો, કેરીનું ઝાડ
What a fool this old man is આ બુઢ્ઢો માણસ કેવો મૂર્ખ છે.
Officers (ઑફિસર્સ) અમલદારો
Young man (યંગ મૅન) જુવાન માણસ.
Fruit (ફ્રુટ) ફળ
Laughed (લાફ્ડ) હસ્યા
How old are you તારી ઉંમર કેટલી છે.
Lord (લૉર્ડ) મહેરબાન.
I am eighty years old મારી ઉંમર એંસી વરસની છે
I feel (આઇ ફીલ) મને લાગે છે
Strong (સ્ટ્રૉંગ) મજબૂત
Healthy (હેલ્થી) તંદુરસ્ત

Take trouble (ટેઇક ટ્રબલ) મહેનત લે છે
It is right તે ખરી વાત છે.
Children (ચિલ્ડ્રન) છોકરાં
Grand children (ગ્રાંડ ચિલ્ડ્રન) છોકરાંનાં છોકરાં
Was pleased (ઉવૉઝ પ્લીઝડ) ખુશી થયો.
Answer (ઍન્સર) જવાબ
Present (પ્રેઝન્ટ) ભેટ, ઇનામ
Who can say કોણ કહી શકશે
Laughing (લાફીંગ) હસીને
For nothing (ફૉર નથિંગ) નકામું
The very day તેજ દિવસે

GRAMMAR

Pronoun (પ્રોનાઉન) સર્વનામ
Is put for ને બદલે મૂકવામાં આવે છે
Instead of (ઇનસ્ટેડ ઑફ) ના બદલે
Short (શૉર્ટ) નાના, ટૂંકા
In praying to પ્રાર્થના કરવામાં
Stands for ના બદલે વપરાય છે
How old are you? તમારી ઉંમર કેટલી છે?
Point out બતાવવું

૩. બીજાને માટે ઝાડો રોપવાં

એક વખતે એક રાજા જે શિકારે બહાર નીકળ્યો હતો તેને એક ઘરડો માણસ જે આંબો રોપતો હતો તે મળ્યો. પોતાની સાથે જે અમલદારો હતા તેમને રાજાએ કહ્યું, આ બુઢ્ઢો માણસ કેવો બેવકુફ છે! પોતે ધારે છે કે હું હજી જુવાન માણસ છું, અને આ ઝાડનાં ફળ ખાવાને જીવીશ. બધા અમલદારો પણ હસ્યા. પછી રાજાએ તે ઘરડા માણસને કહ્યું, તમારી ઉંમર કેટલી છે? તે ઘરડા માણસે કહ્યું, મારા મહેરબાન, મારી ઉંમર એંસી વર્ષની છે. પણ હું પરમેશ્વરનો આભાર માનું છું કે હું હજુ જોરાવર અને તંદુરસ્ત છું. રાજાએ કહ્યું, તમે હજી ક્યાં સુધી જીવશો એ વિષે તમે શું ધારો છો? આ ઝાડ કે જેનાં ફળ તમે કદિ ખાવાના નથી તે ઝાડ રોપવાની મહેનત તમે શા માટે લો છો? મારા મહેરબાન, હું જાણું છું કે આ ઝાડનાં ફળ હું ખાઇ શકીશ નહિ, પણ અમારા બાપદાદાએ જે પ્રમાણે કર્યું તે પ્રમાણે કરવું તે અમારે માટે ખરી વાત છે. તેઓએ ઝાડ રોપ્યાં, અને અમે હમણાં તેનાં ફળ ખાઇએ છીએ. આ ઝાડ હું વાવું છું કે મારા છોકરાં અને છોકરાંનાં છોકરાં ફળ ખાય. રાજા જવાબથી ઘણો ખુશ થયો અને તે ઘરડા માણસને દશ રૂપિયાની ભેટ આપી. તે ઘરડા માણસે હસીને કહ્યું કોણ કહેશે કે મેં આ ઝાડ નકામું રોપ્યું છે? જે દિવસે મેં તેને રોપ્યું તે દિવસે તેણે મને દશ રૂપિયાની કેરીઓ આપી છે.

---

4. THE BAT

Bat (બૅટ) ચામાચીડિયું
Stranger (સ્ટ્રેઇન્જર) વિચિત્ર
Animal (ઍનીમલ) પ્રાણી
Bird (બર્ડ) પક્ષી
Air (ઍર) હવા

Wings (ઉવિંગ્ઝ) પાંખો
Mouse (માઉસ) ઉંદર
It looks like a mouse with wings પાંખોવાળા ઉંદરના જેવું તે દેખાય છે

Feathers (ફેધર્સ) પીછાં
Thin (થિન) પાતળા
Skin (સ્કિન) ચામડી
All over (ઑલ ઓવર) સઘળે, બધે
Soft (સૉફ્ટ) નરમ
Fur (ફર) રૂંવાં
Is covered=ઢંકાયેલું હોય છે
Is covered with fur=તે નરમ રૂંવાંથી ઢંકાયેલું હોય છે
Beaks (બીક્સ) ચાંચો
Pick up (પિક અપ)ઊંચકી લે છે
Food (ફુડ) ખોરાક
Teeth (ટીથ) દાંત
Sharp (શાર્પ) તીણા
Bite (બાઇટ) કરડવું
Hard (હાર્ડ) સખત
Suckle (સકલ) ધવડાવે છે
Young ones (યંગ વન્સ) બચ્ચાં
Ears (ઇઅર્સ) કાન
Heads (હેડ્ઝ) માથાં
Most (મોસ્ટ) ઘણાખરા
Hard (હાર્ડ) અઘરૂં
To find (ટુ ફાઇન્ડ) ખોળી કાઢવું, તપાસ કરવી
Large (લાર્જ) મોટા

Kind (કાઇન્ડ) જાત
As long as (ઍઝ લૉન્ગ ઍઝ) જેટલાં લાંબાં
As long as its whole body=તેના આખા શરીર જેટલા લાંબા
Slightest (સ્લાઇટેસ્ટ) ઝીણામાં ઝીણો
Sound (સાઉન્ડ) અવાજ
Beasts (બીસ્ટ્સ) પશુઓ
Feet (ફીટ) પગ (બહુવચન)
Real (રીઅલ) ખરેખરા
Claws (ક્લૉઝ) પંજા
Hind (હાઇન્ડ) પાછલા
Hang up (હૅન્ગ અપ) ટીંગાઇ રહેવું
By which it can hang itself up=જેવડે તે પોતે ઊંચે ટીંગાઇ રહે છે.
Scarcely (સ્કૅર્સ્લિ) ભાગ્યેજ
Move (મુવ) ચાલવું, ખસવું
At all (ઍટ ઑલ) બિલકુલ, તદ્દન
Ground (ગ્રાઉન્ડ) જમીન
It can scarcely move on the ground=તે જમીન ઉપર ભાગ્યે જ ચાલી શકે છે.

It can...air=તે ફક્ત હવામાં આગળ ઊડી શકે છે.
All day long...claws= આખો દિવસ ચામાચેણુ પોતાના પંજાથી ટીંગાઇ રહે છે.
Folded (ફોલ્ડેડ) બીડેલી, વાળેલી
With its wings folded= તેની પાંખો બીડીને (વાળીદઇને)
Downwards (ડાઉનવર્ડ્ઝ) નીચે, નીચે લટકતું
With its head downwards પોતાનું માથું નીચે લટકતું (ઊંધે માથે)
Cave (કેઇવ) ગુફા, બખોલ
Building (બિલ્ડિંગ) મકાન, ઇમારત
Temples (ટેમ્પલ્સ) દેરાં.
Such as...building બખોલ કે જુની ઇમારત જેવી
Full of bats ચામાચેણુથી ભરેલા (ભરપૂર)
Bright light (બ્રાઇટ લાઇટ) પ્રકાશિત અજવાળું
Chase (ચેઇઝ) પાછળ પડવું
Kill (કિલ) મારી નાખવું.
Quite (ક્વાઇટ) તદ્દન

Safely (સેઇફ્લી) સહીસલામત રીતે
Dark (ડાર્ક) અંધારૂં
Sets (સેટસ) આથમે છે, અસ્ત પામે છે
Turn (ટર્ન) ફરવું
Dart (ડાર્ટ) આમ તેમ ફરવું
Swiftly (સ્વિફ્ટલિ) ઝડપથી
Catch (કૅચ) પકડે છે.
Insects (ઇનસેક્ટસ) નાનાં જીવડાં
Flying foxes (ફ્લાઇંગ ફૉક્સીઝ) ઊડતી લોંકડીઓ, વડવાંદરીઓ
Thick (થિક) જાડા
And their heads...foxes અને તેમનાં માથાં કંઇક લોંકડીને મળતાં હોય છે
Shady (શેડિ) છાંયડાવાળાં
Are found (આર ફાઉન્ડ) માલમ પડે છે
In large numbers સંખ્યાબંધ
Together (ટુ ગેધર) એકઠાં, સાથે
And are found in large numbers together અને

હંમેશાં મોટી સંખ્યામાં તેઓ એકઠાં જોવામાં આવે છે
Fruit (ફ્રુટ) મેવો, ફળ,
Sunset (સનસેટ) સૂર્યનું આથમવું તે, સૂર્યાસ્ત
Long lines (લૉંગ લાઇન્સ) લાંબી હારમાં, હારની હાર
May be seen દેખાય છે
May be seen flying through the air હવામાં થઇને ઊડતાં દેખાય છે.
On their way to fruit trees ફળ વાળાં ઝાડ તરફ
That they know of જેઓ વિષે તેઓ જાણતા હોય છે
Feed upon (ફીડ અપૉન) ખાઇને રહે છે.
Screaming (સ્ક્રીમિંગ) ચીસો પાડતાં
Fighting (ફાઇટિંગ) લડતી
Among themselves પોતપોતામાં
Owners (ઓનર્સ) માલિકો
Gardens (ગાર્ડન્સ) બગીચા
To watch (ટુ વૉચ) દેખરેખ રાખવાને, સંભાળ રાખવાને
During the night રાત દરમ્યાન, રાતમાં
Drive away (ડ્રાઇવ અવે) હાંકી મુકે છે

GRAMMAR

Conjunctions (કન્જંક્શન્સ) ઉભ્યાન્વયી અવ્યય
Very often (વેરી ઑફ્ન) ઘણીવાર
Left out (લેફ્ટ આઉટ) છોડી દીધેલું
Understood (અન્ડરસ્ટુડ) અધ્યાહાર
Mean (મીન) નો અર્થ કરવો
Nearly (નીઅર્લિ) લગભગ
Because (બીકૉઝ) કારણ કે

૪. ચામાચીડિયું

ચામાચીડિયું એ ઘણું વિચિત્ર પ્રાણી છે. તે પક્ષી નથી તોપણ તેને પાંખો છે અને તે હવામાં ઊડી શકે છે. તે પાંખોવાળા ઉંદર જેવું લાગે છે. તેની પાંખો પક્ષીની પાંખો માફક પીંછાંની બનેલી નથી, પણ પાતળી ચામડીની બનેલી છે. પક્ષીના આખા શરીર ઉપર

પીછાં હોય છે, પરંતુ ચામાચીડિયાના શરીર ઉપર એક પણ પીછું હોતું નથી. તે નરમ રૂંવાંથી ઢંકાયેલું હોય છે. પક્ષીઓને ચાંચ હોય છે જે વડે તે પોતાનો ખોરાક ઊંચકી લે છે. પણ ચામાચીડિયાને ઉંદરના જેવું મોં અને દાંત હોય છે. તેને ઘણા તીવ્ર દાંત હોય છે અને ઘણી સખત રીતે કરડી શકે છે. પક્ષીઓ ઇંડાં મૂકે છે પણ ચામાચીડિયાને ઉંદરના જેવાં બચ્ચાં હોય છે. તેઓ પોતાનાં બચ્ચાંને ધવડાવે છે.

તમે ઘણા પક્ષીઓના માથા પર એકે કાન જોઇ શકશો નહિ. પક્ષીને કાન હોય છે, પણ તે ઘણા નાના હોય છે અને તેને ખોળી કાઢવાનું ઘણું મુશ્કેલ છે; પણ ચામાચીડિયાને ઉંદરના જેવા મોટા કાન હોય છે. એક જાતના ચામાચીડિયાને તેના આખા શરીર જેટલા લાંબા કાન હોય છે. તે ઝીણામાં ઝીણો અવાજ સાંભળી શકે છે.

પશુ અને પક્ષીઓ બન્નેને પગ હોય છે, અને ચાલી શકે છે, પણ ચામાચીડિયું ચાલી શકતું નથી; તેને ખરેખરા પગ નથી. તેને તેના પાછલા પગ ઉપર પંજા હોય છે જે વડે તે પોતે ટીંગાઇ રહે છે. તે જમીન ઉપર ભાગ્યે જ જરા પણ ચાલી શકે છે. તે માત્ર હવામાં ઊડી શકે છે.

આખો દિવસ ગુફા અથવા જુના મકાન જેવી કોઇ અંધારી જગ્યામાં પોતાની પાંખો વાળી દઇને અને પોતાનું માથું નીચે લટકતું [ઊંધે માથે] રાખીને પોતાના પંજા વડે ટીંગાઇ રહે છે. કેટલાંક દેરાં ચામાચીડિયાથી ભરપૂર હોય છે. ચામાચીડિયું સૂર્યના પ્રકાશિત અજવાળામાં જોઇ શકતું નથી. જ્યારે ચામાચીડિયું દિવસે બહાર ઊડે ત્યારે કાગડાઓ તેની પાછળ પડે છે અને તેને મારી નાખે છે. પણ તે રાત્રે સારી રીતે જોઇ શકે છે, અને તેથી તે અંધારામાં તદ્દન સહી સલામતીથી ઊડી શકે છે.

જેવો સૂર્યાસ્ત થાય છે કે તરતજ બધાં ચામચીડિયાં બહાર નીકળી આવે છે, અને ખોરાક મેળવવાને માટે આમ તેમ ઊડે છે.

તેઓ હવામાં ઘણી ઝડપથી આમ તેમ ફરી શકે છે અને ધસી શકે છે, તેઓ ઊડે છે ત્યારે નાનાં જીવડાં પકડે છે અને ખાઇ જાય છે. કેટલાંક ઘણું મોટાં ચામાચીડિયાં ઊડતી લોંકડીઓ કહેવાય છે તેનાં શરીર જાડાં રૂંવાંથી ઢંકાયેલાં હોય છે, અને તેમનાં માથાં લોંકડીનાં માથાં સાથે કાંઇક મળતાં આવે છે. તેઓ આખો દિવસ છાંયડાવાળા ઝાડમાં તેમના પંજા વડે ટીંગાઇ રહે છે, અને તેઓ મોટા પ્રમાણમાં એકઠાં થયેલાં જોવામાં આવે છે. તેઓ ફળ ખાય છે. સૂર્યાસ્તની વખતે જે ફળવાળાં ઝાડની તેમને ખબર હોય છે તે રસ્તે લાંબી હારોમાં હવામાં ઊડતાં દેખાય છે. આખી રાત માંહોમાંહે બુમો પાડતાં અને લડતાં, તેઓ ફળ ખાઇને રહે છે. ફળનાં બગીચાના માલિકો રાતમાં તપાસ રાખવાને અને ઊડતી લોંકડીઓ જે બધાં ફળ તરતજ ખાઇ જાય છે તેને નસાડવાને માણસો રાખે છે.

---

5. THE BAT, THE BIRDS, AND THE BEASTS

Fought (ફૉટ) લડયાં
Birds of the air હવામાં ઊડનારાં
When (ઉહ્‌વેન) કયારે
Where (ઉહ્‌વેર) કયાં
Battle (બૅટલ) લડાઇ
And so were the birds of the air હવામાં ઊડનારાં પક્ષીઓ પણ તેવાં જ જબરાં હતાં.
Creature (ક્રીચર) પ્રાણી
May have heard સાંભળ્યું હશે
Called himself પોતે પોતાને કહેતું
Cunning (કનિંગ) લુચ્ચું
Fellow (ફેલો) પ્રાણી
To fight (ટુ ફાઇટ) લડવું
Winning side (ઉવિનિંગ સાઇડ) જીતતી (જીતવાળી) બાજુ
Perhaps (પરહૅપ્સ) કદાચ
I'd better tell you that હું ખુશીથી કહીશ કે
Leader (લીડર) આગેવાન

Teeth in my head મારા માથામાં દાંત
Young (યંગ) બચ્ચું
Rather (રાધર) અથવાકે
In your side તમારી તરફ, તમારા પક્ષમાં
Beast of the field રણ-ક્ષેત્રના પશુઓ
Till I die મરી જઇશ ત્યાં સુધી
Will yield (ઉવિલ યીલ્ડ) તાબે થઇશ
The very next day બીજેજ દિવસે
People (પીપલ) લોકો
Were beginning શરૂ કરતા હતા
To lose (ટુ લૂઝ) હારી જવું
Jumped (જમ્પ્ડ) કૂદી પડયો
Fright (ફ્રાઇટ) ધાસ્તી
Rushed off (રશ્ડ ઑાફ) ખસ્યો
To the fight (ફાઇટ) લડાઇમાં
As fast as he could "તેનાથી બન્યું એટલું ઝડપથી
News (ન્યુસ) સમાચાર
Help (હેલ્પ) મદદ
I'll win (ઉવિન) જીતીશ

Soon after this આ પછી તરત જ
Quarrel (ક્વૉરલ) કજિયો
Was mended (મેન્ડેડ) પતાવવામાં આવ્યો
War (ઉવૉર) લડાઇ
Had lasted (લાસ્ટેડ) પહોંચી હતી, ચાલી હતી
Was ended (એન્ડેડ) પૂરી થઇ
Peace (પીસ) સુલેહ
To enjoy (એન્જોય) માં આનંદ લેવો
Splendid (સ્પ્લેન્ડિડ) ભપકાદાર, ખુશનુમા
Feast (ફીસ્ટ) મિજબાની, જમણ
Many a seat (સીટ) ઘણી બેઠકો
Plenty (પ્લેન્ટિ) પુષ્કળ
Had just begun (બીગન) હમણાં જ શરૂ થયો
Fun (ફન) આનંદ, મઝા
Entered (એન્ટર્ડ) પ્રવેશ કીધો
Who do you think (થિંક) તમારા ધારવા પ્રમાણે તે કોણ હોવો જોઇએ
Will guess (ગેસ્સ) અનુમાન કરશો, અટકળ કરશો

Bowed (બાઉડ) સલામ કરીને નમન કર્યું
With a smile (સ્માઇલ) હસીને
Dear friends (ફ્રેન્ડઝ) વ્હાલા મિત્રો
Kept me a place મારા માટે જગા રાખી છે
One and all બધાં
Go away ચાલ્યા જવું
Crept (ક્રેપ્ટ) જતી રહી
Sight (સાઇટ) નજર, દેખાવ
Of their sight તેઓની નજર
Ashamed (ઍશેઇમ્ડ) શરમાઇ
Broad daylight (બ્રૉડ) ધોળે દિવસે
Except (એકસેપ્ટ) સિવાય
No one was about કોઇ ફરતું ન હોય
Reason (રીઝન) કારણ
That is the reason તે કારણ છે
Doubt (ડાઉટ) શંકા, શક
Since then (સિન્સ ધેન) ત્યારથી
Is afraid (ઍફ્રેઇડ) બીએ છે
Den (ડેન) ગુફા
Is ashamed (ઍશેઇમ્ડ) શરમાય છે
Darkness (ડાર્કનેસ) અંધકાર
Deep (ડીપ) પુષ્કળ—ગાઢો, ઊંડો
Are gone to sleep=ઊંઘવા ગયા છે

GRAMMAR

Prepositions (પ્રેપોઝિશન્સ) શબ્દયોગી અવ્યય
Joining (જૉઇનીંગ) જોડનાર
Always (ઑાલવેઝ) હંમેશાં
Lesson (લેસન) ધડો
Out of sight=નજર બહાર

૫. ચામાચીડિયું પક્ષીઓ અને પશુઓ

એક વખત પશુઓને હવામાંના પક્ષીઓ સાથે લડાઇ થઇ. કયારે થઇ તે હું જાણતો નથી અને કયાં થઇ તે હું કહી શકતો નથી. પણ લડાઇ લાંબો વખત ચાલી કારણ કે પશુઓ બળવાન હતા, અને હવામાં ઊડનારાં પક્ષીઓ પણ તેટલાં જ (બળવાન) હતાં. તે વખતે એક નાનું પ્રાણી હતું, તેને વિષે તમે સાંભળ્યું હશે એક દિવસ તે પોતાને પ્રાણી કહેતું, બીજે દિવસે પક્ષી કહેતું.

અને તે લુચ્ચું પ્રાણી હંમેશાં જીતવાળી બાજુએ લડવાને પ્રયત્ન કરતું; કદાચ હું તમને ખુશીથી કહીશ કે આ લુચ્ચું પ્રાણી ચામાચીડિયું હતું. એક દિવસ જ્યારે પશુઓ જીતતા હતા ત્યારે તે તેના આગેવાન પાસે ગયું અને કહ્યું, મારા મિત્રો, હું પશુ છું, જો તમને આમાં શક આવતો હોય તો મારા માથામાંના દાંત તરફ જુઓ. તમે કોઇ દિવસ પક્ષીની ચાંચમાં દાંત જોયા છે? અથવા તમારી જિંદગાનીમાં એક વખત તેને વિષે સાંભળ્યું છે? જેવી રીતે ચામાચીડિયુ અથવા તો તેની સ્ત્રી તેમ એવું કદિ કોઇ પક્ષી છે કે જે તેનાં બચ્ચાંને દૂધ આપે છે? અરે, રણક્ષેત્રના પશુઓ હું તમારા પક્ષમાં લડીશ, હું મરી જઇશ ત્યાં સુધી લડીશ, હું કદિ તાબે થઇશ નહિ. બીજે દિવસે તેણે લોકોને એવું કહેતાં સાંભળ્યા કે પશુઓ હારવા લાગ્યાં, જ્યારે તેણે આ સમાચાર સાંભળ્યા, ત્યારે તે ધાસ્તીમાં કૂદયું, અને તેનાથી બને તેટલી ઝડપથી લડાઇ તરફ ધસ્યું. તે પક્ષીઓની મદદે ગયું અને કહ્યું, જુઓ મારી માફક હવામાં કોઇ પક્ષી ઊડી શકે છે? હું અહીં ઊડીશ, ત્યાં ઊડીશ અને હું હવામાં ઊડતા પક્ષીઓ માટે લડાઇ જીતીશ.

આ પછી તરત જ કજિયો પતાવવામાં આવ્યો, અને જે લડાઇ આટલી લાંબી ચાલી હતી તે પૂરી થઇ. સુલેહની વખતે પશુઓ પક્ષીઓ બધા સાથે ભપકાદાર મિજબાનીમાં આનંદ લેવા એકઠાં થયાં. ત્યાં ઘણી બેઠકો હતી, પુષ્કળ ખાવાનું, પુષ્કળ પીવાનું પણ હતું. અને જ્યારે આનંદ શરૂ થયો કે તરત જ ત્યાં આવ્યું. તમારા ધારવા પ્રમાણે તે કોણ હોવું જોઇએ? તમે તરત જ અનુમાન કરશો કે તે આપણો મિત્ર ચામાચીડિયું હતો. તેણે નમન કર્યું અને પોતાના ચહેરા પર હાસ્ય લાવીને કહ્યું, વ્હાલા મિત્રો હું ધારૂં છું કે તમે મારા માટે જગ્યા રાખી હશે. પશુઓએ કહ્યું તું પક્ષી છે. પક્ષીઓએ કહ્યું તું પશુ છે. પણ બધાં સાથે બોલ્યા, અમારી મિજબાનીમાંથી ચાલ્યું જા. તેથી ગરીબ નાનું ચામાચીડિયું તેમની

નજરથી દૂર જતું રહ્યું, અને બીજે દિવસે દેખાવમાં આવવાને શરમાઇ ગયું, અને તે દરમાં સંતાઇ ગયું, અને જ્યારે કોઇ આસપાસ ફરતું ન હોય ત્યારે રાત્રિ સિવાય કદિ બહાર નીકળ્યું નહિ, અને તેજ કારણ છે જેને માટે શંકા નથી કે શામાટે દરેક ચામાચીડીયુ ત્યારથી રહ્યું છે, તે બીહે છે અને ગાઢા અંધકારથી તે જાણે છે કે પશુઓ અને પક્ષીઓ ઉંઘવા ગયા છે ત્યાં સુધી તે પોતાની ગુફામાંથી બહાર આવવાને શરમાય છે.

---

6. THE CATS WHO WENT TO LAW

Once on a time એક વખતે
Lived (લિવ્ડ) રહેતી
Same (સેઇમ) એકજ
Town (ટાઉન) શહેર
Afternoon (આફ્ટરનુન) બપોરે
One afternoon એક દિવસે બપોરે
For a walk ફરવાને
Together સાથે
Window (ઉવિન્ડો) બારી.
With an open window ખુલ્લી બારીવાળા
Pass (પાસ) જવું, પસાર થવું, પેસવું
Without (ઉવિધાઉટ) વગર, સિવાય
Peeping(પીપિંગ) ડોકિયું કરતાં
Stopped (સ્ટૉપ્ડ) થોભી ગઇ, ઊભી રહી
At the same time તેજ વખતે
Cake (કેઇક) રોટલો, પુરી
Table (ટેબલ) મેજ
Jumped (જમ્પડ) કૂદી, કૂદકા માર્યા
Lightly (લાઇટલિ) ધીમેથી, આસ્તેથી
Sprang (સ્પ્રૅન્ગ) કૂદકો મારી ચઢી ગઇ
Seized (સીઝ્ડ) ઉપાડી લીધાં, પકડી લીધાં
Pulled (પુલ્ડ) ખેંચાખેંચ કરવા લાગી
Broke (બ્રોક) ભાંગી નાખ્યા
Pieces (પીસીઝ) કકડા

Till it broke into pieces જ્યાંસુધી તેના કકડા થયા ત્યાંસુધી
Was holding પકડ્યો હતો
Leapt (લેપ્ટ) કૂદી પડી
Ground (ગ્રાઉન્ડ) જમીન
Outside (આઉટસાઇડ) બહારની બાજુએ
Brought (બ્રૉટ) આણ્યાં
Ought to have (ઑટ) લેવો જોઇએ
Equal (ઇક્વલ) સરખો
Share (શૅર) ભાગ
Won't=will not
Give up છોડી દેવું
You shall તારે છોડી દેવો પડશે
Fight (ફાઇટ) લડવું
Scratch (સ્ક્રૅચ) નહોર મારવા
Cunning (કનિંગ) લુચ્ચો
Monkey (મન્કી) વાંદરો
Wall (ઉવૉલ) દિવાલ
Agree (ઍગ્રી) વિચારમાં એક થવું.
Law (લૉ) કાયદો
Why don't you go to the law તમે કોર્ટમાં કેમ જતા નથી?
Judge (જજ) ન્યાયાધીશ
Will settle (સેટલ) ચૂકવશે
Case (કેઇસ) દાવો, મુકદ્દમો
Properly (પ્રોપર્લિ) બરાબર રીતે
The judge...properly ન્યાયાધિશ તમારી બન્ને વચ્ચેની તકરાર બરોબર રીતે ચૂકવશે.
Let us go to law ચાલો આપણે કોર્ટમાં જઇએ
Held (હેલ્ડ) ભરી
Court (કોર્ટ) કચેરી
Nice (નાઇસ) સુંદર
Shady (શેડિ) છાંયડાવાળી
Top (ટૉપ) મથાળું
Larger (લાર્જર) વધારે મોટા
Let me make sure મારી ખાત્રી કરવા દો.
Will weigh (ઉવિલ વે) તોળીશ
Scales (સ્કેઇલ્સ) ત્રાજવાં
Scale-pan (સ્કેઇલ પૅન) ત્રાજવાનું પલ્લું
It is just as I thought તે મારા ધાર્યા પ્રમાણે છે જ
Heavier (હેવીઅર) વધારે ભારે
A little (લિટલ) જરા થોડો

Lighter (લાઇટર) વધારે હલકો
Remarked (રીમાર્કડ) સૂચના કરી, ટીકા કીધી
Bit off (બિટ ઑફ્) કરડી ખાધો
Feel (ફીલ) લાગવું
Uneasy (અનઇઝિ) બેચેન
Began to feel uneasy ને ચટપટી થવા લાગી
Mind (માઇન્ડ) દરકાર રાખવી
Quite (ક્વાઇટ) તદ્દન, બિલકુલ
Satisfied (સેટિસ્ફાઇડ) સંતોષ પામ્યા
Dear (ડીઅર) વહાલી,
Ladies (લેડીઝ) બાઇઓ
Replied (રીપ્લાઇડ) જવાબ આપ્યો
Upright (અપ રાઇટ) ન્યાયી, નિષ્પક્ષપાતી
Must be made કરવા જોઇએ
Equal (ઇક્વલ) બરાબર
Till at last...left આખરે એ નાના કકડા રહ્યા ત્યાં સુધી
Were left (ૡેર લેફ્ટ) બાકી રહ્યા
Trial (ટ્રાયલ) તપાસણી
Is over (ઇઝ ઓવર) પૂરી થઇ

Just [જસ્ટ] ચોક્કસ રીતે, બરોબર રીતે
Size (સાઇઝ) કદ
Weight (ૡેઇટ) વજન
Are of...weight કદ અને વજનમાં ચોક્કસ રીતે બરોબર છે
Trouble (ટ્રબલ) મહેનત, તસ્દી
For nothing (નથિંગ) નકામી
Must have મળવું જોઇએ
Fee (ફી) લવાજમ
Trying (ટ્રાઇંગ) મુકદ્દમો (કેસ) ચલાવવાનું
Crammed (ક્રૅમ્ડ) ગટ કરી ગયો
He crammed......mouth જે બાકી રહ્યું તેને તે પોતાના મોંમાં મૂકી ગટ કરી ગયો
Dismissed (ડિસ્મિસ્ડ) બરખાસ્ત કીધી
This......law કોર્ટ જવાથી એ બિલાડીને આ મળ્યું

GRAMMAR

Interjection (ઇન્ટરજેક્શન) કેવળપ્રયોગી અવ્યય
Belong (બીલોંગ) નું હોવું
Mark (માર્ક) ચિન્હ

Really (રીઅલિ) ખરી રીતે | Surprized (સરપ્રાઇઝ્ડ) આશ્ચર્ય પામેલો
Afraid (અફ્રેઇડ) બીધેલો

૬. બિલાડીઓ જે કોર્ટમાં ગઇ તે.

એક વખત બે બિલાડીઓ હતી કે જે એકજ શહેરમાં રહેતી હતી અને તે ખાસ મિત્ર હતી. એક દિવસે બપોરે તેઓ સાથે ફરવાને નીકળી અને એક ખુલ્લી બારીવાળા ઘર પાસે આવી. બિલાડીઓ કદી ઉઘાડી બારીમાં ડોકિયું કર્યા સિવાય અંદર પેસતી નથી. તે બે બિલાડીઓ ઊભી રહી અને ઓરડામાં જોતાં તેઓ બન્નેએ એકીવખતે મેજપર એક રોટલો જોયો. ઓરડામાં કોઇ હતું નહિ તેથી બન્ને બિલાડીઓ ધીમેથી અંદર કૂદી પડી અને ટેબલ પર કૂદકો મારી ચઢી ગઇ. તેઓએ રોટલો ઉપાડી લીધો અને જ્યાં સુધી તેના બે કકડા થયા ત્યાં સુધી ખેંચાખેંચ કરી. દરેક બિલાડીએ જે કકડો પકડયો હતો તે લીધો અને બહારની બાજુએ જમીન ઉપર કૂદી પડી. પછી તેઓ રોટલો ખાવાને વાડીમાં દોડી ગઇ. પણ એક કકડો બીજા કરતાં મોટો હતો. એક બિલાડીએ કહ્યું, આ કકડો મારો છે, હું તે અહીં લાવી છું, બીજીએ કહ્યું, અરે નહિ, આપણે બન્નેએ એકી વખતે રોટલો જોયો છે, આપણામાંના દરેકે સરખો ભાગ લેવો જોઇએ. પહેલી બિલાડીએ કહ્યું, હું મારો કકડો છોડીશ નહિ. બીજીએ જવાબ આપ્યો, તારે છોડી દેવો પડશે. પછી તેઓ લડવા લાગી અને એક બીજાને નહોર દેવા લાગી.

એક લુચ્ચો વાંદરો વાડીની દિવાલ પર બેઠો હતો. શા માટે તમે રોટલા માટે લડો છો? તમે વિચારમાં એકમત થતા નથી તો તમે કોર્ટમાં કેમ જતા નથી? ન્યાયાધીશ તમારા બન્ને વચ્ચેની તકરાર બરોબર રીતે પતાવશે, અને બિલાડીએ કહ્યું. હા, હા, ચાલો આપણે કોર્ટમાં જઇએ. તેથી બિલાડીઓ કોર્ટમાં ગઇ. વાંદરો ન્યાયાધીશ હતો. અને દિવાલના મથાળા પર સુંદર છાંયડાવાળી જગ્યામાં પોતાની કચેરી તેણે ભરી. તેણે શરૂ કર્યું, હા, હું સમજું-

શું. આ કકડો બીજા કરતાં મોટો દેખાય છે, પણ મારી ખાત્રી કરવા દો. હું તેને તોળીશ. તેથી તેણે ત્રાજવું ઉપાડયું, અને દરેક ત્રાજવાના પલ્લામાં એકેક કકડો મૂકીને રોટલાના બન્ને કકડા તોળ્યા. ન્યાયાધીશે કહ્યું, તે મારા ધારવા પ્રમાણે છેજ. આ કકડો તેના કરતાં મોટો છે. મારે તે જરા વધારે હલકો કરવો જોઇએ, તેથી તેણે મોટા કકડામાંથી થોડો કરડી ખાધો, અને ત્રાજવાના પલ્લામાં તે પાછો મૂકયો. તેણે ટીકા કરી કે હવે બીજો કકડો વધારે ભારે છે, અને તેમાંથી થોડો કરડી ખાધો. હવે બિલાડીઓને ચટપટી થવા લાગી. તેઓએ કહ્યું રોટલો અમને પાછો આપો. એક કકડો બીજા કકડા કરતાં વધારે મોટો છે તેની અમને પરવા નથી. અમે તદ્દન સંતોષ પામ્યા છીએ. નિષ્પક્ષપાતી ન્યાયાધીશે જવાબ આપ્યો, મારી વહાલી બાઇઓ, જો તમે સંતોષ પામ્યા છો પણ કોર્ટ (કચેરી) સંતોષ પામી નથી. બન્ને કકડા તદ્દન સરખા થવા જોઇએ. તેથી તેણે આખરે જ્યાંસુધી બે નાના કકડા રહ્યા ત્યાં સુધી પહેલાં એક કકડો અને પછી બીજો કકડો કરડવાનું ચાલુ રાખ્યું. ન્યાયાધીશે કહ્યું, હવે તપાસણી પૂરી થઇ છે. આ બે કકડા કદ અને વજનમાં ચોક્કસપણે સરખા છે. બિલાડીઓએ કહ્યું, તે અમને આપી દો. વાંદરાએ જવાબ આપ્યો, ખરેખર નહિ, શું તમે એમ ધારો છો કે મેં આ મહેનત નકામી કરી છે? મુકદ્દમો ચલાવવાનું મને લવાજમ મળવું જોઇએ. તેણે આમ કહ્યું કે તરતજ તેના મોઢામાં જે બાકી રહ્યું તે ગટ કરી ગયો. અને કચેરી બરખાસ્ત કરી. કોર્ટ જવાથી બે બિલાડીને જે મળ્યું તે આ હતું.

---

7. SPEAK GENTLY

Gently (જેન્ટલિ) નમ્રતાથી	Love (લવ) પ્રીતિ
Better far ઘણુંજ સારૂં	Fear (ફીઅર) બીક, ધાસ્તી
To rule અધિકાર ચલાવવો	Harsh (હાર્શ) કઠોર, અપ્રિય

Words (ઉવર્ડ્ઝ) શબ્દો
Mar (માર) અટકાવવું
Good (ગુડ) ભલું
Here (હીઅર) આ દુનિયામાં
Sure (શ્યોર) ખાતરીથી
To gain (ગેઇન) મેળવવું, પ્રાપ્ત કરવું
Teach (ટીચ) શીખવવું
Tones (ટોન્સ) અવાજ
Mild (માઇલ્ડ) નરમાશ ભરેલા
Remain (રીમેઇન) રહેવું
Aged (એઇજેડ) ઘરડા વૃદ્ધ
Grieve (ગ્રીવ) સંતાપ આપવો
Care-worn (કેર ઉર્વોર્ન) ચિન્તાથી ઘસાઇ ગએલું
Course (કોર્સ) માર્ગ
Nearly (નિઅર્લી) લગભગ
Is run (ઇઝ રન) વહી ગયો છે
Peace (પીસ) શાન્તિ, સુલેહ
Depart (ડીપાર્ટ) આ દુનિયા છોડવી, મરણ પામવું
Kindly (કાઇન્ડલિ) માયાથી
Endure (એન્ડયોર) સહન કરવું
Unkind (અનકાઇન્ડ) અપ્રિય, માયા રહિત, પ્રીતિ રહિત
Joy (જોય) આનંદ, મઝા
Bring (બ્રિંગ) લાવવું, આણવું, પ્રાપ્ત કરવું .

GRAMMAR

Subject (સબજેક્ટ) કર્તા
Predicate (પ્રેડિકેટ) ક્રિયાપદ
Generally (જનરલિ) ઘણું કરીને
Expressed (એક્સ્પ્રેસ્ડ) બતાવેલું
Understood (અંડરસ્ટડ) અધ્યાહાર
Order (ઑર્ડર) હુકમ
Leave out છોડી દઇએ છીએ
Go away ચાલ્યો જા.
Sit down નીચે બેસો
Stand up ઊભા થાઓ
Come out બહાર આવો
Ran off દોડી ગયા
Care worn ચિંતાતુર
Cunning (કનિંગ) લુચ્ચો
Loudly (લાઉડલિ) મ્હોટેથી

૭ નમ્રતાથી બોલો

નમ્રતાથી બોલો! ધાસ્તીથી અધિકાર ચલાવવો તેના કરતાં પ્રીતિથી અધિકાર ચલાવવો એ ઘણું જ સારૂં છે નમ્રતાથી બોલો! આ દુનિયામાં આપણે જે ભલું કરીએ તેને કઠોર શબ્દોથી અટકાવો

નહિ. નાના બાળકો સાથે નમ્રતાથી બોલો. તેનો પ્રેમ ખાત્રીથી પ્રાપ્ત કરશો; તેને નમ્ર અને ધીમા અવાજે શીખવો, તે લાંબો વખત રહે નહિ.

ઘરડાં સાથે નરમાશથી બોલો; ચિંતાથી ઘસાઇ ગયેલા અંતઃકરણને સંતાપ આપો નહિ. જીવનનો માર્ગ લગભગ વીતી ગયો છે, આવાને શાંતિમાં આ દુનિયા છોડવા દો. ગરીબ તરફ નમ્રતાથી અને માયાથી બોલો, કોઇ કઠોર અવાજ સંભળાવવા દો નહિ, તેઓને પૂરતું છે જે તેઓએ અપ્રિય શબ્દો સિવાય સહન કરવું જોઇએ. નમ્રતાથી બોલો, તે નજીવી વાત છે, અને તે સારી રીતે કરવાને પ્રયત્ન કરો. જે ભલું ને આનંદને પ્રાપ્ત કરે તે ભવિષ્યમાં લાંબા વખત સુધી જણાશે.

---

8. THE ROSE

Rose (રોઝ) ગુલાબ
Lovely (લવ્લિ) ખુશનુમા, પ્રિય લાગે એવું
Flower (ફ્લાવર) ફુલ
Smell (સ્મેલ) સુગંધી આપે છે
Sweet (સ્વીટ) મીઠાશ
Beautiful (બ્યુટિફુલ) ખૂબસૂરત
World (ઉવર્લ્ડ) દુનિયા
Beautiful and sweet as the rose ગુલાબના જેવું ખૂબસૂરત અને મીઠી વાસવાળું
Queen of flowers (ક્વીન ઑફ ફ્લાવર્સ) ફુલોમાં સર્વથી ઉત્તમ ફુલ, ફુલ શિરોમણિ
Grows wild (ગ્રોઝ વાઇલ્ડ) વગર વાવે પુષ્કળ ઊગે છે
Garden (ગાર્ડન) વાડીના
England (ઇંગ્લૅંડ) યુરોપમાં એક દેશ છે. આંગ્લભૂમિ
Perfect [પરફેક્ટ] સમ્પૂર્ણ
Varieties [વૅરાઇટીઝ] જાતો
Small [સ્મૉલ] નાનાં
Different [ડિફ્રન્ટ] જુદાં જુદાં
Colours [કલર્સ] રંગો
White [ઉવ્હાઇટ] સફેદ
Red [રેડ] લાલ
Yellow [યલો] પીળા
There is a colour that

is known as rose colour
એક એવો રંગ છે કે જેને
ગુલાબી રંગ કહે છે
Pink (પિન્ક) લાલ
Tint (ટિન્ટ) રંગ
Cheeks (ચીક્સ) ગાલો
Cold (કોલ્ડ) ઠંડા
Countries (કન્ટ્રીઝ) દેશો
Sign સાઇન) નિશાની, ચિન્હ
Health (હેલ્થ) તંદુરસ્તી
Bushes (બુશીઝ) નાના રોપાઓ
Sharp (શાર્પ) અણીદાર, તીવ્ર
Thorns (થૉર્ન્સ) કાંટા
Prick (પ્રિક) ભોંકવું, ઘોંચવું
Finger (ફિંગર) આંગળી
Touch (ટચ) અડકવું
Sweetest (સ્વીટેસ્ટ) ઘણી જ
મીઠી વાસના, ખરા ગુલાબ
Sharpest (શાર્પેસ્ટ) ઘણાં જ
તીણાં, ઘણાં જ તીવ્ર
Lovely (લવ્લિ) અતિસ્વરૂપ
Queen (ક્વીન) રાણી
Delh (દિલ્હી) હિંદુસ્તાનમાં
એક પ્રખ્યાત શહેર છે.
Named (નેઇમ્ડ) નામની
The light of the world
દુનિયાનું તેજ (નુર=તેજ+જહાન
દુનિયા=દુનિયાનું તેજ) જહાંગીર
બાદશાહની બેગમનું નામ છે
Husband (હસ્બન્ડ) ધણી
Mughal (મુગલ) મોગલ વંશનો
Emperor (એમ્પરર) બાદશાહ
Jehangir (જહાંગીર) જહાંગીર
Often (ઑફ્ન) વારંવાર
Used to have (યુઝ્ડ ટુ હૅવ)
વાપરવાની ટેવ હતી
Bath (બાથ) નહાવાનું પાણી
She often...water પાણીમાં
ખુશબો લાવવાને પુષ્કળ ગુલા-
બનાં ફુલો નાખીને વાપરવાની
ટેવ હતી
To scent (સેન્ટ) [ખુશબોદાર
કરવું
Were left (વેર લેફ્ટ) રહેવા
દીધા
The queen happened to
look at it એવું બન્યું કે
બેગમની નજર તેના ઉપર પડી
Sort (સૉર્ટ) જાત
Oil (ઑઇલ) તેલ
Floating (ફ્લોટિંગ) તરતું
(પાણી ઉપર)
Top (ટૉપ) મથાળું
Touched (ટચ્ડ) અડક્યો

Handkerchief (હૅન્ડકરચીફ) [રૂમાલ
Scent (સેન્ટ) વાસ
Attar (અત્તર) અત્તર
Perfume (પરફ્યુમ) સુગંધી અત્તર
Finest (ફાઇનેસ્ટ) સર્વોત્તમ
Otto of Roses (ઑટ્ટો) ગુલાબનું અત્તર
Is grown (ગ્રોન) વાવવામાં આવે છે, વવાય છે.
Largely (લાર્જલિ) પુષ્કળ, જથ્થાબંધ
Persia (પર્શ્યા) એશિયા ખંડમાં એક દેશ છે, ઇરાન
Turkey (ટર્કિ) તુર્કસ્તાન
Cashmere (કાશ્મીર) ઉત્તર હિંદુસ્તાનમાં એક પ્રાન્ત છે
For the sake of (સેઇક) ને લીધે, ને માટે
Rose-water (રોઝ-વૉટર) ગુલાબજળ
Rare (રૅર) દુર્લભ
Costly (કૉસ્ટલિ) ભારે કિંમતનું, મોંઘું
Freshly (ફ્રેશ્લિ) તાજે તાજાં
Picked (પિક્ડ) તોડેલાં, ચુટેલા
Closed (ક્લોઝ્ડ) બંધ કીધેલું
Vessel (વેસલ) વાસણ
Is heated (હીટિડ) તપાવવામાં આવે છે. ની નીચે તાપ કરવામાં આવે છે
Vapour (વેપર) વરાળ
Rises (રાઇઝીઝ) ઊંચે ચઢે છે.
Tube (ટ્યુબ) નળી
Cold (કોલ્ડ) ઠંડુ
It again becomes water તેનું (વરાળનું) પાછું પાણી થઇ જાય છે
Shallow (શૅલો) છીછરા
Pans (પૅન્સ) કથરોટ
Carefully (કૅરફુલ્લી) સંભાળથી, સાવચેતપણે
Is skimmed (ઇઝ સ્કિમ્ડ) ઉપર ઉપરથી લઇ લેવું
Feather (ફેધર) પીછું
Valuable (વૅલ્યુએબલ) કિંમતી
It takes...tola એક તોલો (રૂપીયાભાર) અત્તર તૈયાર કરવાને એક લાખ ફુલ જોઇએ છીએ.
Weight (વેઇટ) વજન
Often (ઑફન) વારંવાર
Is sold [સોલ્ડ] વેચવામાં આવે છે
Rich (રિચ) શ્રીમંત, પૈસાદાર
Invite (ઇન્વાઇટ) આમંત્રણ કરે છે, બોલાવે છે

Visitors (વિઝિટર્સ) મુલાકાત લેનાર
Sprinkle (સ્પ્રિંકલ) છાંટે છે
Sometimes (સમટાઇમ્સ) કોઇ કોઇ વાર
When they leave (લીવ) ઊઠીને જતી વખતે, જ્યારે તેઓ જાય છે.

GRAMMAR

Classes (ક્લાસીઝ) ભાગ
Proper noun (પ્રૉપર નાઉન) વિશેષ નામ
Belonging (બીલૉંગિંગ) ને લાગુ પડતું, ને લગતું
Common noun (કૅમન) સામાન્ય નામ
Animal (ઍનિમલ) પ્રાણી
Abstract noun (ઍબસ્ટ્રૅક્ટ) ભાવવાચક નામ.
Beauty (બ્યુટી) ખૂબસૂરતી
Sweetness (સ્વીટનેસ) મીઠાશ
Abstract (ઍબસ્ટ્રૅક્ટ) ખેંચી, કાઢેલું
Thought (થૉટ) વિચાર
By itself (ઇટસેલ્ફ) જાતે
Collective (કલેક્ટિવ) જથ્થા વાચક
Army (આર્મિ) લશ્કર
Flock (ફ્લૉક) ટોળું
Material noun (મટિરીયલ) પદાર્થવાચક નામ
Iron (આયર્ન) લોઢું
Sugar (શુગર) ખાંડ
Strength (સ્ટ્રેન્થ) જોર
Kindness (કાઇન્ડનેસ) મહેરબાની

૮. ગુલાબનું ફૂલ

ગુલાબ એ સુંદર ફુલ છે. બીજાં કેટલાંક ફુલો છે જે તેના જેટલી સુગંધ આપે છે. પરંતુ એટલાં ખૂબસૂરત નથી. બીજાં ફુલો છે જે એટલા જ ખૂબસૂરત છે પણ તે એટલી મીઠી સુગંધ આપતાં નથી. દુનિયામાં એવું કોઇ ફુલ નથી કે જે ગુલાબ જેવું ખૂબસૂરત અને મીઠી સુગંધવાળું બન્ને હોય. તેટલા માટે તે ફુલોની રાણી (ફુલ શિરોમણિ) કહેવાય છે.

દુનિયાના ઘણાખરા ભાગમાં ગુલાબ પુષ્કળ ઉગે છે. પણ જંગલમાં ઊગેલાં ગુલાબ વાડીમાં ઊગેલ ગુલાબ જેટલાં મોટાં ખૂબ

સૂરત કે મીઠી સુગંધીવાળાં હોતાં નથી. ઇગ્લાંડમાં દરેક વાડીમાં આ મીઠી સુગંધીવાળું ફુલ દેખાય છે, અને તેના વિના કોઇ પણ વાડી સંપૂર્ણ ન હોય. ગુલાબની સેંકડો જાતો હોય છે, કેટલાંક મોટાં ને કેટલાંક નાનાં. તે જુદા જુદા રંગના હોય છે, કેટલાંક ધોળાં, કેટલાંક રાતાં, કેટલાંક પીળાં. એક એવો રંગ છે કે જેને ગુલાબી રંગ કહે છે, જે છોકરાં ઠંડા દેશમાં રહે છે તેમના ગાલ પર તે ગુલાબી રંગ દેખાય છે, અને તે તંદુરસ્તીની નિશાની છે. ગુલાબ મોટાં ઝાડ પર ઉગતાં નથી, પણ નાના છોડો (રોપાઓ) પર ઉગે છે. આ રોપાઓને વારંવાર તીણાં કાંટા હોય છે, જો તમે તેને અડકો તો તે તમારી આંગળીમાં ભોંકાઇ જશે. સૌથી મીઠાં ગુલાબને ઘણાં તીણાં કાંટા હોય છે.

એક વખત દિલ્હીમાં નુરજહાં અથવા દુનિયાનું તેજ એ નામની એક ખૂબસૂરત રાણી હતી. તેનો ધણી જહાંગીર નામે મહાન મોગલ બાદશાહ હતો. તેણી પાણીમાં ખુશબો લાવવાને પોતાનાં નાહાવાનાં પાણીમાં વારંવાર ગુલાબનાં ફુલો નાંખતી. એક વાર એ ત્રણ દિવસ ગુલાબનાં ફુલો પાણીમાં રહી ગયાં. એવું બન્યું કે રાણીની નજર તે પર પડી અને પાણી ઉપર એક જાતનું તેલ તરતું જોયું. તે પોતાના રૂમાલથી તેને અડકી, અને તેને માલમ પડયું કે તેમાં ઘણી મધુર વાસ છે. તેણે તેનું જહાંગીરનું અત્તર અથવા જહાંગીરની સુગંધી એવું નામ આપ્યું. હિંદુસ્તાનમાં સર્વોત્તમ અત્તર હોવાથી તે હવે અત્તર કહેવાય છે. તેને યુરોપમાં ગુલાબનું અત્તર કહે છે.

ગુલાબ ઇરાન, તુર્કસ્તાન અને કાશ્મીરના બગીચામાં તેમાંથી જે સુગંધી અત્તર બને છે તે માટે જથ્થાબંધ ઉગાડવામાં આવે છે. અત્તર બે જાતનું હોય છે. ગુલાબજળ કહેવાતું સામાન્ય જાતનું અને ગુલાબનું અત્તર જે ઘણું દુર્લભ અને ભારે કિંમતી હોય છે. થોડાં તાજાં તોડેલાં ગુલાબને એક બંધ વાસણમાં થોડા પાણી

સાથે મુકીને ગુલાબજળ બનાવવામાં આવે છે. પછી વાસણને તપાવે છે. જે વરાળ ઉંચે ચઢે છે તેને નળીમાં થઇને એક ઠંડા વાસણમાં પસાર કરે છે, જ્યાં તેનું ફરીવાર પાણી થાય છે. આ ગુલાબજળ છે. ગુલાબજળમાંથી ગુલાબનું અત્તર બનાવાય છે. ગુલાબજળને મોટી છીછરી કડાઇમાં રેડે છે, તે વાસણને કેટલા દિવસ સુધી બહાર હવામાં મૂકે છે. રાત્રિના વખતે પાણીના મથાળે થોડું તેલ તરી આવે છે. આ એક પીંછાથી સંભાળથી લઇ લેવામાં આવે છે. તે તેલ ગુલાબનું અત્તર છે. તે બહુ કિંમતી છે. એક તોલો અથવા એક રૂપિયાભાર અતર તૈયાર કરવાને એક લાખ ગુલાબનાં ફુલ જોઇએ છે. આ વારંવાર સો રૂપિયે વેચાય છે. જ્યારે પૈસાદાર માણસો મુલાકાત લેનારને પોતાને ઘેર આમંત્રણ કરે છે ત્યારે ઊઠીને જતી વખતે તેઓના ઉપર ગુલાબજળ છાંટે છે અને કોઇવાર ગુલાબનું અત્તર છાંટે છે.

---

9. THE TAILOR AND THE CARPENTER.

Tailor (ટેઇલર) દરજી
Carpenter (કારપેન્ટર) સુથાર
On a journey (જર્ની) મુસાફરીએ
Set out (સેટ આઉટ) બહાર નીકળ્યા, ચાલ્યા
Story (સ્ટોરિ) વાર્તા
Bygone (બાઇગૉન) પ્રાચીન, જૂના સમયની
Tall and stout (ટૉલ ઍન્ડ સ્ટાઉટ) ઊંચો અને મજબૂત
Small but bold ઠીંગણો પણ બહાદુર
Lay through (થ્રુ) માં થઇને જતો હતો
Deep dark (ડીપ ડાર્ક) ગાઢું અંધારૂં.
Wood (વૂડ) જંગલ
Through (થ્રુ) માં થઇ.
Bushes (બુશીઝ) ઝાડીઓ
Rocks (રૉકસ) ખડકો
Led (લેડ) દોરવાતો હતો.
Fierce (ફીઅર્સ) ક્રૂર
Wild (વાઇલ્ડ) જંગલી
What should we do? આપણે શું કરવું ?

Drive away (ડ્રાઇવ અવે) હાંકી કાઢવું.
Boastfully (બોસ્ટ ફુલિ) ગર્વ-થી, અભિમાનથી
Do not fear (ફીઅર) બ્હીશ નહિ, ગભરાતો નહિ
Harm (હામ) નુકશાન, ઇજા, હરકત
While I am here (ઉવ્હાઇલ આઇ એમ હીઅર) જ્યાં સુધી હું અહીં છું
Scarcely (સ્કૅર્સ્લી) ભાગ્યેજ.
Trust me (ટ્રસ્ટ મી) મારા પર વિશ્વાસ રાખો
Big (બિગ) મોટું
Brown (બ્રાઉન) ભુરૂં, રાખોડી રંગનું
Bear (બેર) રીંછ
Rushed out (રશ્ડ આઉટ) ધસી આવ્યું
Would have laughed out (લાફ્ડ) હસી કાઢ્યું હોત
Fright (ફ્રાઇટ) બીક, ધાસ્તી, ભય
Nearest (નીયરેસ્ટ) છેક પાસેના
Quickly (ક્વિક્લિ) જલદીથી
Climbed (ક્લાઇમ્ડ) ચઢી ગયો

Lofty (લૉફ્ટિ) ઊંચું
Gave not a single thought (થૉટ) જરા પણ વિચાર આવ્યો નહિ
Just before થોડા વખત અગાઉ
Had promised (પ્રૉમિસ્ડ) વચન આપ્યું હતું
To save (સેવ) બચાવવાને
Made not a sound (સાઉન્ડ) જરા અવાજ કીધો નહિ
Instead (ઇનસ્ટેડ) ને બદલે
Running away (રનિંગ અવે) દોડી જવું
Quite still (ક્વાઇટ સ્ટિલ) તદન શાંત [મરી ગએલો હોય તેમ]
Showed (શોડ) બતાવ્યું
Not only (નૉટ ઓન્લિ) માત્ર એટલુંજ નહિ
Cunning (કનિંગ) લુચ્ચો
Walked (ઉવૉક્ડ રાઉન્ડ) (તેની) આસપાસ ફર્યો
Sniff (સ્નિફ) ઊંચો શ્વાસ લઇને સૂંઘવું
At his hair (હેર) (માથાના) વાળ તરફ, નિમાળા તરફ
Grunting [ગ્રન્ટિંગ] ગુરગુર અવાજ કરીને

As much as to say જાણે કહેતો હોય તેમ
Why (વ્હાઇ) હે ! અરે !
Fellow is dead એ શખસ તો મરી ગયો છે
I do declare (ડીક્લેર) હું ખાત્રીથી કહું છું
Grew (ગ્ર્યુ) થયો
Did whisper (વ્હિસ્પર) કાનમાં કહ્યું
Boaster (બોસ્ટર) ગપ્પીદાસ, અભિમાની
Having nothing to do with a boaster ગપ્પીદાસનું કાંઇ કામ નથી
Warning (વૉર્નિંગ) ચેતવણી
Intend (ઇન્ટેન્ડ) ઇરાદો રાખવો
Advice (ઍડવાઇસ) શિખામણ
Good morning (ગુડ મોર્નિંગ) સલામ (સવારની)

GRAMMAR

Kind (કાઇન્ડ) જાત
How many [હાઉ મૅની] કેટલા
Of quality (ક્વૉલિટિ) ગુણવાચક
Of number (નમ્બર) સંખ્યાવાચક
Of quantity (ક્વૉન્ટિટિ) જથ્થાવાચક
Demonstrative (ડિમૉન્સ્ટ્રેટિવ) દર્શક

૯. દરજી અને સુથાર

(૧) એક વાર બે મિત્રો મુસાફરીએ નીકળ્યા, આ વાત પ્રાચીન સમયની કહેવાય છે, એક ઊંચો ને મજબૂત સુથાર હતો, બીજો ઠીંગણો છતાં બહાદુર દરજી હતો. (૨) તેમનો રસ્તો ગાઢા અંધકારવાળા જંગલમાં થઇને જતો હતો, તે ઝાડીઓ, ખડકો અને ઝાડોમાં થઇને દોરવાતો હતો; દરજીએ પોતાના મિત્રને કહ્યું, જો કોઇ ક્રૂર જંગલી પ્રાણી નીકળી આવે તો આપણે શું કરવું. (૩) સુથારે અભિમાનથી કહ્યું, હું તે પશુને તરતજ હાંકી કાઢું. ગભરાઇશ નહિ, મારા નાના મિત્ર, જ્યાં સુધી હું અહિંઆ છું ત્યાં સુધી આજે તને કાંઇ ઇજા થશે નહિ. (૪) પણ ભાગ્યે જ તેણે એમ કહ્યું કે મારા પર વિશ્વાસ રાખ. તેટલામાં જ જંગલમાંથી એક મોટું રાખોડી રંગનું રીંછ ધસી આવ્યું, ઊંચા અને મજબૂત સુથારની બીક જોઇને

તમે હસી કાઢયું હોત, (૫) છેક પાસેના ઝાડ તરફ તે જલદીથી દોડયો અને ઊંચી ડાળી પર ચડી ગયો. જે નાના માણસને તેણે થોડા વખત અગાઉ બચાવવાને વચન આપ્યું હતું તેનો જરા પણ વિચાર આવ્યો નહિ. (૬) દરજી બહાદુર હતો. તેણે જરા પણ અવાજ કીધો નહિ, તે એક શબ્દ પણ બોલ્યો નહિ, પણ તે દૂર દોડવાને બદલે [મરી ગયેલા માણુસની જેમ] જમીન પર શાંત પડયો, જેણે બતાવ્યું કે તે બહાદુર છે એટલુંજ નહિ પરંતુ હુશ્યો છે. [૭] જેમ તે પડયો હતો તેમ રીંછ તેની આસપાસ ફર્યું, ઉંચો શ્વાસ લઇ તેના પગ સૂંધ્યા અને તેના (માથાનાં) વાળ સૂંધ્યાં, પછી તે ગુરગુર અવાજ કરીને ચાલ્યું ગયું, જાણે કહેતો હોય કે તે શખસ તો મરી ગયો છે, તે હું ખાત્રીથી કહું છું. [૮] તે સુથાર ફરી ઘણો બહાદુર થયો, જ્યારે રીંછ જતું રહ્યું ત્યારે તેણે કહ્યું મારા વહાલા નાના મિત્ર, તેણે તને શું કહ્યું ? તમારા કાનમાં તેણે શું કહ્યું. [૯] દરજીએ કહ્યું, "મારા મિત્ર, જે અભિમાની લોક કાંઇ પણ ચેતવણી આપ્યા વગર નાસી જાય છે, તેનું કાંઇ કામ નથી. રીંછે મને જે કાનમાં કહ્યું તે આ છે, હું તેની શિખામણ માનવા ઇરાદો રાખું છું. સાહેબજી."

---

10. RICE

Rice (રાઇસ) ચોખા
Chief (ચીફ) મુખ્ય
Food (ફુડ) ખોરાક
More than (મૉર ધૅન) ના કરતાં વધારે
People (પીપલ) લોકો
World (ઉવર્લ્ડ) દુનિયા
Grows (ગ્રોઝ) ઊગે છે
Hot (હૉટ) ગરમ
Countries (કંટ્રીઝ) દેશો
Rain (રેઇન) વરસાદ
Plenty of water (પ્લેન્ટિ) પુષ્કળ પાણી
To make grow ઉગાડવાને
It must have plenty... well તેને બરોબર ઉગાડવાને પુષ્કળ પાણી જોઇએ
Plant (પ્લૅન્ટ) છોડવો

Rice-plant (રાઇસ પ્લૅન્ટ) ડાંગરના છોડવા
Is called (કૉલ્ડ) કહેવાય છે
Paddy (પૅડી) ભાતના તરૂ, ડાંગરના છોડ
Grain (ગ્રેઇન) અનાજ
Is cleaned (ક્લીન્ડ) સાફ કરવામાં આવે છે
Fit to eat ખાવા લાયક
Rainy (રેઇનિ) વરસાદની
Season (સીઝન) ઋતુ, મોસમ
Rainy-season વર્ષાઋતુ
Has begun (બીગન) શરૂ થઇ છે
Tanks (ટૅન્કસ) તળાવો
Are getting full બધાં ભરાઇ જાય છે
Rivers (રિવર્સ) નદીઓ
People (પીપલ) ગામના લોકો
Nearly (નીઅર્લિ) લગભગ
Busy (બિઝિ) ઉદ્યોગી
In growing rice ડાંગર વાવવામાં
Village people...rice ઘણા ખરા ગામડિયા લોક ડાંગર વાવવામાં પડ્યા છે
Farmer (ફાર્મર) ખેડુત
Bullocks (બુલૉક્સ) બળદ
Plough (પ્લાઉ) હળ

Field (ફીલ્ડ) ખેતર
Ploughs (પ્લાઉઝ) ખેડે છે
Again and again ઉપરા છાપરી
Earth (અર્થ) મટોડી
Soft (સૉફ્ટ) નરમ
Corner (કૉર્નર) ખૂણો
Sows (સોઝ) વાવે છે
Seeds (સીડ્ઝ) બિયાં
When the little...high જ્યારે ડાંગરના નાના છોડવા આશરે એકાદ ફૂટ ઊંચા ઊગે છે
Roots (રૂટસ) મૂળિયાં
Pulls them...roots તેમને મૂળિયાં સહિત બહાર ખેંચી કાઢે છે
Ties (ટાઇઝ) બાંધે છે
Bundles (બંડલ્સ) ભારા
Ties them into bundles તેમના ભારા બાંધે છે
Bring (બ્રિંગ) આણવું
young (યંગ) નાના
Across (અૅક્રૉસ) એક બાજુથી બીજી બાજુ સુધી, આરપાર, સોંસરાં
Who stand...field જેઓ ખેતરમાં હારબંધ ઊભી હોય છે
Line (લાઇન) હાર
Push (પુશ) ભોંકવું, ખોસવું

Take root મૂળ લાગે છે
Thirsty (થર્સ્ટિ) તરસ્યા, પાણી ઘણું જોઇએ તેવા
They are very thirsty તેઓને ઘણું પાણી જોઇએ છે.
Suck up [સક અપ] ચૂસી લે છે
Bigger (બિગર) વધારે મોટા
They...........get every day તેઓ દિવસે દિવસે મોટા થતા જાય છે
Ripe (રાઇપ) પાકા
Stalk (સ્ટૉક) સાંઠો
Fifty (ફિફ્ટિ) પચાસ ૫૦
Sixty (સિક્સ્ટિ) સાઠ ૬૦
Grains (ગ્રેઇન્સ) અનાજના દાણા
Green (ગ્રીન) લીલા
Brown (બ્રાઉન) બદામી રંગના રાખોડી રંગના
Yellow (યલો) પીળા
Heavy (હેવિ) ભારે
Fall over (ફૉલ ઓવર) નમી પડે છે
Have stopped (સ્ટૉપ્ડ) બંધ થાય છે
Is shining (શાઇનિંગ) પ્રકાશે છે

Reap (રીપ) કાપણી કરવી
Sickles (સિકલ્સ) દાતરડાં
Cut off [કટઑફ] કાપી નાખે છે
Must be parted [પાર્ટેડ] ને છૂટા પાડવા જોઇએ
Straw (સ્ટ્રૉ) છાલાં, પરાળ
Drives (ડ્રાઇવ્ઝ) હાંકે છે
Oxen (ઑક્સન) બળદો
Falls away છૂટા પડી જાય છે
Baskets (બાસ્કેટસ) ટોપલીઓ
Chooses [ચૂઝીઝ] પસંદ કરે છે
Smooth (સ્મૂધ) સાફ; લીસી
Piece of ground જમીનનો કકડો
Pours out જોશભેર બહાર કાઢે છે
Sieve (સીવ) ચાળણી
Which he holds high જે ચાળણી તે ઉંચે પકડી રાખે છે.
Blows away ઊડાડી મૂકે છે
Bits of straw પરાળનાં કટકા
And the wind......straw અને પવન ઘાસનાં ઝીણાં તણખલાંને ઊડાડી મૂકે છે.
Heap (હીપ) ઢગલો

Falls into a heap ઢગલો થઇ પડે છે.	અકર્મક
GRAMMAR	Meaning (મીનિંગ) અર્થ
Transitive (ટ્રાન્ઝિટિવ) સકર્મક	Clear (ક્લીઅર) સ્પષ્ટ; ચોકખું
Intransitive (ઇનટ્રાન્ઝિટિવ)	Complete (કમ્પ્લીટ) સંપૂર્ણ, પૂરેપૂરૂં

૧૦. ચોખા

દુનિયાના અડધા લોકોનાં કરતાં વધારેનો મુખ્ય ખોરાક ચોખા છે. સઘળા ગરમ દેશો જ્યાં ઘણો વરસાદ પડે છે ત્યાં તે સારી રીતે ઊગે છે. કારણ કે તેને બરાબર ઉગાડવાને પુષ્કળ પાણી જોઇએ છે. ડાંગરના છોડવાને ભાતના તરૂ કહે છે. જ્યારે તે દાણાને સાફ કરવામાં આવે છે અને ખાવા લાયક થાય છે ત્યારે તેને ચોખા કહે છે. હવે વર્ષાઋતુ શરૂ થઇ છે. તળાવો બધાં ભરાઇ જાય છે, નદીઓ પણ પાણીથી ભરાઇ જાય છે અને ગામડાનાં લોકો હવે લગભગ ડાંગર વાવવાના ઉદ્યોગી થયા છે (ઘણા કામમાં લાગ્યા છે). ખેડૂત પોતાના બળદ અને હળ ખેતરમાં લઇ જાય છે અને જ્યાંસુધી જમીન બિલકુલ પોચી (નરમ) થાય છે ત્યાંસુધી તેને ઉપરાચાપરી ખેડે છે. ખેતરના એક ખૂણામાં તે કેટલાંક ભાતનાં બીયાં વાવે છે. જ્યારે ડાંગરના નાના છોડવા આશરે એકાદ ફુટ ઊંચા ઊગે છે ત્યારે તેમને પોચા કાદવમાંથી મૂળ સહિત ખેંચી લે છે અને તેમના ભારા બાંધે છે. પછી માણસો તે નાના છોડવાના ભારાને ખેતરની આસપાસ હારબંધ ઉભેલી સ્ત્રીઓ પાસે લાવે છે. તે સ્ત્રીઓ તે છોડવા લે છે અને પોચા કાદવમાં તેમને ખોસી દે છે. થોડા દિવસ પછી નાના ડાંગરના છોડવાને મૂળ બાઝે છે, અને ઊગવા માંડે છે. તે ઘણા તરસ્યા છે, તેને પીવાને ઘણું પાણી જોઇએ છે. તેનાં મૂળિયાં જમીનમાંથી ખોરાક ચૂસી લે છે. તેઓ દિવસે દિવસે મોટા થતા જાય છે. આખરે બે માસ પછી ડાંગર પાકે છે. દરેક સાંઠાને છેડે પચાસ સાઠ ચોખાના દાણા ઊગશે. પહેલાં ડાંગર લીલી, પછી બદામી રંગની

અને પછી પીળી દેખાય છે. દાણા એવા ભારે હોય છે કે છોડવાઓ એક બાજુએ નમી જાય છે. હવે વરસાદ બંધ પડયો છે અને ચકચકિત સૂર્ય પ્રકાશે છે. હવે ડાંગરની કાપણી કરવાનો વખત થયો છે. માણુસો દાતરડાં લઇને ખેતરમાં જાય છે અને પાકેલા દાણાને કાપી લે છે અને બધા એક જગ્યાએ મૂકે છે. જ્યારે બધા ખેતરોની કાપણી થઇ રહે ત્યારે દાણાને પરાળ [તણુખલાં]માંથી છૂટા પાડવા જોઇએ. ખેડૂત પોતાના બળદોને ડાંગરના ભારા ઉપર ગોળ ને ગોળ હાંકે છે. થોડા વખત પછી દાણા પરાળમાંથી છૂટા પડી જાય છે. પરાળ લઇ લેવામાં આવે છે અને દાણાને ટોપલીમાં ભરવામાં આવે છે. ખેડૂત જમીનની સાફ કરેલી જગ્યા પસંદ કરે છે, અને જે ચાળણીને ઊંચી પકડી રાખે છે તેમાંથી દાણાને જોરાભેર કાઢે છે, અને પવન પરાળનાં ઝીણાં તણુખલાંને ઊડાડી મૂકે છે. ભારે ડાંગર જમીન ઉપર ઢગલો થઇ પડે છે.

---

11. THE ANT AND THE GRASSHOPPERS

Ant (આન્ટ) કીડી
Grasshoppers (ગ્રાસોપર્સ) તીડો
Merrily (મેરિલિ) આનંદથી
Chirping (ચર્પિંગ) ચીંચીં કરતાં
Frisked (ફ્રિસ્કડ) ફરતાં હતાં
Hay (હે) સૂકું ઘાસ
Enjoying (એન્જૉઇંગ) આનંદ કરતાં, મઝા લેતાં
Sunshine (સનશાઇન) સૂર્યનો પ્રકાશ, તડકો
Hopping (હૉપિંગ) ચારે પગે ઠેકડા મારવા
Skipping (સ્કિપિંગ) કૂદવું
Morning to night સવારથી રાત સુધી
Weary (ઉવિઅરિ) થાકી જવું
Hungry (હન્ગ્રિ) ભૂખ્યો
Dreaming (ડ્રીમિંગ) વિચાર કરતાં, સ્વપ્ન આવતાં
Sorrow (સૉરો) દિલગીરી
Never thinking (થિંકિંગ) વિચાર કર્યા વગર
Cloud (ક્લાઉડ) વાદળું

Might darken (ડાર્કન) અંધકાર કરવો
To morrow (ટુ મૅારો) આવતી કાલે
Jumped (જમ્પ્ડ) કૂદતાં
Danced [ડૅન્સ્ડ] નાચતાં
Laughed together [લાફ્ડ ટુગેધર] સાથેસાથે હસતાં
Merry [મેરિ] આનંદી
Fellows [ફૅલોઝ] જીવડાં
Warm (ઉવોર્મ) ગરમ
Bright (બ્રાઇટ) ચકચકિત
Weather (ઉવેધર) હવા
Busily (બિઝિલિ) ઉદ્યોગથી
Plodding away (પ્લૅાડિંગ) અટક્યા વગર ફરવું.
Struggled (સ્ટ્રગલ્ડ) ફાંફાં મારતું
With an ear of wheat (ઉવ્હીટ) ઘઉંનું કણસલું લઇને
Tried her best બનતો પ્રયત્ન કીધો.
Carefully (કૅરફુલી) સંભાળથી
Stop (સ્ટૅાપ) ઊભો રહે
To pass without speaking બોલ્યા ચાલ્યા વગર જવું રહેવું

Improper (ઇમ્પ્રૅાપર) અયોગ્ય
Excuse me (એક્સક્યુઝ મી) મને માફ કરો
Rude (રૂડ) અવિવેકી
I don't wish to be rude મારે જંગલી (અવિવેકી) થવું નથી.
Minute (મિનિટ) મિનિટ
Do stop a minute મહેરબાની કરી એક મીનિટ થોભ
Nice chat (નાઇસ ચૅટ) સારી વાતચીત
I can not do that હું કરી શકતી નથી
Will add (ઍડ) ઉમેરીશ
Store (સ્ટોર) ભંડાર
I will return હું પાછી ફરીશ
Will fetch (ફેચ) લઇ આવીશ
Work hard (વર્ક હાર્ડ) સખત મહેનત કરવી
Shall be without food ખોરાક વગર રહીશ
Rain falls fast વરસાદ તૂટી પડશે
Be wise (ઉવાઇઝ) ડાહ્યા થા
Last (લાસ્ટ) પહોંચે
I do not see the good

હું કોઇ લાભ જોતો નથી
Plenty (પ્લેન્ટિ) પુષ્કળ
Spoiling (સ્પૉઇલિંગ) બગાડો છો.
Spending (સ્પેન્ડિંગ) ગુમાવીને
Ceaseless (સિઝલેસ) નિરંતરની
Toiling (ટૉઇલિંગ) મહેનત, મજુરી
Burden (બર્ડન) બોજો
Went off (વેન્ટ ઑફ) ચાલી ગઇ
On her way (ઑન હર વે) પોતાને માર્ગે
Dying lay (ડાઇંગ લે) મરતા પડેલા હતા
Sunny (સની) તડકાવાળો
Faintly (ફેઇન્ટલિ) ધીમે સાદે
It would have been best બહુ સારૂં થાત
Don't forget (ફર્ગેટ) ભૂલતા નહિ
To lay up [લે અપ] ભરી રાખવુ
Rainy (રેઇનિ) વરસાદનો

GRAMMAR

Happens (હૅપન્સ) બને છે
Deny (ડીનાઇ) ના પાડવી
Time (ટાઇમ) વખત
Adverbs of place સ્થળ વાચક
Manner (મૅનર) રીત
Degree [ડીગ્રી] તુલના
Interrogative (ઇન્ટરૉગેટિવ) પ્રશ્નાથ
Negative (નેગેટિવ) નિષેધાર્થ
Belongs (બીલૉંગ્ઝ) લાગુ પડે છે

૧૧. કીડી અને તીડો

તીડો સુકા ઘાસના ખેતરોમાં આખો દિવસ આનંદથી ચીં ચીં કરતાં, ચળકતા તડકામાં પોતાની મેળે મઝા કરતાં, સવારથી સાંજ સુધી ઠેકડા અને કુદકાં મારતાં હતાં, તેઓ કદી થાકતાં નહિ કે ભૂખ્યા થતાં નહિ કે દિલગીરીનો વિચાર કરતાં નહિ. કાલે વાદળું અંધકાર કરશે તે વિચાર કર્યાં વગર ગરમ હવામાં આનંદી નાનાં પ્રાણીઓ કૂદતાં અને નાચ કરતાં અને સાથે હસતાં.

એક કીડી સુકા ઘાસના ખેતરમાં થઇને ઘઉંનું કણુસલું લઇ

ઉદ્યોગથી અટક્યા વગર ફરતી ફાંફા મારતી હતી. તે વખતે તેને પોતાના દરમાં સહીસલામતથી લઇ જવાને બનતો પ્રયત્ન કરતી હતી. એક નાના તીડે કહ્યું, અરે ઊભી રહે, ઊભી રહે, ઊભી રહે, બોલ્યા ચાલ્યા વગર જતું રહેવું એ ઘણું ગેરવ્યાજબી છે. કીડીએ જવાબ આપ્યો, મહેરબાની કરીને મને માફ કરો, હું અવિવેકી થવા ઇચ્છતી નથી, પણ આજે હું કામમાં છું. અરે મહેરબાની કરીને એક મિનિટ ઊભી રહે ને સારી વાતચીત કર. કીડીએ કહ્યું ના, ના, તે હું કરી શકતી નથી, હું મારા નાના ભંડારમાં આ દાણો ઉમેરીશ અને હું પછી પાછી જઇશ, અને થોડા વધારે લઇ આવીશ. જો હું જ્યારે દિવસો લાંબા છે અને ચકચકિત ગરમ સૂર્યનો પ્રકાશ મને બળવાન રાખે ત્યારે હું સખત કામ ન કરૂં તો જ્યારે વરસાદ તૂટી પડશે ત્યારે હું ખોરાક વગર રહીશ. ડાહ્યો થા અને જ્યાં સુધી ચકચાકત દિવસો છે ત્યાં સુધી સખત કામ કર. તીડે કહ્યું, વરસાદ વિષે વિચાર કરવામાં હું કાંઇ લાભ જોતો નથી. અહિંઆ પુષ્કળ ખોરાક છે, અને મને લાગે છે કે નિરંતર મહેનત કરવામાં તમારા દિવસો ગુમાવવાથી તમે તમારી જીંદગી બગાડો છો. તેથી કીડી પોતાનો બોજો ઉપાડીને પોતાને માર્ગે ચાલી ગઇ, અને તીડો સૂકા ઘાસમાં આમતેમ રમવા લાગ્યા પણ કીડી જે પોતે જાણતી હતી તે વિષે કહેતી અને તીડોને માલમ પડયું કે તેના શબ્દો સાચા હતા. વરસાદ પડયો ત્યારે તેઓ મરવા પડેલા હતા. તેઓએ તડકાવાળા દિવસની કીડી વિષે વિચાર કર્યો, અને તેમાંના એક બાકીનાને ધીમેથી કહ્યું "તેણે આપણને જેમ કહ્યું હતું તે પ્રમાણે કર્યું હોત તો સારૂં થાત. જ્યારે દિવસો લાંબા હોય અને દિવસોના તડકામાં તમે રમો ત્યારે વરસાદના દિવસો માટે સંઘરો કરવાનું [ભરી રાખવાનું] તમે ભૂલતા "નહિ.

---

૮. LATE LATEEF

Kind [કાઇન્ડ] માયાળુ
Happy (હૅપી) સુખી
Fault (ફૉલ્ટ) એબ, દોષ
But he had one great fault પણ તેનામાં મોટી એબ એ હતી
In time (ઇન ટાઇમ) વખત સર
He never did anything in time તે કોઇ પણ ચીજ વખતસર કરતો નહિ
He was sent to school તેને નિશાળે બેસાડવામાં આવ્યો
When the school opened જ્યારે નિશાળ ઉઘડે ત્યારે
The very first day પહેલે જ દિવસે
He was five minutes late તે પાંચ મિનિટ મોડો આવ્યો
All the boys heard the master (to) say this બધા છોકરાઓએ મહેતાજીને આ પ્રમાણે કહેતાં સાંભળ્યું
Felt ashamed (ફેલ્ટ ઍશેઇમ્ડ) શરમાયો.

Kept on (કેપ્ટ ઑન) જારી રાખ્યું.
He kept on coming late તેણે મોડું આવવું જારી રાખ્યું
It was just the same at home ઘેર પણ તેજ પ્રમાણે હતું
Lay (લે) પડી રહેતો
Lay in bed ten minutes longer દસ મિનિટ વધારે પથારીમાં પડ્યો રહેતો
Breakfast [બ્રેકફાસ્ટ] નાસ્તો
Ready તૈયાર
Went on playing રમ્યા જ કરતો
Quarter of an hour પા કલાક
Elder brother મોટો ભાઇ
It is just three o'clock હમણાં જ ત્રણ વાગ્યા છે
And post will leave at half-past-three ટપાલ સાડા ત્રણ વાગે જશે
Fly (ફ્લાઇ) ઉડાડવું
Kite (કાઇટ) પતંગ

Stopped to help him to fly his kite તેનો પતંગ ઉડાડી આપવાને મદદ કરવાને રહ્યો

Got to (ગૉટ ટુ) પહોંચ્યો

And the post for that day had gone તે દિવસે ટપાલ નીકળી ગઇ હતી (ઉપડી ગઇ હતી)

Fair (ફેર) મેળો

Was held ભરાતો હતો

About...year જ્યાં લતીફ રહેતો હતો તે ગામથી વીસેક માઇલ ઉપર દર વરસે એકવાર મોટો મેળો ભરાતો હતો

Races (રેઇસીઝ) શરતો

Fun (ફન) રમત ગમત, આનંદ, મઝા

Jugglers (જગ્લર્સ) મદારીઓ બાજીગર

Games (ગેઇમ્સ) રમતો

Balls (બૉલ્સ) દડા

Tops (ટૉપ્સ) ભમરડા

Dolls (ડૉલ્સ) ઢીંગલીઓ

Sweetmeats (સ્વીટમીટસ) મીઠાઇ

Far away (ફાર અવે) ઘણે દૂર

Went to the fair by railway આગગાડીમાં બેસી મેળો જોવા જતા

Had been looking forward to the fair for a long time ઘણા વખતથી મેળો જોવાની આતુરતાથી રાહ જોતાં હતાં

Holiday (હૉલિડે) તહેવાર

That day was to be a holiday તે દિવસ તહેવારનો પાળવામાં આવ્યો હતો

For all the boys wanted to go to the fair કારણકે બધા છોકરા મેળામાં જવા ઇચ્છતા હતા

And so did the schoolmaster અને તેજ પ્રમાણે શિક્ષકને જવાનું હતુ

Leaves (લીવ્ઝ) ઉપડે છે

Half past eight સાડા આઠ વાગે

Be ready (બીરેડિ) તૈયાર થા

Mind (માઇન્ડ) ધ્યાન રાખજે

The train waits for nobody ટ્રેઇન કોઇની રાહ જોતી નથી

Got up early વહેલા ઊઠ્યા
To set out (સેટ આઉટ) નીકળવાને
Shouted (શાઉટેડ) બૂમ પાડી
In front (ફ્રન્ટ) આગળ, પહેલાં
He may have run on in front તે આગળ ગયો હશે
Is afraid of being late મોડા થવાની ધાસ્તી હશે
Miss (મિસ) ચૂકવું
Set out (સેટ આઉટ) નીકળ્યા
Take your seats તમારી જગ્યા લઇ લ્યો, બેસી જાઓ
Railway guard (રેલ્વે ગાર્ડ) આગગાડીનો ગાર્ડ
Be quick (બી ક્વિક) ઉતાવળ કરો
Room (રૂમ) જગ્યા
Carriage (કૅરેઇજ) ડબ્બો ગાડી
Nearly (નીઅર્લિ) લગભગ
Full (ફુલ) ભરેલી
There will be no room for you તમને જગ્યા નહિ મળે
Got into (ગૉટ ઇન્ટુ) દાખલ થયા, પેઠા

Exactly (એગ્ઝૅક્ટલિ) બરાબર
Blew [બ્લ્યુ] વગાડી
Whistle [વ્હિસલ] સિસોટી
Started [સ્ટાર્ટેડ] ઊપડી
Platform [પ્લેટફૉર્મ] સ્ટેશન અને ગાડી વચ્ચે ઊભા રહેવાની જગ્યા
Bawls (બૉલ્સ) બૂમ પાડે છે
Falls off [ફૉલ્સ ઑફ] દૂર પડી જાય છે.
To get in [ગેઇટ ઇન] દાખલ થવું
Shouts [શાઉટસ] બૂમ પાડે છે
And off the train goes અને ગાડી આગળ ચાલી જાય છે
The rest [રેસ્ટ] બાકીના બીજા
Looking out of the window[વિન્ડો] બારીમાંથી બહાર જોતાં
Thinking...time વખતસર સ્ટેશન પહોંચશે એમ ધારીને

GRAMMAR

Personal pronoun પુરૂષવાચક સર્વનામ
First person પહેલો પુરૂષ

Person spoken જેની સાથે વાત થાય છે, તે જેને વિષે બોલે છે તે

Second person બીજો પુરૂષ

Third person ત્રીજો પુરૂષ

Chiefly (ચીફ્લ) ખાસ કરીને, મુખ્યત્વે કરીને

Without life નિર્જીવ

૧૨. મોડો લતીફ

લતીફ આઠ વર્ષની ઉંમરનો છોકરો હતો. તેને માયાળુ બાપ મા, અને સુખી ઘર હતાં. સામાન્ય રીતે તે એક સારો છોકરો હતો, અને તેના માબાપનું કહ્યું કરતો. પણ તેનામાં એક મોટી ખોડ હતી. તે કોઇપણ ચીજ કદી વખતસર કરતો નહિ. તે હંમેશાં મોડો થતો. જ્યારે તે ૭ વર્ષનો થયો ત્યારે તેને નિશાળે બેસાડવામાં આવ્યો. પહેલે દિવસે તે પાંચ મિનિટ મોડો થયો. બીજે દિવસે તે ફરીવાર મોડો થયો અને જ્યારે તે એક અઠવાડિયા સુધી મોડો થયો ત્યારે શિક્ષકે કહ્યું, આમ કેમ તમે દરરોજ મોડા આવો છો. અમારે તમને મોડો લતીફ કહેવો જોઇએ. સઘળા છોકરાએ મહેતાજીને આ પ્રમાણે કહેતાં સાંભળ્યું. તે વખતથી તેઓ બધા તે નાના છોકરાને મોડો લતીફ કહેતા. તે ઘણો શરમાયો. પરંતુ તેણે મોડા આવવાનું શરૂ રાખ્યું. ઘેર પણ તેજ પ્રમાણે હતું. તેની મા તેને ૭ વાગ્યે ઊઠવાનું કહેતી. પણ લતીફ દશ મીનીટ વધારે પથારીમાં પડયો રહેતો. તેના બાપે કહ્યું. નાસ્તો તૈયાર છે. પણ લતીફે વાડીમાં પા કલાક સુધી રમ્યા કર્યું, અને જ્યારે તે આવે ત્યારે ખોરાક ઠંડો થઇ જતો. તેના મોટા ભાઇએ કહ્યું આ કાગળ ટપાલ ઓફિસે લઇ જા. અત્યારે ત્રણ વાગ્યા છે અને ટપાલ સાડા ત્રણ વાગે જશે. લતીફે કાગળ લીધો પણ રસ્તામાં એક બીજો છોકરો મળ્યો અને તેને પતંગ ઉડાડવામાં મદદ કરવા માટે ઊભો રહ્યો. તે ટપાલ ઓફિસે ચાર વાગે પહોંચ્યો અને તે દિવસની ટપાલ જતી રહી. લતીફ જે ગામ રહેતો હતો તે ગામથી લગભગ વીશેક માઇલ ઉપર વરસમાં એક વાર એક મોટો મેળો ભરાતો હતો.

જેનાથી બની શકે તે દરેક માણસ ત્યાં રમત ગમત જોવાને અને ચીજો ખરીદવાને જતાં. ત્યાં શરતો, બાજીગરો, રમત ગમતો અને બજારો હતાં જ્યાંથી તમારે જોઇતી કોઇ પણ ચીજ ખરીદ કરી શકો. ત્યાં પતંગ, દડા, ભમરડા, ઢીંગલીઓ અને મીઠાઇ હતા; અને માબાપો પોતાનાં છોકરાં માટે ખરીદ કરતા જે લોકો લતીફના માબાપના જેમ દૂર રહેતાં તેઓ આગગાડીમાં બેસીને ત્યાં જતાં. લતીફ, તેના ભાઇઓ અને બહેનો ઘણા લાંબા વખતથી મેળાની રાહ જોતાં હતાં. તે દિવસ તહેવારનો દિવસ હતો જેથી બધા છોકરાને મેળામાં જવાનું હતું. તે પ્રમાણે મહેતાજીને પણ જવાનું હતું. મેળામાં ચોપડીઓ પણ વેચાતી હતી અને કેટલીક ચોપડીઓ અને પોતાને નવું કાપડ ખરીદવા ઇચ્છતો હતો. તેના બાપે કહ્યું આપણે બધા રેલ્વે સ્ટેશન પર કાલે આઠ વાગતે જઇશું. ગાડી સાડાઆઠ વાગ્યે ઉપડે છે. આઠ વાગ્યે તમો બધા તૈયાર થઇ રહેજો. તેણે લતીફ તરફ જોઇને એટલું ઉમેર્યું. ધ્યાન રાખજે કે તું મોડો થતો નહિ. આગગાડી કોઇની રાહ જોતી નથી, જો આપણે ત્યાં વખતસર પહોંચીએ નહિ તો આપણે પાછળ રહી જઇશું. આપણે મેળામાં ખાવા માટે ખોરાક ખરીદશું અને સાંજના પાછા આવીશું. બીજે દિવસે સવારે દરેક માણસ વહેલા ઊઠયા. લતીફે બાકીનાની સાથે પોતાનો નાસ્તો લીધો. પણ આઠ વાગતે જ્યારે તેના બાપે બધા છોકરાને એક સાથે નીકળવાને બોલાવ્યા ત્યારે લતીફ ત્યાં હતો નહિ. તેના બાપે બૂમ પાડી કહ્યું, લતીફ, લતીફ, અમે જઇએ છીએ. પણ લતીફ દેખાયો નહિ. તેની માએ કહ્યું, તે આગળ નીકળી ગયો હશે, કદાચ તેને મોડા થવાની ધાસ્તી લાગી હશે. તેના બાપે જવાબ દીધો. બહુ સારૂં. આપણે રાહ જોઇ શકીશું નહિં અથવા આપણે ગાડી ચૂકશું. તેથી તેઓ નીકળ્યાઃ પણ તેઓ જ્યારે સ્ટેશન પહોંચ્યા ત્યારે લતીફ ત્યાં ન હતો. તેના બાપે ટિકિટ લીધી અને કેટલોક વખત રાહ જોઇ. આગગાડીના ગાર્ડે કહ્યુ

બેસી જાઓ ઉતાવળ કરો નહિતો તમારે માટે જગા રહેશે નહિ. ગાડી લગભગ ભરાઇ ગયેલી છે. તેથી તેઓ બધા ગાડીમાં બેસી ગયા, લતીફનો બાપ, મા, ભાઇઓ અને બહેનો. બરાબર સાડાઆઠ વાગ્યે સ્ટેશન માસ્તરે સિસોટી વગાડી અને ગાડી ઉપડી. બની શકે તેટલી ઝડપથી આ પ્લેટફોમ ઉપર કોણ દોડે છે ? તે મોડો લતીફ છે. તેની ટોપી જ્યારે પડી જાય છે ત્યારે તે બૂમ પાડે છે ઊભી રહે, ઊભી રહે, મારે અંદર જવું છે. પણ ગાડી કોઇના માટે ઊભી રહેતી નથી. સ્ટેશન માસ્તર બૂમ પાડે છે કે પાછો જા, પાછો જા, અને ગાડી ચાલી જાય છે. લતીફ તેનો બાપ, મા અને બીજાઓને બારીમાંથી બહાર જોતાં જુએ છે. પણ તે પાછળ રહી ગયો છે. હું વખતસર સ્ટેશને પહોંચીશ એવું ધારીને તે સવારે ખેતરમાં રમ્યો હતો પણ તે ઘણો મોડો થયો.

---

13. MR. FOX AND MR. STORK

Mr. (મિસ્ટર) સાહેબ
Fox (ફૉક્સ) શિઆળ
Stork (સ્ટૉર્ક) બગલું, સારસ
Dine (ડાઇન)) ખાવું
To night (નાઇટ) આજ રાત્રે
At nine (નાઇન) નવ વાગે
Reply (રીપ્લાઇ) જવાબ
It will give me pleasure (પ્લેઝર) હું ઘણી ખુશી થઇશ
Pleasure (પ્લેઝર) ,આનંદ ખુશી
I shall be at leisure (લેઝર) મને ફુરસદ (નવરાશ) હશે
Leisure (લેઝર) ફુરસદ
Kind (કાઇન્ડ) માયાળુ
As you know (નો) તમે જાણો છો
Neck (નેક) ગરદન, ગળું
Bill (બિલ) ચાંચ
Peck (પેક) ટકોરો મારવો
Fish (ફિશ) માછલું
Of course (ઑફ કોર્સ) અલબત
Eat out of nothing flat (ફ્લૅટ) છીછરા વાસણમાંથી કંઇ ખાઇ શકતો નથી
Shallow (શૅલો) છીછરૂં
Dish (ડિશ) રકાબી, થાળી

Soup (સુપ) ખીર
Help yourself (હેલ્પ યૉરસેલ્ફ) ખાઇ જજો
As friendly as he could be જોઇએ તેટલી મિત્રાચારી ભરેલો હતો
Nice (નાઇસ) સુંદર
Tasty (ટેસ્ટિ) સ્વાદિષ્ઠ
Smelt (સ્મેલ્ટ) વાસ આવતી હતી
Hungry (હંગ્રી) ભૂખ્યો
Felt (ફેલ્ટ) લાગ્યુ
Pecked (પેકડ) ટકોરા કીધા (ચાંચ વતી)
In vain (ઇન વેઇન) ફોગટ
Stood by (સ્ટુડ બાઇ) પાસે ઊભો
Lapped up (લૅપ્ડ અપ) ચાટી ગયું (લપલપ)
Licked (લિકડ) ચાટયા
Lips (લિપ્સ) હોઠ
Paws (પૉઝ) પંજા
To the tip (ટિપ) ટેરવા સુધી
Grin (ગ્રિન) મુરકવુ
Do not like my soup :મારી ખીર પસંદ પડતી નથી
I fear (ફીઅર) મને શક છે

Thank you (થૅન્ક યુ) તમારો ઉપકાર માનું છું
How good (ગુડ) કેવા ભલા
Host [હોસ્ટ] મીજબાની આપનાર
Guest [ગેસ્ટ] પરોણો, મેમાન
Some of the best અતિ સુંદરમાંની કેટલીક
I love [લવ] મને પસંદ છે
Confess [કન્ફેસ] કબૂલ કરૂં છું
Silly [સિલિ] મૂર્ખ
Wiles [ઉવાઇલ્સ] લુચ્ચાઇ
Knows no wiles like mine મારા જેટલી લુચ્ચાઇ એને આવડતી નથી
Sly [સ્લાઇ] ખંધું, લુચ્ચું
Trotted off [ટ્રૉટેડ] ઠેકતો ઠેકતો ગયો
With a smile [સ્માઇલ] હસતો હસતો
Half a mile [માઇલ] અડધો ગાઉ
Come in અંદર પધારો
With a bow સલામ કરીને, નમન કરીને
Pray મહેરબાની કરીને
Let us begin ચાલો આપણે શરૂ કરીએ

Was served [સર્વ્ડ] પીરસ્યું
Dinner [ડિનર] ભોજન
Narrow necked [નૅરોનેક્ડ] સાંકડા ગળાવાળો
Jar [જાર] શિરોઇ, બરણી
Bottom [બૉટમ] તળિયું
Smiled [સ્માઇલ્ડ] હસ્યો
Doubted [ડાઉટેડ] શક ખાધો
Whether [વ્હેધર] કદાચ, રખેને
At all જરાપણ
So it turned out [ટર્ન્ડ] થયું પણ તેમજ
To lick [લિક] ચાટવું
Smiles [સ્માઇલ્સ] હાસ્ય
Were now on the face of the bird without wiles લુચ્ચાઇ વગરના પક્ષીના મોઢા ઉપર દેખાતું હતું

GRAMMAR

Object [ઓબજેક્ટ] કર્મ
Just as [જસ્ટ ઍઝ] જેવી રીતે
Must have હોવો જોઇએ
Pick out [પિક આઉટ] બતાવો

૧૩. શિયાળ સાહેબ અને બગલા સાહેબ

શિયાળે બગલાને કહ્યું, વ્હાલા મિત્ર, આજ રાત્રે નવ વાગે આવશો અને મારી સાથે જમશો ? જવાબમાં બગલાએ કહ્યું. હું ઘણો ખુશી થઇશ. હું ખુશી થાઉં છું કે આજ રાત્રે મને ફુરસદ હશે. તમે ધારો કે શિયાળ સાહેબ ઘણા માયાળુ હતા. તમને માલમ પડશે તેમ તમે શિયાળ સાહેબને ઓળખતા નથી. તમે જાણો છો તે પ્રમાણે બગલાને ઘણું લાંબુ ગળું છે, અને એક ઘણી લાંબી ચાંચ જે વડે તેને ચાંચ મારવાની હોય છે. અને પાણીમાં ચાલવાને માટે ઘણા લાંબા પગ હોય છે.—કારણ કે તે માછલા ખાઇને જીવે છે. બગલાં સાહેબ માછલા ખાઇને જીવે છે. અલબત શિયાળે ઘણી સારી રીતે જાણ્યું કે બગલા છીછરા વાસણમાંથી કાંઇ ખાઇ શકતા નથી. તેથી તેણે તેના આગળ એક છીછરી રકાબી મુકી અને જે ભોજન આપ્યું તે માછલા ન હતાં પણ ખાર (શેરવો) હતી. વ્હાલા મિત્ર, તમે જે સઘળું જુઓ છો તે તમે ખાઇ જાવ, શિયાળ જોઇએ તેટલા મિત્રાચારી વાળો હતો. તે ખીરની એટલી સુંદર અને

સ્વાદીષ્ઠ ગંધ આવતી હતી કે બગલા સાહેબ ઘણા ભૂખ્યા થઇ ગયા. પીવા માટે તેણે વારંવાર પ્રયત્ન કર્યો, તેણે ચાંચ મારી અને ચાંચ મારી પણ ફોગટમાં ચાંચ મારી. પછી જ્યારે ભૂખ્યું પક્ષી પાસે ઊભું રહ્યું ત્યારે શિયાળ તે ખીર લપલપ ચાટી ગયો. તેણે રકાબી ચાટીને કોરી કરી અને તેના હોઠ, પંજા ઠેઠ ટેરવા સુધી ચાટયા, પછી ઘુરકીને તેણે બૂમ પાડી કહ્યું કે અરે વહાલા મને શક છે કે તમને મારી ખીર પસંદ નથી પડતી. બગલા સ.હેબે કહ્યું, તમારો ઉપકાર માનું છું. તમે કેવા ભલા, કેવા માયાળુ છો. તમારૂં ભોજન કેવું સુંદર છે ! આવતી કાલે આવજો અને મારી સાથે જમજો. તમે એક સ્વાદિષ્ઠ ભોજન જોશો. હું મીજબાની આપનાર થઇશ અને તમે મારા પરોણા થજો. હું તમને અતિ સુંદરમાંની કેટલીક માછલીઓ આપીશ. શિયાળે કહ્યું, અરે હા, હું આવીશ કારણકે માછલી મને પસંદ છે તે હું કબૂલ કરૂં છું. શિયાળ સાહેબે વિચાર્યું કે મેં વારંવાર સાંભળ્યું છે કે આ બગલો ઘણો મૂર્ખ પક્ષી છે, તે મારી માફક લુચ્ચાઇ જાણતો નથી. હું જઇશ. તેનું ખાણું ખાઇ જઇશ. હો હો બીજે દિવસે લુચ્ચો શિયાળ હસતો હસતો અર્ધા માઇલ છેટે બગલાને ઘેર ઠેકતો ઠેકતો ગયો. બગલાએ સલામ કરીને કહ્યું. અંદર પધારો. મહેરબાની કરીને અંદર આવો અને બેસો. ચાલો આપણે ખાવાનું શરૂ કરીએ. બગલાની પોતાની રકાબી સાંકડા ગળાવાળી શિરોઇમાં ભોજન પીરસવામાં આવ્યું. પણ તેઓ જ્યારે સાથે મેજ આગળ બેઠા ત્યારે શિયાળ વધારે હસ્યો નહિ કારણ કે રખેને તેને શક પડે. આટલી ઊંચી શિરોઇમાં છેક નીચે ખોરાક હતો તેથી તેને જરાપણ ભોજન ન મળી શકયું અને થયું પણ એમજ. તે મેજ ઉપરની શિરોઇની બહારની બાજુ ચાટવાને માત્ર શક્તિવાન થયો બગલો પોતાની ચાંચવતી બધું ખાઇ ગયો. લુચ્ચાઇ વગરના પક્ષીના મોઢા ઉપર હવે હાસ્ય હતું.

---

14. RAMA CRYING FOR THE MOON

Rama અયોધ્યાના રાજા દશરથના જ્યેષ્ઠ પુત્ર
Evening (ઇવનિંગ) સાંજ
Ranee Kausalya રાણી કૌશલ્યા દશરથ રાજાની ત્રણ રાણીઓમાંથી પહેલી રામચંદ્રજીની માતા
Palace (પૅલેઇસ) મહેલ, બંગલો
Full moon પૂનમનો ચંદ્રમાં
Rose (રોઝ) ઉગ્યો, ઉદય થયો
Sky (સ્કાઇ) આકાશ
Splendour (સ્પ્લેન્ડર) ભપકો, તેજ
Full moon...splendour પૂનમનો ચંદ્રમાં પોતાના પૂર્ણ ભપકાથી આકાશમાં ઉગ્યો
Lovely (લવ્લિ) સુંદર, ખુશનુમા
To play with રમવાને
Toy (ટૉય) રમકડું
Put out કાઢ્યાં, લાંબા કર્યાં
Could not guess અટકળ કરી શકી નહિ, અનુમાન કરી શકી નહિ
Wanted (વૉન્ટેડ) માગતો
What it was that he wanted તેને શું જોઇતું હતું તે
Asked (આસ્કડ) પુછ્યું
Many times ઘણીવાર
What he wished to have તેને શું જોઇતું હતું તે
Pointed (પૉઇન્ટેડ) આંગળીથી બતાવતો
Gently (જેન્ટલિ) ધીમેથી,
Thousands (થાઉઝન્ડ્ઝ) હજારો
Miles (માઇલ્સ) ગાઉ, માઇલ
Off (ઑફ) દૂર
Plaything (પ્લૅથિંગ) રમકડું
Children (ચિલ્ડ્રન) છોકરાં
Ever (એવર) કદીપણ
Darling (ડાર્લિંગ) વહાલા
Jewels (જ્યુએલ્સ) ઝવેરાત, જવાહીર
Brighter (બ્રાઇટર) વધારે પ્રકાશિત
Were swollen (સ્વોલન) સુજી ગઇ
Weeping (વીપિંગ) રૂદન; રડવું તે
Until his eyes...weeping જ્યાં સુધી તેની આંખો રડવાથી સુજી ગઇ ત્યાં સુધી
Number (નમ્બર) સંખ્યા

A number of women સંખ્યાબંધ સ્ત્રીઓ
Around (અૅરાઉન્ડ) આસપાસ, આજુબાજુ
No one could make him happy તેને કોઇ રાજી કરી શક્યું નહિ
Perhaps (પરહૅપ્સ) કદાચ
Angry (અૅન્ગ્રિ) ગુસ્સે
Sleepy (સ્લીપિ) ઊંઘમાં આવેલો
Lap (લૅપ) ખોળો
Sang a song હાલાં ગાયાં
Could quiet શાંત કરી શકી
Pushed away ધક્કો માર્યો, આંચકો માર્યો
Loudly (લાઉડલિ) ખૂબ જોસથી
Send for (સેન્ડ ફૉર) તેડાવો, બોલાવો
Maharajah (મહારાજા) મહારાજા
Took up in his arms પોતાની બાથમાં લીધો
To console (કન્સોલ) મનનું સમાધાન કરવું, દિલાસો આપવો
Did all he could પોતાથી બનતું કર્યું
Could do no more કોઇ વધારે કરી શક્યો નહિ
Had tried કોશિશ કરી
Went on crying રોવાનું ચાલું રાખ્યું
Chief (ચીફ) મુખ્ય
Minister (મિનિસ્ટર) પ્રધાન, દીવાન
Had taken place બન્યું હતું
Of his own પોતાનાં
Crying for the moon ચંદ્રને માટે રડતો હતો
Desired (ડીઝાયર્ડ) કહ્યું
Those about him તેના પાસેના આદમીઓ
Mirror (મિરર) આરસી, દર્પણ
Desired...mirror તેણે તેની પાસેના આદમીઓને દર્પણ લાવવા કહ્યું
Image (ઇમેઇજ) છબી, તસવીર
Smiled (સ્માઇલ્ડ) હસ્યા
Merry (મેરિ) આનંદી
As before પહેલાંના જેટલો
Family (ફૅમિલિ) કુટુંબ
Ease (ઇઝ) સુખ, ચેન
The whole...ease સઘળું

કુટુંબ સુખી થયું, સઘળા કુટુંબને ચેન પડયું

GRAMMAR

Number (નંબર) વચન

Singular (સિંગ્યુલર) એક

Singular number એક વચન

Plural (પ્લુરલ) એક કરતાં વધારે

Plural number બહુવચન

What is it made of તે શાનું બનેલું છે

૧૪. ચંદ્ર માટે રડતા રામ

એક સાંજે જ્યારે રાણી કૌશલ્યા મહેલમાં રામને રમાડતી હતી ત્યારે આકાશમાં પૂર્ણ ભપકાથી પૂનમનો ચંદ્રમા ઊગ્યો. રામે તે જોયો અને રમકડા તરીક સુંદર ચંદ્ર સાથે રમવાને તે મેળવવાની ઘણી ઇચ્છા થઇ. અને તેણે ચંદ્ર તરફ પોતાના બન્ને નાના હાથ તેને મેળવવાનો પ્રયત્ન કરવાને લાંબા કર્યા. પણ તેની મા તેને શું જોઇએ છે તેની અટકળ કરી શકી નહિ. તેથી તેણે તેને મારવાનો પ્રયત્ન કર્યો. કૌશલ્યાએ તેને ઘણીવાર તેને શું જોઇતું હતું તે પૂછ્યું, અને હજી સુધી તેણે ચંદ્રને આંગળીથી બતાવ્યો. તેથી છેવટે તેને શું જોઇતું હતું તેની ખબર પડી. પછી તેણે તેને ધીમેથી કહ્યું, મારા વહાલા નાના છોકરા, ચંદ્ર મેળવવાનો પ્રયત્ન કર નહિ. તે હજારો માઇલ દૂર છે અને તે છોકરા માટે રમકડું નથી. અને કોઇપણ છોકરાને તે કદી મળ્યો નથી. પણ મારા વહાલા નાના રામ, હું તારે માટે થોડા જવાહીર લાવીશ, તે ચંદ્ર કરતાં વધારે ચકચકિત છે અને તેની સાથે તું રમી શકશે. પછી તેણી પોતાના ઓરડામાં ગઇ અને કેટલાંક સુંદર જવાહીર લાવી અને તે નાના છોકરા પાસે મૂકયાં. તેણે કહ્યું, મારા મધુર બાળક આની સાથે રમ. પણ રામે તે ફેંકી દીધાં. અને જ્યાંસુધી રોવાથી તેની આંખો સુજી ગઇ ત્યાંસુધી તે રડયો. આ વખતે ઘણી સ્ત્રીઓ તેની આસપાસ આવી પણ તેને કોઇ ખુશી કરી શકી નહિ. એકે કહ્યું કદાચ તે ગુસ્સે હશે. બીજી સ્ત્રીએ કહ્યું, હું ધારૂં છું કે તે ઊંઘમાં છે. પછી કૌશલ્યાએ તેને પોતાના ખોળામાં લીધો અને હાલાં ગાયાં પણ તે તેને શાંત કરી

શકી નહિ. પણ તેણે પોતાના નાના હાથથી તેની માને આંચકો (ધક્કો) માર્યો, અને અગાઉ કરતાં વધારે જોસથી રડવા લાગ્યો. પછી બધી સ્ત્રીઓએ કહ્યું શાહજાદા માંદા છે. મહારાજાને તેડાવો. કૌશલ્યા રાણીને શું કરવું તેની સમજણ ન પડવાથી મહારાજાને બોલાવ્યા. જ્યારે મહારાજાએ સાંભળ્યું કે રામ માંદા છે ત્યારે તેણે તેને પોતાની બાથમાં લીધો. અને તે બાળકનું મન સમાધાન કરવાને પોતાથી બનતું કર્યું; પણ તેની પહેલાં જે પ્રયત્નો થયા હતા તેના કરતાં કાંઇ વધારે કરી શકયા નહિ. પછી મહારાજાએ પોતાના મુખ્ય પ્રધાનને બોલાવ્યો, અને જે બન્યું હતું તે બધું કહ્યું. પ્રધાન ઘણો ડાહ્યો માણસ હતો. તેને પોતાનાં ઘણાં છોકરાં હતાં. જ્યારે તેણે સાંભળ્યું કે રામ ચંદ્ર માટે રડે છે ત્યારે તેણે પોતાના આસપાસ ઊભેલા માણસોને દર્પણ લાવવાનું કહ્યું, તેથી દર્પણ લાવવામાં આવ્યું, અને રામના હાથમાં મૂકયું. જ્યારે તેણે ચંદ્રની છબી દર્પણમાં જોઇ ત્યારે તે હસ્યો. અને તદ્દન અગાઉના જેવોજ આનંદી થયો અને આખા કુટુંબને ચેન પડયું.

---

15. THE SHEPHERD BOY AND THE WOLF

Shepherd (શેપહર્ડ) ભરવાડ
I am so tired (ટાયર્ડ) હું એટલો બધો થાકી ગયો છું
Watching (વૉચિંગ) તપાસતાં, દેખરેખ રાખતાં
Sheep (શીપ) ઘેટાં, મેંઢાં
For a change (ચેઇન્જ) કંઇ બીજું કામ, કાંઇ ફેરફાર
Have counted (કાઉન્ટેડ) ગણ્યાં છે
Dams (ડૅમ્સ) મેંઢાનાં બચ્ચાં
Lambs (લૅમ્ઝ) બકરીનાં બચ્ચાં
Not once in a way એક રીતે એકવાર નહિ
Ten times a day દિવસમાં દસ વાર
I've done મેં પૂરૂં કર્યું
As soon as કે તરતજ
I've begun (બીગન) મેં શરૂ કીધું જ છે

Never get કદી થતાં નથી
Fewer (ફ્યુઅર) ઓછાં
I am sure (સ્યોર) મારી ખાતરી છે
Endure (એન્ડયોર) ખમવું સહન કરવું
Can not endure મારાથી સહન કરી શકાતી નથી, ખમી શકાતી નથી
Hours and hours કલાકોના કલાકો
Soul (સોલ) પ્રત્યેક પ્રાણી
Valley (વૅલી) ખીણ
Hole (હોલ) દર
Are singing (સિંગિંગ) ગાય છે
Gnats (નૅટસ) મચ્છરો
Are stinging (સ્ટિંગિંગ) ડંખ દે છે
Life (લાઇફ) જીંદગી
Quiet and slow (કવાયેટ-સ્લો) શાંત અને ધીમી
As for myself (માઇસેલ્ફ) મારે પોતાને માટે તો
Something else (સમથિંગ એલ્સ) કાંઇક બીજું
Wolf (ઉલ્ફ) વરૂ
Villagers (વિલેજર્સ) ગામડિયા
Will stare (સ્ટૅર) તાકીને જોવું, ધારી ધારીને જોવું
I'm only in fun (ફન) હું તો મજાકજ કરૂં છું
Fair (ફૅર) વાજબી
Got angry (ઍન્ગ્રિ) ગુસ્સે થાય
I do not care (કૅર) મને દરકાર નથી
I shall have had મને મળશે
The boy is in danger (ડેન્જર) છોકરો ભયમાં છે
Spear (સ્પીઅર) ભાલો
Whatever was near જે કાંઇ પાસે હોય
Rushed down (રશ્ડ) ધસી આવ્યો
Mountain side (માઉન્ટન સાઇડ) પર્વતની બાજુ
Crowd (ક્રાઉડ) ટોળું
Laughed aloud (લાફ્ડ ઍલાઉડ) ખડખડ હસ્યો
There is nothing in the matter એમાં કાંઇ નથી
Clatter (ક્લૅટર) ધાંધલ
Will scatter (સ્કૅટર) વીખરાઇ જશે

Wanted (ૉવૉન્ટેડ) જોઇતું હતું
Foolish (ફૂલિશ) મૂર્ખ, બેવકૂફ
Has tricked (ટ્રિકડ) મશ્કરી કરી
Thrice (થ્રાઇસ) ત્રણવાર
Will drive us mad આપણને ગાંડા કરી નાખશે
Surprise (સરપ્રાઇઝ) આશ્ચર્ય, અચંબો
In great surprise ઘણા આશ્ચર્યથી
At length (લેન્થ) આખરે
Happened (હૅપન્ડ) બન્યું
Dreadful (ડ્રેડફુલ) ભયંકર
Grey (ગ્રે) રાખોડી રંગનો
Sprang (સ્પ્રૅંગ) કૂદી પડયો
In their play જ્યારે તેઓ રમતમાં હતાં
Carried away (કૅરીડ) લઇ ગયું
Shouted (શાઉટેડ) બૂમ પાડી
Aloud (ઍલાઉડ) મોટેથી
Reason (રીઝન) કારણ
Laughed with joy (લાફ્ડ વિથ જૉય) ખુશીથી હસી પડયું

GRAMMAR

Forms (ફૉર્મ્સ) રૂપ
End in (એન્ડ ઇન) ને છેડે હોય છે
Monarch (મૉનર્ક) રાજા
Is formed બને છે
By changing બદલવાથી
Oxen (ઑક્સન) બળદો
Feet (ફીટ) પગો
Goose (ગૂઝ) હંસ
Geese (ગીઝ) હંસો
Mouse (માઉસ) ઉંદર
Mice (માઇસ) ઉંદરો
Kiss (કિસ) ચુંબન
Brush (બ્રશ) બ્રશ
Hero (હીરો) પહેલવાન શૂરવીર

૧૫. ભરવાડનો છોકરો અને વરૂ.

અરે વહાલા! હું ઘેટાંને તપાસતાં થાકી ગયો છું, હું શું બીજું કામ કરૂં? મેં મેંઢીનાં બચ્ચાં ગણ્યાં છે. મેં બકરીનાં બચ્ચાં ગણ્યાં છે. એક રીતે એક વાર નહિ પરંતુ એક દિવસમાં દસવાર. જેવું મેં ગણવાનું પુરૂં કર્યું કે તરત જ ફરી ગણવાનું શરૂ કર્યું. મને ખાત્રી છે કે તે કદી ઓછાં થતાં નથી. આવી જીંદગી

હું સહન કરી શકતો નથી. કાંઇ બીજાં કામને માટે શું કરૂં ? હું દરેક પ્રાણી સાથે વાતચીત કરૂં છું ત્યારથી કલાકોના કલાકો થઇ ગયા છે. કોઇ આને ખીણ કહે છે હું એને દર કહું છું, હું જાણું છું કે સુંદર પક્ષીઓ ગાય છે. હું વળી જાણું છું કે મચ્છરો ડંખ દે છે. કેટલાક લોકો ધીમી અને શાંત જીંદગી પસંદ કરે છે. મારે પોતાને માટે જે હું જાણું છું તે આ બધું છે, હું કાંઇ બીજા કામને માટે ઇચ્છું છું. હા હવે હું જાણું છું કે હું વરૂ હો હો એમ કહીશ. ગામડિયા સઘળા કેવા દોડી આવશે ! તેઓ આમ જોશે, તેઓ તેમ જોશે, અને તેઓ કેવા તાકીને જોશે ! જ્યારે હું તેમને કહીશ હું તો મશ્કરી કરૂં છું. હા, હું જે કરીશ તે તે છે, તેઓ કહેશે એ વાજબી નથી પણ જો તેઓ ગુસ્સે થશે તો મને દરકાર નથી કારણ કે મારે કાંઇ બીજું કામ મળશે. ગામડિયાએ વરૂ હો હો, એવી બૂમ સાંભળી ત્યારે તેઓએ કહ્યું છોકરો ભયમાં છે, તેથી દરેકે ભાલો અથવા જે પાસે હતું તે લીધું, અને પર્વતની બાજુ તરફ ધસી આવ્યા. જ્યારે તેણે ટોળું જોયું ત્યારે તે ખડખડ હસ્યો અને કહ્યું કાંઇ બન્યું નથી. આવું ધાંધલ કરશો નહિ, બધાં ઘેટાં વીખરાઇ જશે; મને બીજાં કામની ઇચ્છા થઇ. તે મૂર્ખ ભરવાડના છોકરાએ એક કે બે કરતાં વધારે વાર આ પ્રમાણે કર્યું. ગામડિયાઓએ કહ્યું તેણે ત્રણ વાર આપણને મશ્કરીથી ઠગ્યા છે. આ છોકરો આપણને ગાંડા કરી નાંખશે. જ્યારે તે વરૂ એમ બૂમ પાડશે ત્યારે આપણે ફરીથી જઇશું નહિ અને જ્યારે તેના બોલવાથી કોઇ આવ્યું નથી એવું તે જોશે ત્યારે તેની આંખ ઘણા આશ્ચર્યથી તે ઉઘાડશે કારણ કે આપણે વળી બીજું કાંઇ કામ જોઇએ. છેવટે એક ભયંકર દિવસે એવું બન્યું કે એક ઝનૂની રાખોડી રંગનો વરૂ પાસે આવ્યો અને ઘેટાં અને મેંઢાં રમતાં હતાં તેમનાં ઉપર કૂદી પડયો. અને કેટલાંકને તેણે મારી નાખ્યા. અને કેટલાકને ઘસડીને લઇ ગયો. તે વખતે ભરવાડને છોકરે ધાસ્તીમાં બૂમ પાડી, તેણે મોટેથી બૂમ

પાડી વરૂ હો, હો, પણ કોઇ આવ્યું નહિ. તમે કારણ જાણો છો. જે છોકરો બીજું કાંઇ કામ ઇચ્છતો હતો તે છોકરા ઉપર વરૂ જ્યારે કૂદી પડયો ત્યારે તે ખુશીથી હસી પડયો.

---

16. THE FOOLISH PIGEONS.

Foolish (ફૂલિશ) મૂર્ખ
Pigeons (પિજીઅન્સ) કબૂતરો
Was flying about આમતેમ ઊડતો હતો
High up in air હવામાં ઊંચે
Forest (ફૅારેસ્ટ) જંગલ
Flock (ફ્લૅાક) ટોળું
Followers (ફૅાલોઅર્સ) પાછળ જનારાં
Early that morning તે દિવસે છેક સવારે, પરોઢીએ
Just as જેવો કે તરત જ
Was setting (સેટિંગ) આથમતો હતો
Fowler (ફાઉલર) પારધી
Living (લિવિંગ) ગુજરાન
Had strewn (સ્ટ્રુન) વેર્યાં હતાં
Grains (ગ્રેઇન્સ) અનાજના દાણા
Had spread (સ્પ્રેડ) પાથરી હતી
Net (નેટ) જાળ
Hid (હિડ) સંતાયો
Thick (થિક) ગાઢી
Bush (બુશ) ઝાડી
Close by (ક્લોઝ બાઇ) નજીકમાં
Spied (સ્પાઇડ) જોયું
Alighted (ઍલાઇટેડ) ઊતર્યો
Lofty (લૅાફ્ટિ) ઊંચો
Replied (રીપ્લાઇડ) જવાબ દીધો
Rice–field (રાઇસ ફીલ્ડ) ડાંગરનું ખેતર
I am afraid હું ગભરાઉં છું
Trickery (ટ્રિકરિ) લુચ્ચાઇ
Come to harm (હાર્મ) મુશ્કેલીમાં આવી પડીએ
Run risk (રિસ્ક) સાહસ કરવું જોખમ ખેડવું
Do not let us run any risk આપણે સાહસ કરવું ન જોઇએ

That is all very true બધી વાત સાચી છે

Observed (ઑબ્ઝર્વ્ડ) કહ્યું

Bold (બોલ્ડ) બહાદુર

Young pigeon (યંગ) કબૂતરનું બચ્ચું

Much of the world (ઉવર્લ્ડ) દુનિયાનું ઘણું

No doubt (ડાઉટ) બેશક

Risk (રિસ્ક) સાહસ, જોખમ

Hungry (હંગ્રિ) ભૂખ્યું

Mean (મીન) વીચાર કરે છે

As he said this જેવું તેણે આ પ્રમાણે કહ્યું તેવું

Followed (ફૉલોડ) પાછળ પાછળ ગયા

In a hurry (હરિ) ઉતાવળમાં

Settled (સેટલ્ડ) બેસી ગયા

All at once (અૅટ ઉવન્સ) બધા એકદમ

Were caught (કૉટ) પકડાઇ ગયા

To abuse (ઍબ્યુઝ) ગાળો દેવી

Had led them into the snare તેઓને જાળમાં ફસાવ્યાં

Snare (સ્નૅર) જાળ

Find fault with (ફૉલ્ટ) ભૂલ કાઢવી

We are all to blame આપણે બધાં ઠપકાને પાત્ર છીએ

Greed (ગ્રીડ) લોભ

Has led (લેડ) દોરાવ્યાં

Let us not lose time વખત ગુમાવવો નહિ

Talking (ટૉકિંગ) વાતચીત

Are lost (લૉસ્ટ) મરી જ ગયાં

Cannot escape (એસ્કેઇપ) નાસી નહિ જઇ શકાય

Are all caught (કૉટ) બધા પકડાઇ ગયા છે

Is pegged (પેગ્ડ) ખીંટીથી બાંધેલી છે

At the same moment (મોમેન્ટ) તેજ ક્ષણે

With all our strength (સ્ટ્રેંથ) આપણા સઘળા જોરથી

Pegs (પેગ્ઝ) ખીંટીઓ

Will give away ઊખડી જશે

Advice (અડવાઇસ) સલાહ

Rose (રોઝ) ઉપર ચઢયાં (ઊડયાં)

All together (ટુગેધર) બધાં એક સામટાં

He was too late ઘણું મોડું થઇ ગયું હતું
A long way ઘણે દૂર સુધી
Open (ઓપન) ખુલ્લાં
Fields (ફીલ્ડઝ) ખેતરો
In vain (વેઇન) ફોગટ
Got tired (ટાયર્ડ) થાકી ગયો
Returned (રીટર્ન્ડ) પાછો ફર્યો
To get rid of (રિડ) કાઢી નાખવું, મુક્ત થવું
Southwards (સાઉથવર્ડ્ઝ) દક્ષિણ તરફ
Slept (સ્લેપ્ટ) સૂતાં હતાં
Last night (લાસ્ટ નાઇટ) ગઇ રાત્રે
Set free (સેટ ફ્રી) છુટ્ટાં કરશે
Gnawing (નૉઇંગ) કાતરી નાખીને
Bits (બિટસ) કકડા
Ropes (રોપ્સ) રાંઢવાં
Hunters (હન્ટર્સ) શિકારીઓ
Had tied fast (ટાઇડ) મજબૂત બાંધ્યા હતા
Will bite to pieces (પીસિઝ) દાંતે કાતરીને ટુકડે ટુકડા કરી નાખશે
Hole (હોલ) દર
Foot (ફૂટ) તળેટી
Flock (ફ્લૉક) ટોળું
Flew onward (ફ્લ્યુ ઑનવર્ડ) આગળ ઊડયું
Underneath (અંડરનીથ) નીચે
Outlets (આઉટલેટ્સ) બહાર નીકળવાના દરો
So that જેથી કરીને
Might escape (એસ્કેઇપ) નાસી જઇ શકે
Enemy (એનિમિ) દુશ્મન
Was peeping (પીપિંગ) ડોકિયાં કરતો હતો
What is the matter શું થયું છે
So soon એટલા બધા જલદી
In a great hurry (હરિ) ઘણી ઉતાવળથી
In any way કોઇ (પણ) રીતે
Barely (બૅર્લિ) ભાગ્યેજ
We have escaped (એસ્કેઇપ્ડ) નાઠા છીએ
Bird-catcher (બર્ડ કૅચર) પારધી
Chased (ચેઇઝડ) પાછળ પડ્યો

For a long way લાંબે સુધી

Here we are at last આખરે અમે અહિં આવી પહોંચ્યા છીએ

Noble deed (નોબલ ડીડ) ઘણું જ સારૂં કૃત્ય

Of course (ઑફ્ કોર્સ) અલબત

What is the use of a friend મિત્ર શા કામનો છે

Trouble (ટ્રબલ) મુશ્કેલી સંકટ

In time of trouble સંકટના સમયમાં

Set to work કામે લાગી ગયો (કાતરી નાખવાને)

Teeth (ટીથ) દાંત

One by one એક પછી એક

Were freed છુટાં કરવામાં આવ્યાં

Nice nest (નાઇસ નેસ્ટ) સુંદર માળો

Remarked (રીમાર્ક્ડ) કહ્યું ટીકા કરી

Grateful (ગ્રેઇટફુલ) આભારી

Thanked (થૅન્કડ) આભાર માન્યો

Kindness (કાઇન્ડનેસ) માયાળુ

Exclaimed (એક્સક્લેઇમ્ડ) બોલી ઊઠયો

To have a friend (ફ્રેન્ડ) જેને મિત્ર હોય તે

In need (નીડ) જરૂર

A friend in need is a friend indeed સંકટમાં ખપ લાગે તે ખરેખર મિત્ર છે

GRAMMAR

Article (આર્ટિકલ) હદ દર્શક વિશેષણ

Short ways ટુંકી રીતે

Numeral (ન્યુમરલ) સંખ્યાવાચક

Really (રીઅલિ) ખરેખર

Mark off (માર્ક ઑફ્) ઓળખવું

Beginning with (બીગિનિંગ) થી શરૂ કરતાં

Consonant (કૉન્સોનન્ટ) વ્યંજન

Definite (ડેફિનિટ) નિશ્ચિત

Indefinite (ઇનડેફિનિટ) અનિશ્ચિત

૧૬. મૂર્ખ કબૂતરો

એક દિવસ કબૂતરનો રાજા પોતાની પાછળ આવનારાઓનાં

ટોળાં સાથે જંગલમાં ઊંચે હવામાં આમતેમ ઊડતો હતો. તે દિવસે એક પરોઢીએ જેવો ચંદ્ર આથમતો હતો તેવોજ એક પારધી જે પક્ષીઓ પકડી અને તેમને વેચીને પોતાનું ગુજરાન ચલાવતો હતો તેણે જમીન પર થોડા ચોખાના દાણા વેર્યા હતા. તેના ઉપર તેણે એક મજાની જાળ પાથરી હતી. પછી તે ગયો અને પાસેની ગાઢી ઝાડીમાં સંતાઇ ગયો. જેવો કબૂતરનો રાજા એકલો ઊડતો હતો તેવામાં તેણે જમીન ઉપર ચોખા જોયા તે એકદમ ઊભો રહ્યો અને પોતાની પાછળ જનારા સાથે એક ઊંચા આંબા ઉપર ઊતર્યો. તેણે બીજા કબૂતરોને કહ્યું. આપણે નીચે ઊડીને જઇશું અને પેલા ચોખા ખાઇશું ? એક ડાહ્યા ઘરડા કબૂતરે જવાબ દીધો. ના. આ ચોખાનું ખેતર નથી. આ જંગલ છે. જંગલમાં ચોખા ઊગતા નથી ! અહીંયાં ચોખાના દાણા ક્યાંથી આવ્યા ? મને બીક લાગે છે કે અહીંયાં કંઇક લુચ્ચાઇ છે અને આપણે મુશ્કેલીમાં આવી પડશું. આપણે સાહસ ન કરવું જોઇએ. એક બહાદુર નાનું કબૂતર જેને દુનિયાનું વધારે જ્ઞાન નહોતું તેણે કહ્યું. એ બધી વાત સાચી છે પણ આપણે થોડોક ખોરાક જોઇએ. આપણને ઇજા કરશે તેવા કોઇને હું નજીકમાં જોતો નથી. બેલાશક તેમાં જોખમ છે. પણ જંગલમાં હંમેશાં જોખમ હોય છે. હું ઘણો ભૂખ્યો છું. અને તેમાંના થોડા ચોખા ખાવાનો મારો વિચાર છે. ત્યાં નીચે કેવું સુંદર દેખાય છે. તેણે કહ્યું કે તરતજ તે ઊડીને નીચે ઉડીને આવ્યો. અને બીજાં કબૂતરો પણ તેની પાછળ ગયાં. દરેકે ચોખા પાસે પહેલાં પહોંચવાનો પ્રયત્ન કર્યો. તેઓ બધા ઉતાવળથી નીચે આવ્યાં, અને જમીન પર સાથે બેસી ગયાં. બધા જાળમાં પકડાઇ ગયા. પછી તેઓ જેના શબ્દોથી જાળમાં દોરવાયાં હતાં તેને ગાળો દેવા મંડયાં. તેઓના રાજાએ કહ્યું. ના, ના, તેની ભૂલ કાઢો નહિ. આપણે બધા ઠપકાને પાત્ર છીએ. લોભે આપણને આ જાળમાં દોરવ્યા છે. વાતચીતમાં આપણે વખત ગુમાવવો નહિ. હું કોઇને આ રસ્તે આવતો જોઉં છું. જો આપણે

એકદમ નાસી જઇએ નહિ તો આપણે મરીજ ગયા છીએ. આપણા સઘળા પગ જાળમાં પકડાઇ ગયા છે. અને તેને જમીન સાથે ખીંટીથી ખોડેલી છે. પણ આપણે ઘણા છીએ. એકજ પળે ચાલો આપણે બધા ઊડીએ. અને બધા જોરથી તેને ખેંચીએ અને પછી ખીંટી ઊખડી જશે. જ્યારે કબૂતરોએ આ સલાહ સાંભળી ત્યારે તેમના રાજાએ કહ્યું તે પ્રમાણે તેમણે કર્યું. તેઓ બધાં સાથે ઊંચે ચડયાં અને જાળ સાથે ઊડી ગયાં. પારધી દોડતો આવ્યો પણ તે ઘણો મોડો હતો. તે ઘણે લાંબે સુધી તેમની પછવાડે જંગલ બહાર ખુલ્લાં ખેતરોમાં દોડયો પણ ફોગટમાં. કબૂતર ઘણાં ઝડપથી ઊડે છે. પારધી તરતજ થાકી ગયો અને પાછો ફર્યો. કબૂતરોએ તેમના રાજાને કહ્યું. હવે અમારે શું કરવાનું છે? આપણે આ જાળ કેવી રીતે કાઢી નાખશું. આપણે તેમાંથી આપણા પગ બહાર ખેંચી શકતા નથી. તેમના રાજાએ જવાબ દીધો. દક્ષિણ તરફ જ્યાં ગઇ રાત્રે આપણે મોટા ઝાડ ઉપર સૂતાં હતાં તે તરફ ઊંડો ત્યાં એક મારો મિત્ર છે, જે આપણને મદદ કરશે. તે ઉંદરોનો રાજા છે. તેણે એક મોટા સિંહને જેને શિકારીઓએ દોરડાથી મજબુત બાંધ્યો હતો તે દોરડાંના કકડા કરી નાખીને છુટ્ટો કર્યો હતો. તે તરતજ આ જાળને કરડીને કકડા કરી નાખશે. તે ઝાડની તળેટીમાં એક દરમાં રહે છે. પછી કબૂતરનું ટોળું તે મોટા ઝાડ તરફ ઊડી ગયું. ઉંદરનો રાજા તે ઝાડ નીચે ઊંડા દરમાં રહેતો હતો. તેના દરમાંથી બહાર નીકળવાના ઘણા દ્વાર હતા જેથી કરીને જો કોઇ દુશ્મન બીજે રસ્તે અંદર આવે તો તે તેમાંના એકથી તે નાશી જઇ શકે. જ્યારે કબૂતરો નીચે ઊડી આવ્યાં ત્યારે તે દરમાંથી ડોકિયાં કરતો હતો. તેણે તેઓના રાજાને ઓળખ્યો અને તેને મળવાને બહાર ગયો. તેણે કહ્યું મારા મિત્ર શું થયું છે! તું તારા ઝાડ ઉપર એટલો બધો જલદી પાછો કેમ આવ્યો છે? તું ઘણી ઉતાવળમાં હોય એમ લાગે છે. હું તને કોઇપણ રીતે મદદ કરી શકું? કબૂતરોના રાજાએ

કહ્યું, મારા વહાલા ઉંદર, અફસોસ, અમે આ જાળમાં પકડાયા છીએ, અને અમે ભાગ્યેજ જીવ લઇને નાઠા છીએ. એક ઘાતકી પારધી ઘણે લાંબે સુધી અમારી પાછળ આવ્યો પણ અમે છેવટે અહીં આવી પહોંચ્યાં છીએ. જેવી રીતે તેં જંગલના મોટા રાજા સિંહને મદદ કરી હતી તેવી રીતે તું એકલોજ અમને મદદ કરી શકીશ. તે ઘણા સારા કૃત્ય વિષે અમે બધા જાણીએ છીએ. ઉંદરના રાજાએ કહ્યું, અલબત હું તમને મદદ કરીશ. સંકટના સમયમાં કોઇ મિત્ર તમને મદદ કરવાને તૈયાર ન હોય તો તે મિત્ર શા કામનો છે? તે પછી પોતાના તીણા નાના દાંતથી કામે લાગી ગયો. અને તરતજ જાળના કકડા કરી નાખ્યા. એક પછી એક કબૂતરોને છુટાં કરવામાં આવ્યાં. અને ઉંદર તેના દરમાં જાળના કકડાઓને લઇ ગયો તેણે કહ્યું કે મારે ઊંઘવાને માટે તેનો એક સુંદર માળો બનશે. આભારી કબૂતરોએ તેના માયાળુપણા માટે તેનો આભાર માન્યો. તેઓ બોલી ઊઠયાં કે અમે જોઇએ છીએ કે જેને મિત્ર હોય તે કેવા ભાગ્યશાળી? સંકટમાં ખપ લાગે તે મિત્ર. સલામ કરીને તેઓ ઊડી ગયાં.

---

17. THE MISER AND HIS GOLD

Miser (માઇઝર) લોભિયો મખ્ખીચુસ
Treasure (ટ્રેઝર) ખજાનો
Pleasure (પ્લેઝર) આનંદ
Chanced (ચાન્સ્ડ) બન્યું
Knelt (નેલ્ટ) પગે પડયો
Robber (રૉબર) ચોર, લૂંટારો
Bold (બોલ્ડ) બહાદુર
Very same night તેજ રાત્રે
Was gone ઊપડી ગયો, ગુમ થયો
Terrible (ટેરિબલ) ભયંકર
Clatter (કલૅટર) ઘાંઘલ
Neighbours (નેઇબર્સ) પાડોશીઓ
What was the matter શું થયું
Pray tell us અમને મહેરબાની કરી કહો
Instead (ઇનસ્ટેડ) ને બદલે

૧૭. લોભિયો અને તેનું સોનું

એક લોભિયો જે બાકું તેણે બનાવ્યું હતું તેમાં તે પોતાનો ખજાનો રાખતો. તે દરરોજ તે જોવાને આવતો. આ માત્ર તેનો આનંદ હતો. હવે એક વખત એવું બન્યું કે જેવો તે ઘુંટણીએ બાંકા પાસે પડયો હતો તેવામાં એક બહાદુર ચોરે તેને જોયો. અને ચોર તેજ રાત્રે પાછો આવ્યો અને તેનું સોનું લઇ ગયો. જ્યારે તે ઘરડા માણસને ખબર પડી કે તેનો ખજાનો ચોરાઇ ગયો છે, ત્યારે તેણે એવું ભયંકર ધાંધલ કર્યું કે શું થયું છે તે વિષે પૂછવાને બધા પાડોશીઓ દોડતા આવ્યા. તેણે કહ્યું ગઇ રાત્રે એક ચોર મારૂં સોનું લઇ ગયો, અને તે લઇને નાસી ગયો. તેના પાડોશીઓએ કહ્યું સોનું જતું રહ્યું તે પહેલાં શું કર્યું તે અમને મહેરબાની કરી કહે. તેણે કહ્યું, હું તે જોવાને દરરોજ આવતો અને હવે હું શું કરૂં ? તેના મિત્રોએ જવાબ દીધો કે તું દરરોજ અહીંયાં આવજે અને તેને બદલે બાંકા તરફ જોજે.

---

18. APPAJI AND THE ELEPHANTS

Merchant (મરચન્ટ) વેપારી
Time came for him to die તેને મરવાનો સમય આવ્યો
In order to divide (ડિવાઇડ) ભાગ પાડી આપવાને
To divide ભાગ પાડી આપવા
Property (પ્રોપર્ટિ) માલમિલકત
Next world (નેક્સ્ટ ઉવર્લ્ડ) બીજી દુનિયા
I can take nothing with me મારાથી મારી સાથે કંઇ પણ લઇ જવાય એમ નથી
I have much money મારી પાસે પુષ્કળ પૈસો છે
Jewels (જ્યુએલ્સ) દાગીના, જવાહીર, ઝવેરાત
May divide (ડિવાઇડ) વહેંચી લ્યો
Equally (ઇક્વલિ) સરખી રીતે
Seventeen (સેવન્ટીન) સત્તર
Good marks (માર્કસ) સારી નિશાનીઓ

Take great care ઘણી સંભાળ રાખજો
Eldest (એલ્ડેસ્ટ) સૌથી મોટો
One third (ઉવન થર્ડ) એક તૃતીયાંશ
One-ninth (ઉવન નાઇન્થ) એક નવમાંશ
Youngest (યંગેસ્ટ) સૌથી નાનો
Look after તપાસ રાખવી
Soon after this આ પછી તરતજ
Breathed (બ્રીધ્ડ) શ્વાસ લીધો
Last breath (બ્રેથ) છેલ્લો શ્વાસ
Breathed his last breath મરણ પામ્યો
Performed (પરફૉર્મ્ડ) કીધી (ક્રિયા)
Funeral (ફ્યુનરલ) મરણની
Ceremony (સેરિમનિ) ક્રિયા
Properly (પ્રૉપર્લિ) બરોબર રીતે
Feasted (ફીસ્ટેડ) જમાડ્યા
All was over બધું પૂરું થયું
Divided (ડિવાઇડેડ) ભાગ વહેંચી લીધા
Goods (ગુડઝ) સામાન
Share (શૅર) ભાગ
Did not know what to do શું કરવું તે સૂઝ્યું નહિ
Can be divided ભાગ થઇ શકે
Minister (મિનિસ્ટર) પ્રધાન, દીવાન
Case (કેઇસ) મામલો
Rich (રિચ્ચ) કિંમતી
Presents (પ્રેઝન્ટસ) ભેટો
Saluting (સૅલ્યુટિંગ) સલામ કરીને નમસ્કાર કરીને
Respectfully (રીસ્પેક્ટફુલ્લિ) વિનયપૂર્વક
Stated (સ્ટેઇટેડ) કહ્યું, જણાવ્યું
According to (ઍકૉર્ડિંગ) પ્રમાણે
Riding (રાઇડિંગ) સવાર થઇને
Howdah (હોદા) હાથીની પીઠ પર બાંધે છે તે અંબાડી
Received (રીસીવ્ડ) આવકાર આપ્યો, માન આપ્યું
Respect (રીસ્પેક્ટ) માન, આવકાર
Seated (સીટેડ) બેસાડ્યા
Seat of honour (ઓનર)

માનની જગ્યા
Were brought out (બ્રૉટ) બહાર લાવ્યા
Were placed in a line હારબંધ ગોઠવી દીધાં
The rest (રેસ્ટ) બાકીના
Were pleased (પ્લીઝડ) ખુશી થયાં
Full (ફુલ) પૂરેપૂરો
Observed (ઑબ્ઝવર્ડ) કહ્યું
Mounted (માઉન્ટેડ) ચઢયો
People (પીપલ) લોકો
Praised (પ્રેઇઝડ) વખાણ કીધાં
Wisdom (વિઝડમ) ડહાપણ
Were delighted (ડીલાઇટેડ) ખુશી થયા
Was settled (સેટલ્ડ) પતી ગયો
Wishes (વિશીઝ) ઇચ્છાઓ
Had been carried out (કૅરિડ) બર આવી (ઇચ્છા પ્રમાણે) સમાધાન થઇ ગયું

GRAMMAR

Degrees (ડિગ્રીઝ) તુલના
High (હાઇ) ઊંચી
Higher (હાયર) વધારે ઊંચી
Highest (હાયેસ્ટ) સૌથી ઊંચી
By step (સ્ટેપ) ધીમે ધીમે
Positive degrees (પૉઝિટિવ) મૂળરૂપ
Side by side એક બીજા સાથે
Compare (કમ્પૅર) સરખાવવું
Comparative degree (કંપૅરેટિવ) અન્યસાપેક્ષક તુલના
Superlative degree (સુપરલેટિવ) સર્વસાપેક્ષક તુલના

૧૮. આપાજી અને હાથીઓ

એક વખત એક મોટા શહેરમાં એક વેપારી રહેતો હતો, જેને ત્રણ છોકરા હતા. જ્યારે તેનો મરવાનો વખત આવ્યો, ત્યારે તેણે તેમની વચ્ચે પોતાની માલ મીલકતના ભાગ પાડી આપવાને પોતાના છોકરાને બોલાવ્યા. તેણે તેમને કહ્યું મારા વહાલા દીકરાઓ, મારે બીજી દુનિયામાં જવાનો વખત થયો છે અને મારી સાથે હું કાંઇ પણ લઇ જઇ શકીશ નહિ. મારી પાસે જે છે તે બધું તમને આપું છું. મારી પાસે પુષ્કળ પૈસો, ઘણું જવાહીર, ઘોડા, ગાયો, ઘરો અને બીજી વસ્તુઓ છે. આ તમે તમારા વચ્ચે સરખે ભાગે વહેંચી

લેજો. તમે જાણો છો તે પ્રમાણે મારી પાસે બધા ઘણી સારી નિશાનીઓવાળા સત્તર હાથી છે. તેમને કદિ વેચતા નહિ. તેમને સારી રીતે સાચવજો. આ હાથીઓમાંથી અડધા મારા સૌથી મોટા છોકરાને, એક તૃતીયાંશ મારા બીજા છોકરાને અને એક નવમાંશ મારા સૌથી નાના છોકરાને હું આપું છું. દરેક છોકરાને પોતાના હાથી લેવા દેજો અને તેમની ખબર રાખજો. આ પછી તરત જ તે વેપારીએ છેલ્લો શ્વાસ ખેંચ્યો (મરણ પામ્યો). છોકરાઓએ પોતાના બાપની મરણક્રિયા સારી રીતે કરી. ઘણા માણસોને જમાડયા અને ગરીબોને ઘણા પૈસા આપ્યા. જ્યારે બધું પતી ગયું ત્યારે તેમના બાપનો સામાન તેમના બાપના કહેવા મુજબ તેમના વચ્ચે વહેંચી લીધો. દરેક છોકરે પોતાનો ભાગ લીધો. પણ જ્યારે તેઓએ હાથીની વહેંચણી કરવા માંડી ત્યારે શું કરવું તે તેઓને સુઝયું નહિ. બે, ત્રણ અને નવથી સત્તરને કેવી રીતે ભાગી શકાય. તેઓએ ઘણા માણસોને તેમને મદદ કરવાને કહ્યું, પણ કોઇ તે પ્રમાણે કરી શકયું નહિ. આખરે મોટા છોકરાએ કહ્યું, ચાલો આપણે આપાજી પ્રધાન પાસે જઇએ. તે એક ડાહ્યો માણસ છે, જો તે આ મામલો પતાવી ન શકે તો બીજો કોઇ પતાવી શકશે નહિ. પછી તેઓ તેમના હાથમાં કિંમતી ભેટો લઇને પ્રધાન પાસે ગયા અને માનપૂર્વક તેને નમન કરીને તેઓને મામલો રજૂ કર્યો (કહ્યો). તેઓને જે કહેવાનું હતું તે પ્રધાને સાંભળ્યું અને જવાબ દીધો. ઘેર જાઓ. આવતી કાલે હું આવીશ અને તમારા બાપની ઇચ્છા પ્રમાણે તમારા વચ્ચે હાથીઓના ભાગ પાડી આપીશ. બીજે દિવસે આપાજી પોતાના હાથીની અંબાડીમાં બેસીને તે વેપારીને ઘેર ગયો. વેપારીના છોકરાએ ઘણા માનથી તેને આવકાર આપ્યો અને તેને માનની બેઠકપર બેસાડયા. પ્રધાને કહ્યું. સત્તર હાથીને બહાર લાવો. હાથીઓને બહાર લાવવામાં આવ્યા, અને હારબંધ ગોઠવી દીધા. આપાજીએ કહ્યું. હવે મારો હાથી

બાકીના સાથે ગોઠવો, અને દરેકને પોતાનો ભાગ લેવા દો. વેપારીના છોકરા તેઓને એક બીજો હાથી મળશે એવું ધારી ઘણા ખુશી થયા. અને તેઓએ તેમના ભાગલા પાડવા માંડયા. સૌથી મોટા છોકરાએ નવ લીધા. બીજા છોકરાએ છ લીધા અને સૌથી નાનાએ બે લીધા. પછી આપાજીએ કહ્યું દરેકને પોતાનો પૂરો ભાગ મળ્યો છે? તેઓએ જવાબ આપ્યો. હા. પ્રધાને કહ્યું જો તે પ્રમાણે હોય તો મને મારો હાથી પાછો મળે છે. જ્યારે તેણે આ પ્રમાણે કહ્યું ત્યારે તેના હાથી પર ચઢયો અને ઘેર ગયો. સઘળા માણુસોએ આપાજીનાં ડહાપણનાં વખાણુ કર્યાં અને છોકરાઓ ખુશી થયા કે આપણા માટે આપણો મામલો પતી ગયો અને આપણા બાપની ઇચ્છાઓ બર આવી.

---

19. THE GOOSE AND THE GOLDEN EGG.

Grey (ગ્રે) ધોળા રંગની
Goose (ગૂઝ) હંસણી
Laid (લેઇડ) મૂકતી
Golden (ગોલ્ડન) સોનાનું
Quacked (ક્વૅક્ડ) બડાઇથી ચાલતી
Pleasure (પ્લેઝર) આનંદ
Felt so happy (હૅપી) આનંદ માનતી
Glad to think ધારીને ખુશી થતી
Treasure (ટ્રેઝર) ખજાનો
Farmer (ફાર્મર) ખેડુત
Scarcely (સ્કૅર્સલિ) ભાગ્યે જ
Could believe (બિલીવ) માની શકયો
Rest (રેસ્ટ) આરામ
Yellow (યલો) પીળું
Shining (શાઇનિંગ) ચળકતી
Somebody (સમબૉડિ) કોઇક શખસ
Is playing a trick on me મારી મશ્કરી કરે છે
Did not notice (નોટિસ) ધ્યાનમાં લીધું નહિ.
Pair of eyes (પૅર) આંખોની જોડ, બે આંખો
Waiting (વેઇટિંગ) રાહ જોતી

Prize (પ્રાઇઝ) મેળવેલી ઉમદા વસ્તુ, ઇનામ
Trust to me (ટ્રસ્ટ) મારા ઉપર વિશ્વાસ રાખ
Trick (ટ્રિક) લુચ્ચાઇ
To pay debts (ડેટસ) દેવું પતાવવા
Plenty of money (પ્લેન્ટિ) પુષ્કળ પૈસા
Although (ઑાલધો) અગરજો
Funny (ફની) મજાક ભરેલું
Day after day દરરોજ, દિનપરદિન
: Neighbours (નેઇબર્સ) પાડોશીઓ
Wondered (ઉવન્ડર્ડ) આશ્ચર્ય પામ્યા
Together (ટુગેધર) માંહોમાંહે, અંદરોઅંદર
Wind (ઉવિન્ડ) પવન
Weather (ઉવેધર) ઋતુ, હવા
Touch (ટચ) સ્પર્શ કરવો, અડકવું
How is it એમ કેમ
What can the secret be (સીક્રેટ) એમાં શી ગુપ્ત વાત હશે
It is all through me (થ્રુ) એ બધું મારે લીધે છે
Evil (ઇવિલ) ખરાબ, દુષ્ટ
Thought (થૅાટ) વિચાર
Entered the mind (એન્ટર્ડ) મનમાં પેઠો
Fell in with the plan (પ્લૅન) એક વિચારનાં થયાં
Must hold (મસ્ટ હોલ્ડ) ની પાસે રાખેલું હોવું જોઇએ.
Killed (કિલ્ડ) મારી નાખી
Very same day તેજ દિવસે
Lesson (લેસન) પાઠ, ધડો
Content (કન્ટેન્ટ) સંતોષ રાખવો
Is meant (મેન્ટ) ઇરાદો છે, મતલબ છે

GRAMMAR

Narrower (નૅરોઅર) વધારે સાંકડું
Syllables (સિલેબલ્સ) ભાગ
More (મોર) વધારે
Most (મોસ્ટ) સૌથી વધારે

પાઠ ૧૯ હંસણી અને સોનાનું ઈંડું

એક ઘરડી ધોળા રંગની હંસણીએ સોનાનું ઈંડું મૂકયું, અને

આખો દિવસ ખુશ થઇને બડાઇથી રહેતી, તે આનંદ મારતી અને એવું ધારીને ખુશ થતી કે મેં મારા ધણીને એક ખજાનો આપ્યો છે. જ્યારે ખેડુત આરામમાંથી સવારે ઊઠયો, અને માળામાં આવી સુંદર રીતે મૂકેલી પીળી ચળકતી ચીજ તેણે જોઇ ત્યારે તેણે ભાગ્યે-જ પોતાની આંખને માની. તેણે કહ્યું, શું તે સોનું છે? અથવા તે શું હોઇ શકે? શું કોઇ મારી મશ્કરી કરે છે? તેના ઇનામનું તેણે શું કર્યું તે જોવાને અથવા મારાપર વિશ્વાસ રાખો તે લુચ્ચાઇ નથી, તમે સાચું સોનું જુઓ છો. તમારૂં દેવું વાળવાને તમારી પાસે પુષ્કળ પૈસા છે. અને જો કે એક મજાક ભરેલું લાગે છે તો પણ હું ઘણા વધારે મૂકીશ એવું બડાઇથી બોલતી હંસણીને સાંભળવાની રાહ જોતી બન્ને આંખોને ધ્યાનમાં લીધી નહિ. અને એ રીતે દરરોજ તેણે કર્યું. તેને એક સોનાનું ઈંડુ માલમ પડયું. તેણે પોતાનું દેવું ભર્યું, તેણે કેટલીક ગાયો ખરીદ કરી, તેણે જમીનનો કટકો ખરીદ્યો અને પાડોશીઓ આશ્ચર્ય પામ્યા અને માંહોમાંહે વાતો કરી ક્યા પવન અથવા કઇ હવા જેને તેઓ અડકે છે તેનું સોનું થઇ જાય છે તે તમે જુઓ! એમ કેમ? એમાં શી ગુપ્ત વાત હશે? અને ધોળા વાળવાળી હંસણી બોલી, એ બધું મારે લીધે છે. અને એક દુષ્ટ વિચાર તે માણસના મનમાં આવ્યો, અને અફસોસ તેની સ્ત્રી એક મતની થઇ ગઇ. જ્યાં સુધી હંસણી ઈંડાં મૂકવાને ખુશી હોય ત્યાં સુધી દિવસોના દિવસો લાંબો વખત રાહ જોવાની છે, આપણે આપણી હંસણીને ચાલો મારી નાખીએ, અને સોનું મેળ-વીએ. તેની પાસે જેટલું સોનું છે તે એકદમ બધું આપણે મેળવીએ. તેઓએ તે જ દિવસે હંસણીને મારી નાખી અને તેણે કદી બીજું ઈંડું મૂક્યું નહિ. અહીંયાં એક શિખામણ કહી છે. જે હંસણી સોનાનું ઈંડું મૂકે છે તેને મારી નાખતા નહિ. છોકરાઓ, તમારી પાસે જે હોય તેથી સંતોષ રાખો. આ શિખામણ છે તેનો અર્થ એ થાય છે.

---

20 THE GREEDY MISER

Greedy (ગ્રીડિ) લોભી, લાલચુ
Miser (માઇઝર) કંજૂસ, મખ્ખીચુસ
Forest (ફૉરેસ્ટ) જંગલ
Deccan (ડક્કન) દખણુ, હિન્દનો દક્ષિણ ભાગ
Had become so weak એટલો નિર્બળ થઇ ગયો હતો
Chase (ચેઇઝ) શિકાર કરવો
Could no longer chase શિકાર કરવાનું બળ રહ્યું નહોતું
Deer (ડીઅર) હરણ
Had taken to catching (કૅચિંગ) તેને પકડવાની ટેવ પડી હતી
Feeble (ફીબલ) નબળો
Could not run even as fast as a man માણસ જેટલું પણ દોડી શકવાની તેનામાં તાકાત નહોતી.
Bangle (બૅંગલ) બંગડી, કડું
Is of no use to me મારે કાંઇ ઉપયોગનું નથી
But perhaps it will help me to catch કદાચ કોઇને (લોભીયાને) પકડવામાં મને ઉપયોગી થઇ પડશે
Pool (પૂલ) ખાબોચિયું
Middle (મિડલ) મધ્યભાગ
By his side (સાઇડ) પોતાની બાજુમાં
Bottom (બૉટમ) તળિયું
Full of thick mud ગાઢા કાદવથી ભરેલું
Got into it તેમાં ફસાઇ પડયો
Could not get out બહાર નીકળી ન શકયો
Easily (ઇઝિલિ) સહેલાઇથી
Passing by (પાસિંગ બાય) ચાલીને જતો
Ran away in a great fright [ફ્રાઇટ] ઘણા ભયથી નાસી જતો
Who loved gold even more than life જે જીંદગી કરતાં પણ સોનાને વધારે કિંમતી ગણતો
Call (કૉલ) બૂમ
I am in luck to-day (લક) આજે મારાં નશીબ ઊઘડયાં
Said to himself પોતાના મનમાં વિચાર કર્યો

To risk my life મારી જીંદગી જોખમમાં નાખવી
But all gain is got by some risk પણ બધો લાભ સાહસ ખેડવાથી મળે છે
Stretching (સ્ટ્રેચિંગ) લાંબો કરીને
H'm (હૂં) હૂં ! મનનો ઉદ્દગાર
Can trust (ટ્રસ્ટ) વિશ્વાસ રાખવો
Fierce (ફીઅર્સ) વિકરાળ
Confess (કનફેસ) કબૂલ કરવું
Wicked (ઉવિકેડ) દુષ્ટ, ક્રૂર
Proper (પ્રૉપર) યોગ્ય, ખરેખર
Brahmins (બ્રાહ્મિન્સ) બ્રાહ્મણો
Old age (ઓલ્ડ એઇજ) ઘડપણ
Feel sorry (ફીલ સૉરિ) દિલગીર થવું
To do good (ગુડ) ભલાઇનું (પરોપકારનું) કામ કરવું
To make up for સમતોલ કરી નાખવું
Deeds (ડીડ્ઝ) કૃત્યો
Alms [આમ્સ] ભિક્ષા
Do not be afraid (એફ્રેઇડ) ગભરાતો નહિ
Nails (નેઇલ્સ) નખો
All are gone બધા ગયા છે
Fine (ફાઇન) મઝાની
Story (સ્ટોરિ) વાર્તા
Desire (ડીઝાયર) ઇચ્છા
Wait no longer વિશેષ વાર જોઇ શકયો નહિ
Waded (વેઇડેડ) ધીમે ધીમે ચાલ્યો
Had stuck (સ્ટક) ચોંટી ગયો
Mud (મડ) કાદવ
Could not move ખસી શકાય એમ ન હતું
Come on (કમ ઑન) ચાલ્યો આવ
Is that so ? એમ છે ? એમ થયું છે !
Stay (સ્ટે) ઊભો રહે
Where you are જ્યાં તું છે ત્યાંનો ત્યાં
Fetch out (ફેચ આઉટ) બહાર કાઢવું
Sprang (સ્પ્રૅંગ) કુદકો માર્યો
Hungry (હંગ્રિ) ભૂખ્યો
There was nothing left of the miser પેલા કંજુસનું કંઇ બાકી રહ્યું નહિ, તેનો ભક્ષ કરી ગયો

Love of gold cost him his life સોનાના લોભે જાન ગુમાવ્યો

GRAMMAR

Irregular (ઇરેગ્યુલર) અનિયમિત

Rule (રૂલ) નિયમ

Regular (રેગ્યુલર) નિયમિત

Do not follow (ફૉલો) લાગુ પડતો નથી

Common (કૉમન) સાધારણ

પાઠ ૨૦ લોભી મખ્ખીચૂસ.

દક્ષિણમાં એક જંગલમાં એક ઘરડો વાઘ હતો, જે એટલો બધો નિર્બળ થઇ ગયો હતો કે જંગલમાં તેને શિકાર કરવાનું વધારે વાર બળ રહ્યું નહોતું. તેણે જે માણસો હરણની માફક દોડી શકતા નથી તેમને પકડવાની ટેવ પડી હતી. છેવટે તે એટલો બધો નબળો થઇ ગયો કે તે માણસ જેટલી ઝડપથી પણ દોડી શકતો નહિ, શું કરવું તે તે જાણતો નહોતો. તે વખતે તેને એક સોનાની બંગડી જડી. તેણે મનમાં વિચાર કર્યો કે અરે આ સોનાની બંગડી મારે કાંઇ ઉપયોગની નથી. કારણ કે વાઘો બંગડી પહેરતા નથી. પણ તે કદાચ મને લોભી પુરૂષને પકડવામાં ઉપયોગી થઇ પડશે. પછી તે જંગલમાંના મધ્ય ભાગમાં ખાબોચિયાને કાંઠે પોતાની પાસે બંગડી લઇને બેઠો. તે ખાબોચિયાનું તળિયું ગાઢા કાદવથી ભરેલું હતું, તેથી જો કોઇ તેમાં ફસાઇ પડે તો તે સહેલાઇથી બહાર નીકળી શકે નહિ. જ્યારે તે કોઇને ખાબોચિયાંની બીજી બાજુએ થઇને ચાલ્યો જતો જોતો ત્યારે બૂમ પાડીને કહેતો કે અરે, અહીં એક મજાની સોનાની બંગડી છે, આવ અને તે લઇ જા. પણ દરેક માણસ જે તેને જોતો તે ઘણી બીકથી નાશી જતો. આખરે ત્યાંથી એક મખ્ખીચૂસ જેને પોતાની જીંદગી કરતાં સોનું વધારે પ્રિય હતું તે જતો હતો. જ્યારે તેણે વાઘની બૂમ સાંભળી ત્યારે તે ઊભો રહ્યો. તેણે મનમાં વિચાર કર્યો કે આજે મારાં નસીબ ઊઘડયાં. તે બંગડી મેળવવાને હું કેવો ઇચ્છું છું અને તો પણ તેને માટે મારે મારી જીંદગી જોખમમાં

નાખવી જોઇએ નહિ. પણ જે લાભ થાય છે તે કોઇ સાહસ કર્યાથી થાય છે. શું કરવું, મને જોવા દો. પછી તેણે વાઘને બૂમ પાડીને કહ્યું. તમારી બંગડી ક્યાં છે ? વાઘે પોતાનો પંજો લાંબો કરીને કહ્યું, આ રહી, આવીને લઇ જા, મખ્ખીચૂસે કહ્યું. હાં તારા જેવા વિકરાળ પશુનો વિશ્વાસ રાખી શકું ? જો હું નજીક આવું તો તું મને મારી નાખે, વાઘે કહ્યું, સાંભળ, હું કબૂલ કરૂં છું કે હું જ્યારે જુવાન હતો ત્યારે ઘણો ઘાતકી હતો. હું જાણું છું કે મારો ખરેખરો ખોરાક હરણ હતો. અને જંગલમાં હરણને મારવા માટે વાઘને કોઇ ઠપકો દઇ શકે નહિ. પણ હું ગામડામાં જતો અને ગાયોને મારી નાખતો. હું ઘણા માણસોને વળી બ્રાહ્મણોને મારી નાખતો પણ હવે મારી વૃદ્ધાવસ્થામાં મેં જે કર્યું તેને માટે મને પસ્તાવો થાય છે. મારાં પ્રથમનાં દુષ્ટ કૃત્યો સમતોલ કરી નાખવાને હું ભલું કરવા ઇચ્છું છું. હું સાંભળું છું કે ગરીબોને ભિક્ષા આપવી એ કોઇ પણ માણસ કરી શકે એવી સારામાં સારી વાત છે. તેથી હું આ સોનાની બંગડી પાસે લઇને કોઇ ગરીબ માણસને આપી દેવા અહીંયાં બેઠો છું. તું ઘણો ગરીબ દેખાય છે. તેથી હું તે તને આપીશ. ધાસ્તી રાખતો નહિ. હું ઘણો ઘરડો થયો છું, અને મારા દાંત અને નખો બધા ગયા છે. અગર જો મારે તેમ કરવાની મરજી હોય તો પણ હું તને ઇજા કરી શકતો નથી. જ્યારે કંજૂસે આ સારી વાત સાંભળી ત્યારે સોનું મેળવવાની તેની ઇચ્છા એટલી બધી પ્રબળ થઇ કે તે વધારે વાર રાહ જોઇ શક્યો નહિ. તે ખાબોચિયામાં ધીમેધીમે ચાલ્યો જ્યાં તરત જ તેને માલમ પડ્યું કે પોતે કાદવમાં ચોંટી ગયો છે, અને ખસી શકાય તેમ નથી. વાઘે કહ્યું. ચાલ્યો આવ, આવીને બંગડીને લે. આ રહી, તારા માટે તૈયાર છે, મખ્ખીચૂસે કહ્યું અફસોસ ! હું કાદવમાં ચોંટી ગયો છું અને ખસી શકતો નથી. વાઘે કહ્યું, અરે એમ છે કે ? હું તમારા માટે દિલગીર છુ. જ્યાં છે ત્યાં તું રહે. હું નીચે આવીને તને બહાર

ક્રોધીશ. તેણે એમ કહ્યું કે તરત જ તે તેના પર કૂદી પડયો. વાઘ ભૂખ્યો હતો અને તરત જ તે કંજુસનો ભક્ષ કરી ગયો. સોનાના લોભે પોતાનો જાન ગુમાવ્યો.

---

21. THE BRAHMIN AND THE BHEEL.

Brahmin (બ્રાહ્મિન) બ્રાહ્મણ
Bheel (ભીલ) ભીલ
Kind-hearted (કાઇન્ડ-હાર્ટેડ) માયાળુ અંતઃકરણનો
Mahratta (મરાઠા) મહારાષ્ટ્ર દેશનો વાસી
Doctor (ડૉક્ટર) દાક્તર, વૈદ્ય
Tribes (ટ્રાઇબ્ઝ) જાતો
Thousands of years (થાઉઝન્ડઝ) હજારો વર્ષ
Wild (ઉવાઇલ્ડ) જંગલી, અભણ
Can neither read nor write લખી કે વાંચી શકતા નથી
Live (લિવ) રહે છે
Hunting (હન્ટિંગ) શિકાર કરવો
Are very good shots (શૅાટસ) તાકનારા ઘણા સારા હોય છે
Bow (બો) કામઠું
Arrows (ઍરોઝ) તીર
Very very few ઘણા જ થોડા, ભાગ્યે, કોઇ
Cooked (કુકડ) રાંધતી હતી
Meals (મીલ્સ) ભોજન
Medicines (મેડસિન્સ) દવાઓ, ઔષધો
Were afraid of him (એફ્રેઇડ) તેનાથી ગભરાયા હતા
Kind (કાઇન્ડ) માયાળુ
Got ill (ગૉટ ઇલ) માંદા પડતા
To make well (વેલ) સારો કરવો
Went for a long walk લાંબી મુસાફરીએ નીકળ્યા
Bush (બુશ) છોડવો, ઝાડી
Lovely (લવ્લિ) રમણીય, ખૂબસૂરત, સુંદર
Felt (ફેલ્ટ) તપાસી જોયું
Pocket (પૉકેટ) ગજવું
Had forgotten (ફરગૉટન) ભૂલી ગયો હતો
Friendly (ફ્રેન્ડલિ) મિત્રભાવ

રાખનારો
Was standing by પાસે ઊભો હતો
Short (શૉર્ટ) ટૂંકા
Cuts (કટસ) માર્ગો
Will get પહોંચશે
Mistake (મિસ્ટેક) ભૂલ
Message (મેસેજ) સંદેશો
Picked up (પિકડ અપ) ઉંચકી લીધો
Charcoal (ચારકોલ) કોયલો
Stone (સ્ટોન) પત્થર, પથરો
Was lying (લાઇંગ) પડેલો હતો
Lady (લેડિ) શેઠાણી
Say nothing (નથિંગ) કંઇ પણ કહેતો નહિ
The stone will tell her what I want મારે શું જોઇએ છે તે પત્થર કહેશે
Salaam (સલામ) સલામ
Husband's (હસ્બન્ડઝ) ધણીનો
Hand-writing (હૅન્ડ રાઇ-ટિંગ) દસ્કત, અક્ષરો
Handed (હૅન્ડેડ) આપ્યો
Was filled with wonder (ઉવન્ડર) આશ્ચર્ય પામ્યો
Exclaimed (એકસકલેઇમ્ડ) બોલી ઊઠ્યા

પાઠ ૨૧ બ્રાહ્મણ અને ભીલ

એક વખત માયાળુ અંતઃકરણનો એક મરાઠા બ્રાહ્મણ ડૉકટર હતો જે પુનામાં રહેતો હતો. તેણે વારંવાર ભીલો વિષે સાંભળ્યું હતું જે જુનામાં જુની જાતો હજારો વર્ષોથી ટેકરીમાં રહેતી. તેઓ જંગલી માણસો છે, અને લખી કે વાંચી શકતા નથી. તેઓ જંગલી પ્રાણીઓનો શિકાર કરીને ગુજરાન ચલાવતા અને તેઓ કામઠા અને તીરના તાકનારા ઘણા સારા હોય છે. તેમાંના ભાગ્યે કોઇએ કદી ચોપડી જોઇ હશે. તે બ્રાહ્મણને ભીલોનું કાંઇ કલ્યાણ કરવાની ઇચ્છા થઇ તેથી જંગલ જે તેઓનું રહેઠાણ હતું ત્યાં ગયો અને કેટલાક વખત સુધી પોતાની સ્ત્રી જે તેને માટે રાંધતી તેની સાથે તે ઝૂંપડીમાં રહ્યો. પહેલ વહેલાં ભીલોને તેની ધાસ્તી લાગી પણ જ્યારે તેઓને માલમ પડયું કે તે આપણી તરફ કેવો ભલો અને માયાળુ છે, ત્યારે તેઓ તેને વારંવાર મળવાને આવતા અને તેની

સાથે વાતચીત કરતા. જો કોઇ ભીલ માંદો પડતો તો તેને દવા આપતો અને તેને સાજો કરવાને પ્રયત્ન કરતો. એક દિવસ તે બ્રાહ્મણ જંગલમાં લાંબી મુસાફરીએ નીકળ્યો. ત્યાં એક ઝાડ ઉપર રમણીય ફુલો જોયાં, તેણે વિચાર કર્યો, હું ઘેર મારી સ્ત્રી પાસે લઇ જઇશ, પણ જ્યારે ચપ્પુ માટે પોતાનું ગજવું તપાસ્યું ત્યારે તેને લાગ્યું કે હું તે ભૂલી ગયો છું. તે ઘેર રહી ગયું છે. એક મિત્ર ભાવ રાખનારો ભીલ પાસે ઊભો હતો. તે બ્રાહ્મણે પોતાના મનમાં વિચાર કર્યો હું તેને મોકલીશ. તે જંગલના ટૂંકા રસ્તા બધા જાણે છે, અને મારા કરતાં તે ઘણી ઝડપથી મારી ઝૂંપડીએ પહોંચશે. મારો ચપ્પુ ક્યાં છે તે મારી સ્ત્રી જાણે છે, પણ જો હું તેની જોડે કાંઇ સંદેશો મોકલું તો તે ભીલ કાંઇ ભૂલ કરે. મારે તેને લખવું જોઇએ. તેમ છતાં જ્યારે પોતાનો હાથ તેણે પોતાના ગજવામાં ઘાલ્યો ત્યારે તેને માલમ પડયું કે મારી પાસે કાગળ કે પેન્સીલ કાંઇ નથી. પછી બ્રાહ્મણે કોયલાનો કકડો લીધો અને તે વડે મારો ચપ્પુ મોકલો એવા શબ્દ જે સફેદ પથ્થર ત્યાં પડગો હતો તેના પર તેણે લખ્યા. પછી તેણે ભીલને કહ્યું: મારે ઘેર મારી સ્ત્રી પાસે મારે માટે આ પથ્થર લઇ જઇશ અને તે જે આપે તે તું મને લાવી આપીશ? ભીલે પૂછયું મારે તે સ્ત્રીને શું કહેવું? તે બ્રાહ્મણે જવાબ દીધો. કાંઇ કહેતો નહિ. મારે જે જોઇએ છે તે તે પથ્થર કહેશે. ભીલે કહ્યું શું પથ્થર વાત કરી શકે છે? બ્રાહ્મણે કહ્યું, હા. ભીલે વધારે કાંઇ કહ્યું નહિ, પણ પથ્થર લીધો અને તે લઇને દોડી ગયો. તરત જ ઝુંપડીએ પહોંચ્યો. તે બ્રાહ્મણ સ્ત્રીને સલામ કરી અને તેને પત્થર આપ્યો. તેણે પોતાના ધણીના અક્ષર ઓળખ્યા, ચપ્પુ લીધો, અને તેને આપ્યો. તેણે કહ્યું, ડાકટર માગે છે તે વસ્તુ આ છે એમ તમે કેવી રીતે જાણ્યુ? તે સ્ત્રીએ જવાબ આપ્યો કે મને પથ્થરે કહ્યું. તે ભીલ આશ્ચર્ય પામ્યો. તે ચપ્પુ બ્રાહ્મણ પાસે લઇ ગયો. અને પછી પોતાના ગામમાં દોડતો ગયો, અને પોતાના મિત્રોને કહ્યું.

તેઓ બોલી ઊઠ્યા જુઓ આપણો બ્રાહ્મણ કેવો ડાહ્યો છે ! તે પથ્થરને બોલાવે છે.

---

22. THE BUNDLE OF STICKS.

Bundle (બંડલ) ભારો
Sticks (સ્ટિક્સ) લાકડીઓ
Though (ધો) અગરજો, જોકે
Sturdy (સ્ટર્ડિ) જબરા, મજબૂત
Hated (હેઇટેડ) ધિક્કારતા
One another એક બીજાને
Quarrelled (ક્વૉરલ્ડ) લડતા
Daily (ડેઇલિ) દરરોજ
Felt (ફેલ્ટ) લાગ્યું
Could not live in peace (પીસ) શાંતિમાં રહી શકે નહિ
Quarrels (ક્વૉરલ્સ) કજિયા
Cease (સીઝ) બંધ પડવા
Tie (ટાઇ) બાંધવું
String (સ્ટ્રિંગ) દોરી
Lay in bed પથારીમાં સૂતો હતો
Around (અૅરાઉન્ડ) આસપાસ
Tried his best (ટ્રાઇડ) પોતાથી બનતું કર્યું
Tugged (ટગ્ડ) ઘણા જોરથી ખેંચતાણ કરી
In vain (વેઇન) ફોગટ

It was plain (પ્લેઇન) ખુલ્લે ખુલ્લું હતું
Single (સિંગલ) એક પણ
No sooner than કે તરતજ
Bits (બિટસ) કકડે કકડા
Union is strength સંપ ત્યાં જંપ
Union (યુનિયન) સંપ
Strength (સ્ટ્રેંથ) બળ
So long as જ્યાં સુધી
Side by side એક બીજાની મદદે--બાજુએ
Shoulder to shoulder (શોલ્ડર) એક બીજાની છેક પાસે (ખભે ખભો અડકે એમ)
Arm to arm હાથ સાથે હાથ (છેક નજીક)
Together (ટુ ગેધર) એકઠાં હશે તો
Sound (સાઉન્ડ) મજબૂત
Stand apart (સ્ટૅન્ડ અૅપાર્ટ) છૂટા ઊભા રહો
Fall to the ground (ગ્રાઉન્ડ)

અબડી પડશો, નિર્બળ થશો

GRAMMAR

Gender (જેન્ડર) જાતિ

Male (મેઇલ) પુરૂષ

Female (ફીમેઇલ) સ્ત્રી

Masculine (મૅસ્કયુલિઇન) નર જાતિ

Feminine (ફેમિનિન) નારી જાતિ

Neuter (ન્યુટર) નાન્યતર જાતિ

Common gender સામાન્ય જાતિ

પાઠ ૨૨ લાકડીનો ભારો

એક ભલો ઘરડો માણસ ઘણો દિલગીર હતો કારણ કે જોકે તેને જબરા ત્રણ છોકરા હતા. તો પણ અફસોસ ! તેઓ એક બીજાને ધિક્કારતા હતા. દરેક પોતાના ભાઇ સાથે દરરોજ લડતા હતા. તેને લાગ્યું કે જ્યાં સુધી હું તેના કજિયા બંધ પાડીશ નહિ ત્યાં સુધી હું શાંતિમાં રહી શકીશ નહિ. એક દિવસ તેણે ચાકર પાસે કેટલીક લાકડીઓ મંગાવી, અને તેની દોરીથી એકઠી જાડી ભારી બંધાવી. તે પથારીમાં સૂતો હતો કારણ કે તે માંદો હતો. પછી પોતાના છોકરાને પોતાની પથારીની આસપાસ બોલાવ્યા અને પોતાના મોટા છોકરાને કહ્યું હે મારા દીકરા, આ લાકડીઓ ભાંગવાને પ્રયત્ન કર. તેણે પ્રયત્ન કર્યો પણ તે ભાંગી શકી નહિ. બીજાએ પ્રયત્ન કર્યો અને પછી ત્રીજાએ મારા સાંભળવા પ્રમાણે દરેકે પોતાથી બન્યું તેટલું જોર કર્યું. તેઓએ ઘણા જોરથી ખેંચતાણ કરી, ખેંચતાણ કરી. પણ ફોગટમાં ખેંચતાણ કરી. એ ખુલ્લે ખુલ્લું હતું કે તેઓ લાકડી ભાંગી શક્યા નહિ. પછી બાપે કહ્યું, છોકરાઓ ઉતાવળ કરો. તમારામાંનો દરેક એકેક લાકડી ભાંગો. જેવા શબ્દો બોલાયા કે તરત જ દરેક લાકડીના ભાંગીને ટુકડેટુકડા થયા. બાપે કહ્યું. સંપ ત્યાં જંપ. જ્યાંસુધી એક બીજાની મદદે ઊભા રહેશો, એક બીજાનો ખભે ખભો અડકે એમ, હાથ સાથે હાથ મેળવી ઊભા રહેશો તો કોઇ તમને નુકસાન કરી શકશે નહિ. સાથે હશો તો તમે સહીસલામત છો. તમે સહી-

સલામત અને મજબૂત રહેશો. પણ એકવાર છૂટા પડશો તો તમે જમીનપર પડશો. (નર્બળ થશો.)

---

23. THE VULTURE AND THE CAT.

Vulture (વલ્ચર) ગીધ
Bank (બૅન્ક) કાંઠો
Ganges [ગૅન્જીસ] ગંગા નદી (ઉત્તર હિંદુસ્તાનમાં)
Fig tree (ફિગ ટ્રી) વટવૃક્ષ, વડનું ઝાડ
Home [હોમ] રહેઠાણ
Trunk (ટ્રન્ક) થડ
Hollow (હૉલો) પોલું, પોચું
Had seen better days સારો કાળ જોયો હતો
Feeble (ફીબલ) નબળું
Claws (ક્લૉઝ) પંજા
Were worn out (વૉર્ન આઉટ) ગળી ગયા હતા.
He was half–blind તે આંધળા જેવો હતો
Grey–head (ગ્રે હેડ) પળિયાંવાળું માથું; સફેત
He was much older than any of them તેમાંના કોઇપણ કરતાં તે ઘરડો હતો
Pitied (પિટિડ) દયા આવી

Brought (બ્રૉટ) લાવતા
In this way આ રીતે
Managed to live (મેનેજડ) ગુજરાન ચલાવવાની તજવીજ કરતો હતો
To live ગુજરાન ચલાવવું
In return (રીટર્ન) બદલામાં
Kept guard (ગાર્ડ) તપાસ રાખતો હતો
Huge (હયુજ) મોટો, મોટા કદનો
Hawk (હૉક) બાજ
Kite (કાઇટ) સમડી
Bird of prey (બર્ડ ઑફ પ્રે) શિકારી પક્ષી
Dared to carry off લઇ જવા હિંમત કરતો
So long as he was there જ્યાં સુધી તે ત્યાં હોય ત્યાં સુધી
Flew off (ફ્લ્યુ ઑફ) ઊડી જતાં
To search for (સર્ચ) શોધ કરવા

Fearlessly (ફીઅરલેસલિ) બેધડક, બીક વગર, નિર્ભયપણે
Charge (ચાર્જ) હવાલો
Long–ears (લૉન્ગ ઇઅર્સ) દીર્ઘકર્ણ
Prowling (પ્રાઉલિંગ) શિકાર માટે ભમતો
Climbed (ક્લાઇમ્બ્ડ) ચઢી ગઇ
To look for (લુક) શોધવાને
As well as on mice ઉંદરો ખાઇને
Were alarmed (ઍલાર્મ્ડ) બીધા
Chirped (ચર્પ્ડ) ચીંચીં કરવા લાગ્યાં
Loudly (લાઉડલિ) મોટેથી
Noise (નૉઇઝ) અવાજ
Was dozing (ડોઝિંગ) ઝોકાં ખાતો હતો
Perch (પર્ચ) પક્ષીને બેસવાનો વાસ
Who comes there એ કોણ આવ્યું રે
Croaked (ક્રોક્ડ) બોલ્યો
Started (સ્ટાર્ટેડ) ચમકી ઊઠી
Fierce–looking (ફીઅર્સ લુકિંગ) વિકરાળ દેખાતું
Trembled (ટ્રેમ્બલ્ડ) ધ્રૂજી, કંપી

Thought (થૉટ) ધાર્યું
Her last hour had come તેનું મોત આવી ચૂક્યું
Soft words મીઠા શબ્દો
flattery (ફ્લૅટરી) ખુશામત
Would do કરી શકે
Lord (લૉર્ડ) મહેરબાન
Meekly (મીકલિ) નમ્રતાથી
Who are you તું કોણ છે
Sternly (સ્ટર્નલિ) કરડાકીથી
Humbly (હમ્બલી) નરમાશથી
Be off ચાલી જા, રસ્તો પકડ
Threatening (થ્રેટનિંગ) ગભરાવતો હોય તેવી રીતે
I am ready to die હું મરવાને તૈયાર છું
With eyes cast down આંખો નીચી નાખીને, નીચું જોઇને
Hear what I have to say મારે જે કહેવું છે તે સાંભળો
What do you want here તારે અહીંયાં શું જોઇએ છે?
Why have you come up into my tree તું મારા

ઝાડમાં છેક અહીં સુધી કેમ આવી.

Deign (ડેઇન) મહેરબાની કરો

To listen (લિસન) ધ્યાન પૂર્વક સાંભળો

Holy (હોલી) પવિત્ર

Fast (ફાસ્ટ) ઉપવાસ કરવો

Pious (પાયસ) પવિત્ર, ભક્તિમાન

Flesh (ફ્લેશ) માંસ

Handfull (હૅન્ડફુલ) ખોબો ભરીને

A little (લિટલ) જરા

Holy books (હોલિ બુક્સ) ધર્મશાસ્ત્રનાં પુસ્તકો

Wise (વાઇઝ) ડહાપણવાળા

Spend your time વખત ગુમાવો છો

Meditation (મેડિટેશન) ધ્યાન

To beg of you તમારી પાસે માગું છું

Law (લૉ) ધર્મશાસ્ત્ર

To teach me the law ધર્મશાસ્ત્ર શીખવવા

Shastras (શાસ્ત્રઝ) ધર્મશાસ્ત્રો

Strangers (સ્ટ્રેઇન્જર્સ) અતિથિઓ

It is right to be kind to strangers અતિથિઓ પર માયા રાખવી તે ખરૂં છે.

Host (હોસ્ટ) પરોણા ચાકરી કરનાર

Guest (ગેસ્ટ) પરોણો

Duty (ડ્યુટિ) ધર્મ-ફરજ

To welcome (વેલ્કમ) આવકાર દેવો

Is it not a duty to welcome a poor stranger એક ગરીબ અતિથિને આવકાર આપવો એ ફરજ નથી?

All this is very true આ બધું સાચે સાચું છે

That is why એ કારણથીજ

Pardon (પાર્ડન) ક્ષમા કર

Follow (ફૉલો) પ્રમાણે વર્તું છું

Rules (રૂલ્સ) રિવાજ

Even if you have no time to teach me મને બોધ આપવાનો વખત મળતો ન હોય તોપણ

Please let me live મહેરબાની કરીને રહેવા દો

Corner (કૉર્નર) ખૂણો

Close to you (ક્લોઝ) તમારી પાસે

Plenty of room (પ્લેન્ટિ) પુષ્કળ જગા
Face (ફેઇસ) મુખ
At least (ઍટ લીસ્ટ) કંઇ નહિ તો
Now and then ઘડી ઘડી
Wisdom (ઉવિઝડમ) ડહાપણ સુકૃત
Actions (ઍકશન્સ) કૃત્યો
Company (કમ્પનિ) સોબત
In the company of good જ્ઞાનીઓની (સારાઓની) સોબતમા
Become good themselves પોતે જાતે જ્ઞાની–સારા બની જાય
Was pleased (પ્લીઝડ) ખુશી થયો
He made no reply કાંઇ ઉત્તર આપ્યો નહિ
Doze (ડોઝ) ઝોકું
Went off into a doze ઝોકું ખાઇ ગયો
Abode (ઍબોડ) રહેઠાણ
Day after day દિવસે દિવસે
Was asleep (ઍસ્લીપ) ઊંઘતો હોય
So that કે જેથી

Would not all be missed (મિસ્ડ) બધાં સામટાં ગુમ ન થઇ જાય
All at once બધાં સામટાં એકી વખતે
To get empty (એમ્ટી) ખાલી થવું
Missed (મિસ્ડ) ખોયાં, દીઠામાં ન આવ્યાં
Young ones બચ્ચાં
Council (કાઉન્સિલ) સભા
Was settled (સેટલ્ડ) ઠરાવ કરવામાં આવ્યો
Careful (કૅરફુલ) સંભાળવાળી
Search (સર્ચ) તપાસ
Night–time રાતના સમયે
Slipped (સ્લિપ્ડ) સટકી ગઇ
Next morning બીજે દિવસે સવારમાં
As it was light અજવાળું થયું કે તરતજ
All over the tree આખા ઝાડમાં
Bones (બોન્સ) હાડકાં
Little ones બચ્ચાં
Has played false (ફૉલ્સ) નિમકહરામ નીવડયો

Fell on him તેના પર તૂટી પડ્યાં
In a body એક સામટાં
Pecked (પેકડ) ચાંચ ઘોંચીને
Pecked to death ચાંચ ઘોંચી ઘોંચી તેને મારી નાખ્યું
This is what comes of આવું પરિણામ નીપજે છે
Listening (લિસનિંગ) ધ્યાનથી સાંભળવું તે
Flattering (ફ્લૅટરિંગ) ખુશામતવાળા
Deceitful (ડિસીટફુલ) દગો ભરેલા

GRAMMAR

Is marked ઓળખાય છે
Ways રીત
Of marking ઓળખવાના
Lion (લાયન) સિંહ
He-goat બકરો
She-goat બકરી
Gentlemen (જેન્ટલમેન) ગૃહસ્થો

૨૩ ગીધ અને બિલાડી

એક વખત ગંગાના કિનારાપર એક મોટું વડનું ઝાડ હતુ, જે ઘણા પક્ષીઓનું રહેઠાણ હતું. થડ પોલું હતું અને તેમાં એક ઘરડો ગીધ રહેતો હતો, જેણે એક વખત સારા દિવસો જોયા હતા. હાલ તે ઘરડો અને નબળો થયો હતો. તેના પંજા ગળી ગયા હતા. અને તે આંધળા જેવો હતો. તે વધારે વાર ઉડી શકતો નહિ. અને વળી પોતાના દરની બહાર ડાળપર બેસવાનું તેને અઘરૂં લાગતું. તેનું નામ ગ્રેહેડ (સફેદ માથું) હતું. જે પક્ષીઓ ઝાડમાં રહેતાં હતા તે તેને જાણતાં હતાં; કારણકે તેમાંનાં કોઇપણ કરતાં તે વધારે ઘરડો હતો. તેઓને તેની દયા આવતી અને દરરોજ તેને ખાવા માટે ખોરાક લાવતા અને આ રીતે તે ગુજરાન ચલાવવા કોશિષ કરતો. તેના બદલામાં ગીધ પક્ષીઓના માળાની ખબર રાખતો. તે જો કે ઘરડો અને અશક્ત હતો તોપણ તે એટલા મોટા કદનો અને એવો વિકરાળ અને ભયંકર હતો કે જ્યાં સુધી તે ત્યાં હોય ત્યાં સુધી કોઇ બાજ, કે સમડી કે બીજું શિકારી પક્ષી તેના માળા-

ઓંથી કોઇ નાનાં પક્ષીને લઇ જવાને હિંમત કરતો નહિ, ઘરડાં પક્ષીઓ ખોરાક શોધવાને ઊડી જતાં, અને પોતાના માળા બેધડક ગ્રેહેડના હવાલામાં સોંપી જતાં. એક દિવસ જ્યારે બધાં પક્ષીઓ બહાર ગયાં હતાં ત્યારે (લોંગ ઇઅર્સ) લંબકર્ણ નામની બિલાડી ઝાડની આસપાસ શિકારને માટે ભમતી આવી. તેણે ગીધ પક્ષીને જોયું નહિ, જેને વિષે તેણે કદી સાંભળ્યું નહોતું. અને તેથી તે પક્ષી શોધવાને ઝાડ ઉપર ચઢી, કારણ કે બિલાડીઓ નાનાં પક્ષી તેમજ ઉંદર ખાઇને રહે છે. જ્યારે નાનાં પક્ષીઓએ બિલાડીને જોઇ ત્યારે તેઓ ભયભીત થયાં અને એટલે મોટેથી ચીં ચીં કરી કે ઘરડો ગ્રે-હેડ જે પક્ષીઓના બેસવાના વાંસપર ઝોકાં ખાતો હતો. તે તેના અવાજથી જાગી ઊઠયો. ગીધ બોલ્યો એ કોણ આવ્યું રે ? જ્યારે લંબકર્ણ બિલાડીએ તેને સાંભળ્યો ત્યારે ચમકી ઊઠી તેણે ઊંચે જોયું અને જ્યારે તેણે મોટા વિકરાળ દેખાવના પક્ષીને જોયું ત્યારે તે ધ્રૂજી અને વિચાર્યું કે મારૂં મોત આવી ચૂક્યું. તે ઊડી શકી નહિ, તેથી તેણે વિચાર કર્યો કે નમ્ર શબ્દો અને ખુશામત શું કામ કરે છે તે જોઉં. તેણે નમ્રતાથી કહ્યું મારા મહેરબાન સલામ. ગીધે કરડાકીથી કહ્યું. તું કોણ છે ? લંબકર્ણ બિલાડીએ નરમાશથી કહ્યું, હું એક બિલાડી છું ગ્રે હેડ ગભરાવતો હોય એવા અવાજે બોલ્યો. બિલાડી રસ્તો પકડ, નહિતો હું તને મારી નાખીશ. બિલાડીએ નીચું જોઇને જવાબ દીધો મારા મહેરબાન હું મરવાને તૈયાર છું, પણ પહેલ વહેલાં મહેરબાની કરીને મારે જે કહેવું છે તે તમે સાંભળો. ગીધે પૂછ્યું તારે અહીં શું જોઇએ છે ? તું અહીં મારા ઝાડ પાસે કેમ આવી ? બિલાડીએ કહ્યું, મારા શબ્દો લક્ષપૂર્વક સાંભળવાની મહેરબાની કરો. હું આ પવિત્ર નદીના કિનારા પર રહું છું અને પવિત્ર બ્રાહ્મણ માફક અપવાસ કરૂં છું. જેમ બીજી બિલાડીઓ ખાય છે તેમ હું માંસ ખાતી નથી. જ્યારે મને મળે ત્યારે મારો ખોરાક ખોબોભરી ચોખા અને થોડું દૂધ છે. હું આખો દિવસ શાસ્ત્રનાં પુસ્તકો વાંચું

છું. જે ઝાડ નીચે હું રહું છું તે ઝાડમાં જે પક્ષીઓ આવે છે તે મને કહે છે કે તમે ભલા છે, ને ડાહ્યા છો, અને દરેક બાબત જાણો છો. તેઓ કહે છે કે તમારી ડાળી ઉપર બેસીને તમારો વખત ધ્યાનમાં ગાળો છો. તેથી સાહેબ ધર્મશાસ્ત્ર મને શીખવવા તમને વિનંતી કરવાને હું અહીંયાં આવી છું. શાસ્ત્રમાં એવું નથી કહ્યું કે અતિથિઓ પર માયાળુ થવું એ વાજબી છે. પરોણાને મારી નાખવા એ પરોણા ચાકરી કરનારને માટે વાજબી છે? એક ગરીબ અતિથિને આવકાર આપવો એ વાજબી નથી? ઘરડે જવાબ દીધો, આ બધું સાચે સાચું છે, પણ આ ઝાડ નાનાં-પક્ષીઓથી ભરેલું છે, અને બિલાડી પક્ષીઓને મારી નાખે છે એ કારણથી મેં તને જવાનું કહ્યું. લંબકર્ણ બિલાડીએ જવાબ આપ્યો, માફ કરો, મારા મહેરબાન. હું એક ભલી અને પવિત્ર બિલાડી છું. હું કોઇને ઇજા કરતી નથી, હું ધર્મશાસ્ત્રોના રીવાજો પ્રમાણે વર્તું છું. જો મને તમારે શિખવવાનો વખત ન હોય તો આ ઝાડ પર મને તમારા દરના એક ખૂણામાં રહેવા દો. આપણે બન્ને માટે પુષ્કળ જગા છે. હું કાંઇ નહિ તો હરઘડી તમારા મુખ તરફ જોઇશ અને તમારાં કૃત્યોપરથી ડહાપણ શીખીશ. જે જ્ઞાનીઓની સોબતમાં પોતાનો વખત ગાળે છે તે પોતાની મેળે જ્ઞાની થઇ જાય છે. જ્યારે ઘરડા ગીધે તેને આવું કહેતાં સાંભળી ત્યારે તે ખુશી થયો. તેણે કાંઇ ઉત્તર આપ્યો નહિ પણ ફરીથી એક વાર ઝોકું ખાધું. પછી બિલાડાએ ઝાડમાં દરના એક ખૂણામાં પોતાનું રહેઠાણ કર્યું. દરરોજ જ્યારે ઘરડાં પક્ષી જતાં અને ગીધ ઊંઘી જતો ત્યારે તે કેટલાંક પક્ષી ચોરી લેતી. તે એક પક્ષી અહીંથી તો એક પક્ષી ત્યાંથી લેતી તેથી તેઓ બધાં સામટાં ગુમ ન થઇ જાય. પણ થોડા દિવસમાં માળા ખાલી થવા લાગ્યા. ઘરડાં પક્ષીઓએ પોતાનાં બચ્ચાં ખોયાં. એક રાત્રે જ્યારે તેઓ પાછાં આવ્યાં ત્યારે તેઓએ એક સભા ભરી અને એવો ઠરાવ કરવામાં આવ્યો કે બીજે દિવસે બારીક તપાસ કરવી. તે

બિલાડીએ જે કહેવામાં આવ્યું તે સાંભળ્યું અને રાતને વખતે તે ગીધના દરમાંથી ધીમેથી સટકી ગઇ અને નાસી ગઇ. બીજી સવારે અજવાળું થયું કે તરત જ પક્ષીઓએ આખા ઝાડપર તપાસ કરી. આખરે તેઓ ગીધના દર પાસે આવી પહોંચ્યાં, અને ત્યાં એક ખૂણામાં પોતાનાં બચ્ચાંનાં હાડકાં તેઓને માલમ પડયાં. તેઓએ કહ્યું ગીધ આપણને નિમકહરામ નીવડયો છે. તેણે આપણાં બચ્ચાંને ખાધાં છે. તેઓ એકો સામટાં તેના પર તુટી પડયાં અને ચાંચ ઘોંચી ઘોંચીને મારી નાખ્યો. તેણે મરતી વખતે કહ્યું, એક અજાણ્યાના ખુશામતવાળા અને દગા ભરેલા શબ્દો સાંભળવાથી આવું પરિણામ નીપજે છે.

---

24. DIFFERENCE BETWEEN COME AND GO

Difference (ડિફરન્સ) તફાવત, ફેર
Certain (સર્ટન) અમુક, ચોક્કસ
Village (વિલેજ) ગામડું
Landlord (લૅન્ડલૉર્ડ) વતનદાર
Named (નેઇમ્ડ) નામનો
Shankerrao (શંકરરાવ) માણસનું નામ
Had done good service (સર્વિસ) સારી નોકરી બજાવી હતી
Rajah (રાજા) રાજા
Rent free (રેન્ટ ફ્રી) વગર ગણોતે (ભાડે)
Foolish (ફૂલિશ) મૂર્ખ, બેવકૂફ
Careless (કેર્લેસ) ચિંતા વગરનો
Hired (હાયર્ડ) રોજે રાખ્યા
Servants (સર્વન્ટસ) ચાકરો, નોકરો
To till (ટિલ) ખેડવાને
Looked after (લુકડ આફ્ટર) દેખરેખ રાખતો, તપાસ રાખતો
Stayed (સ્ટેઈડ) પડયો રહેતો
Idly (આઇડલિ) સુસ્તપણે
Spent (સ્પેન્ટ) ગુમાવ્યા
Enjoying (એનજૉઇંગ) મોજ મજા કરતાં
Thought only of enjoying himself જાતે મોજમજાહ કરવાનું જ તેને ભાન હતું

Got into debt (ડેટ) કરજમાં આવી ગયો

Heavily (હેવિલિ) પુષ્કળ

Sahukar (સાહૂકાર) પૈસા ધીરનાર

Gave trouble (ટ્રબલ) પીડા. આપતો

To pay off the debt દેવું પતાવી દેવાને

Let out (લેટ આઉટ) ભાડે સોંપ્યું

Farmer (ફાર્મર) ખેડુત

Shivappa (શિવાપ્પા) માણસનું નામ છે

Could make no profit કાંઇ નફો કાઢી શક્યો નહિ

Cultivating (કલ્ટિવેટિંગ) ખેડીને

Industrious (ઇન્ડસ્ટ્રિઅસ) ઉદ્યોગી

Prudent (પ્રુડન્ટ) ડહાપણવાળો

Ploughed (પ્લાઉડ) ખેડતો

Manured (મેન્યુર્ડ) ખાતર પૂરતો

Sowed (સોડ) વાવતો

Seed (સીડ) બીઆં

Crop (ક્રોપ) પાક

Was worth four times as much as he paid for the rent પાકની કિંમત તે ભાડું ભરતો તે કરતાં ચાર ગણી ઊપજતી હતી

Saved up (સેવ્ડ અપ) બચાવી રાખ્યા

Most of his money પોતાના પૈસાનો મોટો ભાગ

Wants (વૅાન્ટસ) જરૂરીઆતો, માગણીઓ, તંગીઓ

Simple (સિમ્પલ) સાદી

Lived a simple life સાદી જીંદગી ગુજારતો

Sum (સમ) રકમ

Mounted (માઉન્ટેડ) સવાર થયો

Pony (પોનિ) ટટ્ટુ

As he had some business (બિઝનેસ) કાંઇક કામ હતું તેથી

Rode past પાસે થઇને ચાલ્યો

Had let out ભાડે આપ્યાં હતાં

Saw him riding past પાસે થઇને જતાં જોયો

Edge (એજ) કોર, વાડ

If so જો એમ હોય તો

As much as any body

else બીજા કોઇના જેટલા

Let me have them તે મને લેવા દો

Land-lord (લૅન્ડલૉર્ડ) જમીનદાર

Was astonished (ઍસ્ટૉનિશ્ડ) આશ્ચર્ય પામ્યો

Owned (ઓન્ડ) માલિક હતો

Got into debt દેવામાં આવી ગયો

Property (પ્રોપર્ટિ) માલ મિલકત

How is this ? આમ કેમ બન્યું ?

Reason (રીઝન) કારણ

Lies in (લાઇંઝ) માં રહ્યું છે

What do you mean ? તું શું કહેવા માગે છે ?

Looked after (લુકડ આફ્ટર) તપાસ રાખી

Doing nothing (ડુઇંગ નથિંગ) કંઇ કીધું નહિ

Afternoon (આફ્ટરનૂન) બપોર પછીનો વખત

As for me મારે માટે પૂછતા હો તો

Get up ઊઠવું

Early in morning સવારમાં વહેલાં

Follows (ફૉલોઝ) પછવાડે આવે છે

We have been hard at work અમે સખત કામ કરીએ છીએ

Since (સિન્સ) જ્યારથી

Side by side (સાઇડ બાઇ સાઇડ) સાથે સાથે

Leave (લીવ) છોડવું

Profit (પ્રૉફિટ) નફો

૨૪. ચાલો અને જાઓ વચ્ચે તફાવત.

અમુક ગામમાં એક વખત શંકરરાવ નામનો એક જમીનદાર રહેતો હતો. તેના બાપે રાજાની સારી નોકરી બજાવી હતી. જેણે વગર મહેસૂલે એક મોટો જમીનનો કટકો આપ્યો હતો. શંકરરાવ બેવકૂફ અને બેફિકરો જુવાન માણસ હતો. તેણે પોતાની જમીન ખેડવાને માટે નોકરો ભાડે રાખેલા હતા અને તેની કદી તપાસ રાખતો નહિ, તે ઘરમાં સુસ્ત રીતે પડી રહેતો, અને તેનો બાપ જે પૈસા મૂકી ગયો હતો તે બધા તરત જ તેણે ખરચી નાખ્યાં, કારણ

કે તેને પોતાને મોજમજા કરવાનું જ ભાન હતું. ચાર વરસમાં તે ભારે કરજમાં આવી ગયો. જે સાહુકારે તેને પૈસા ધીર્યા હતા તેણે તેને એટલો બધો હેરાન કર્યો કે આખરે પોતાનું દેવું પતાવી દેવા માટે તેણે પોતાની અડધી જમીન વેચી નાખી. બીજી અડધી જમીન શિવાપ્પા નામના ખેડુતને તેણે ભાડે આપી. કારણ કે પોતે જાતે ખેડીને કાંઇ નફો કાઢી શક્યો નહિ. શિવાપ્પા ઉદ્યોગી અને ડાહ્યો માણસ હતો, તે દરરોજ જાતે ખેતરે જતો અને એક નોકરની મદદથી જમીન ખેડતો. તે તેમાં સારી રીતે ખાતર પૂરતો અને સારાં બીઆં વાવતો. જે પાક પોતે લણતો તેની કિંમત પોતે ભાડું ભરતો તે કરતાં ચાર ગણી ઊપજતી હતી. તેણે આ પૈસામાંથી ઘણો ભાગ બચાવ્યો. કારણકે તે પોતાના માટે ઘણું થોડું ખરચતો. તેની જરૂરીઆતો બહુ થોડી હતી, અને તે સાદી જીંદગી ગુજારતો. પાંચ વરસના વખતમાં તેણે એક મોટી રકમ બચાવી હતી, એક વખત સવારે શંકરરાવ પોતાના ટટ્ટુ પર બેઠો કારણ કે તેને કંઇક કામ હતું, અને તેણે જે ખેતર ભાડે આપ્યું હતું તેની પાસેથી પસાર થયો. શિવાપ્પાએ તેને પાસે થઇને જતો જોયો અને તેની સાથે વાત કરવાને ખેતરની વાડ આગળ ગયો. તેણે કહ્યું. સાહેબ, મેં સાંભળ્યું છે કે તમે આ ખેતરો વેચી નાખવા માગો છો. જો તેમ હોય તો તે હું ખુશીથી વેચાતા લઇશ. હું બીજાના જેટલા જ પૈસા તમને આપીશ. તે મને લેવા દો.

જમીનદાર આશ્ચર્ય પામ્યો અને કહ્યું, તેં મારી પાસેથી જેટલી જમીન ભાડે લીધી તેનાથી બમણી જમીનનો હું માલિક હતો. મારે કાંઇ મહેસુલ (ભાડું) ભરવું પડતું નહિ. છતાં હું દેવામાં ઉતરી ગયો અને મારી અડધી મીલકત ગુમાવી. મારી પાસે જે હતી તેમાંથી, અડધી માત્ર તમારી પાસે છે. તમે મને ભાડું ભરો છો અને, તે છતાં તમે તે ખરીદવાને પાંચ વરસમાં પુરતું બચાવ્યું છે એ કેમ બન્યું? શિવાપ્પાએ જવાબ આપ્યો. સાહેબ, તેનું કારણ

માત્ર બે શબ્દોમાં જ રહ્યું છે. તમે કહ્યું જાઓ, મેં કહ્યું ચાલો. શંકરરાવે કહ્યું, તું શું કહેવા માગે છે? મેં કોને જવાનું કહ્યું અને તમે કોને ચાલવાનું કહ્યું? શિવાપ્પાએ કહ્યું. તમે તમારા નોકરને જઇને ખેડવાનું કહ્યું, તમે જાતે ત્યાં કદી ગયા નહિ. જ્યારે તેઓએ જોયું કે આપણી પછવાડે કોઇ દેખરેખ રાખતું નથી ત્યારે તે ફક્ત અડધું જ કામ કરતા; તમે કાંઇ કામ કર્યા વિના ઘરે બેસી રહેતા; સવાર અને બપોરે તમે સૂઇ જતા. મારે માટે પૂછો તો હું સવારમાં વહેલો ઊઠતો. હું મારા નોકરોને મારી સાથે ચાલો એમ કહેતો. હું પહેલો જાઉં છું અને તે મારી પાછળ આવે છે. તમે તેને હમણાં ખેડતો જુઓ છો. અમે સૂર્ય ઊગ્યો ત્યારથી સખત કામ કરીએ છીએ. હું તેની સાથે સાથે કામ કરૂં છું, અને આ કર અને તે કર એમ કહું છું. જ્યાં સુધી હું ખેતર છોડીને જાઉં નહિ ત્યાં સુધી તે ખેતર છોડીને જતો નથી. અમે આખો દિવસ સખત મજૂરી કરીએ છીએ અને રાત્રે ઘેર પાછા આવીએ છીએ. હું શા માટે નફો મેળવું છું અને તમે મેળવ્યો નહિ તેનું કારણ આ છે.

---

25. ANDROCLES AND THE LION PART I

Old old (ઓલ્ડ ઓલ્ડ) ઘણા પ્રાચીન (કાળમાં)
Might (માઇટ) બળ, જોર
Right (રાઇટ) હક
Might was right બળિયાના બે ભાગ હતા, જબરો તે જીતે એવું હતું.
Cruel (ક્રુઅલ) ઘાતકી, પાપી
To one another એક બીજા તરફ

Many a man ઘણાં માણસ
Wealthy (વેલ્થિ) પૈસાદાર
Slave (સ્લેવ) ગુલામ
Poorer (પુઅરર) વધારે ગરીબ
Sad (સૅડ) દિલગીરી ભરેલી
Neither (નાઇધર) બેમાંથી એક પણ નહિ
Home (હોમ) ઘર
Too glad (ગ્લૅડ) ઘણો જ ખુશી

Suffering (સફરિંગ) દુઃખ
Came to an end (એન્ડ) અંત આવતો
Closed (ક્લોઝડ) બંધ થતી, મીંચાતી
For ever (એવર) હંમેશને માટે
Wretched (રેચેડ) કમનસીબ, ભાગ્યહીન
Androcles (એન્ડ્રોક્લીઝ) ગુલામનું નામ છે
Nothing (નથિંગ) કાંઇ નહિ
Master (માસ્ટર) ઉપરી, ધણી
Could please (પ્લીઝ) ખુશ કરી શકતો
Was beaten (બીટન) માર મારવામાં આવતો
Faster (ફાસ્ટર) વધારે જલદીથી
Worked (ઉવર્કડ) કામ કરતો
Tired of life (ટાયર્ડ) જીંદગીથી કંટાળી જઇને
Ran away નાસી ગયા
Deeper (ડીપર) વધારે ઊંડાણમાં
Shade (શેઇડ) છાંયડો
Fled (ફ્લેડ) નાસી ગયો
Fellowmen (ફેલોમેન) જાતભાઇઓ
Through (થ્રુ) માંથી
Thicket (થિકેટ) ઝાડી
Glade (ગ્લેઇડ) જંગલનું મેદાન
Past (પાસ્ટ) પાસેથી
Beasts (બીસ્ટસ) પશુઓ
Den (ડેન) ગુફા
Footsore (ફુટસોર) પગ સૂજી ગયેલા જેવો
Faint (ફેઇન્ટ) બેભાન થઇને
Cave (કેવ) ગુફા
Tired out (ટાયર્ડ આઉટ) થાકીને લોથ થઇ ગયેલો
Fell to the ground જમીન ઉપર પડી ગયો
Hark (હાર્ક) સાંભળો
Cry of pain (પેઇન) દુઃખની બૂમ
Where does it come from તે ક્યાંથી આવે છે ?
Inside (ઇન્સાઇડ) અંદરનો ભાગ
Somebody (સમબોડિ) કોઇ શખ્સ
Is suffering (સફરિંગ) દુઃખી થાય છે
If I can જો મારાથી બને તો
Whoever is he ગમે તે હોય તેને

Dying (ડાઈંગ) મરવા પડેલો
Pain (પેઇન) દરદ, દુઃખ
Misery (મિઝરિ) દુઃખ
Light (લાઇટ) પ્રકાશ, તેજ
Dim (ડિમ) ઝાંખું
Whinining (ઉવ્હાઇનિંગ) વાઉ વાઉ બૂમ પાડતો
Whimpering (ઉવ્હિમ્પરિંગ) કુતરા માફક બરાડા પાડતો
Moaning (મોનિંગ) રડતો
Seemed (સીમ્ડ) દેખાયો
Right on (રાઇટ) સીધે સીધો
Brave (બ્રેવ) બહાદુર
Kind–hearted (કાન્ડ હાર્ટેડ) માયાળુ અંતઃકરણવાળો
Started (સ્ટાર્ટેડ) પાછો વળ્યો
Wild (ઉવાઇલ્ડ) અતિશય બેબાકળું
Surprise (સરપ્રાઇઝ) અચંબો ગભરાટ
Darkness (ડાર્કનેસ) અંધકાર
Gleamed (ગ્લીમ્ડ) પ્રકાશી
Moonlight (મૂનલાઇટ) ચંદ્રનો પ્રકાશ
Ray (રે) કિરણ
Shone (શૉન) પ્રકાશ્યું
Stumbled (સ્ટમ્બલ્ડ) ઠોકર ખાધી
Death (ડેથ) મરણ, મોત
Seemed nigh (સીમ્ડ નાઇ) પાસે દેખાયું
Picked himself up (પિક્ડ અપ) તે જાગૃત થયો
Low (લો) ધીમું
Piteous (પિટીઅસ) દયામણું
Moan of pain (મોન) દરદનું રડવું
Forest king (ફૉરેસ્ટ કિંગ) જંગલનો રાજા
Was holding up ઊંચે ધરી રાખતો હતો.
Wounded (ઉવુન્ડેડ) ઘાયલ થયેલ
Sharp (શાર્પ) તીણો
Thorn (થૉર્ન) કાંટો
Had worked its way અંદર પેસી ગયો હતો
It was swol'n (સ્વોલન) તે સૂજી ગયો હતો
(Was) torn (ટૉર્ન) ભાંગી ગયો હતો
Knee (ની) ઘૂંટણ
Held (હેલ્ડ) ધર્યો
Careful (કૅરફુલ) સંભાળ ભરેલી

Search (સર્ચ) શોધ
Drew out (ડ્રયુ આઉટ) ખેંચી કાઢયો
Leaves (લીવ્ઝ) પાંદડાં
Had washed (વૉશ્ડ) ધોઇ નાંખ્યો
Grateful (ગ્રેઇટફુલ) આભારી
Licked (લિક્ડ) ચાટયા
Rubbed (રબ્ડ) ઘસ્યા
Cheek (ચીક) ગાલ
Sheltered (શેલ્ટર્ડ) છાંયડાવાળું
Rain (રેઇન) વરસાદ
Weather (વેધર) હવા
Meat (મીટ) માંસ

PART II

Good (ગુડ) સારૂં
Fortune (ફૉર્ચ્યુન) નસીબ, તકદીર
Forsook (ફર્સુક) છોડી ગયું,
Slave-hunters (સ્લેઇવ હન્ટર્સ) ગુલામોને શોધી કાઢનાર
Runaway (રનઅવે) નાસી ગયેલો
In chains (ચેઇન્સ) બેડી પહેરાવીને
Wicked (વિકેડ) ક્રુર, દુષ્ટ
Reason why (રીઝન) ખરૂં કારણ
Noble (નોબલ) ઉમદા
Cast down (કાસ્ટ ડાઉન) ફેંકી દો
For a feast (ફીસ્ટ) મિજબાની-ભક્ષ માટે
Was fixed (ફિક્સ્ડ) મુકરર કરવામાં આવ્યો
Court (કોર્ટ) દરબાર
Bold (બોલ્ડ) બહાદુર
Would be (વુડ) થશે
Fine (ફાઇન) સરસ, જોવા લાયક
Sport (સ્પૉર્ટ) ખેલ, રમત
Condemned to death (કન્ડેમ્ડ) મોતની શિક્ષા પામેલો
Sanded (સેન્ડેડ) રેતીવાળું
Floor (ફ્લોર) જમીન
Awful (ઑફુલ) ભયંકર
Roar (રોર) ગર્જના (સિંહની)
Closed (ક્લોઝ્ડ) બંધ કીધું
Boldest (બોલ્ડેસ્ટ) ઘણો જ બહાદુર
Hold his breath (બ્રેથ) હોશકોશ ઊડી જાય
Divide (ડિવાઇડ) ખુલ્લાં

થાય છે
With a spring (સ્પ્રિંગ) કુદકો મારીને
Rush (રશ) ધસારો
Bounds (બાઉન્ડઝ) કૂદી આવે છે
Lonely (લોનલિ) એકલો
Gaze (ગેઇઝ) એકી નજરે જોવું
Wonder (વંડર) અચંબો આશ્ચર્ય
Thunder (થંડર) મેઘ ગર્જના
Low at the feet પગ આગળ નીચો
Purrs (પર્સ) અવાજ કરે છે
Half-closed (હાફ ક્લોઝડ) અડધી બંધ
Saluted (સૅલ્યુટેડ) સલામ કીધી, આવકાર આપ્યો
Friendship (ફ્રેન્ડશિપ) મિત્રતા દોસ્તી
Shall end (એન્ડ) અન્ત આવશે, પૂરી થશે
Are free (ફ્રી) છૂટા છે

GRAMMAR

Cases (કેઇસીસ) વિભક્તિ
Nominative case (નૉમિનેટિવ) પહેલી વિભક્તિ; કર્તા
Objective case (ઑબ્જેક્ટિવ) બીજી વિભક્તિ
Object (ઑબ્જેક્ટ) કર્મ
Possessive case (પઝેસિવ) છઠ્ઠી વિભક્તિ
Possession (પઝેશન) કબજો

૨૫. ઍન્ડ્રોક્લિસ અને સિંહ. ભાગ ૧લો

ઘણા પ્રાચીન કાળમાં જ્યારે બળિયાના બે ભાગ હતા ત્યારે માણસો એક બીજા તરફ ઘાતકી હતાઃ અને ઘણા માણસો જે પૈસાદાર હતા તે પોતાના વધારે ગરીબ ભાઇઓને ગુલામ બનાવતા. ગુલામની જીંદગી વારંવાર દિલગીરી ભરેલી હતી. તેને ઘર કે મિત્ર કોઇ હોતું નથી. અને ઘણા ગુલામ જ્યારે તેની જીંદગી અને દુઃખનો અંત આવતો અને તેની આંખો કાયમને માટે બંધ થતી ત્યારે તે માત્ર ઘણા ખુશી થતા. ઍન્ડ્રોક્લિસ નામના એક ભાગ્યહીન ગુલામને એક ઘણો ઘાતકી શેઠ હતો. તેનું કરેલું કંઇ પણ તેને ખુશી કરતું નહિ. વધારે ઉતાવળથી કામ કરવાને તેને માર મારવામાં આવતો,

તે કામ કરતો અને આખરે એક દિવસ જીંદગીથી બીલકુલ કંટાળીને નાસી ગયો અને જંગલના ઝાડોમાં સંતાઇ ગયો. ઝાડીમાં વધારેને વધારે ઉંડાણમાં તેના જાતભાઇઓ પાસેથી ઘણી ઝાડીમાં અને ખીણોમાં થઇને જંગલી પશુઓની ગુફાઓ પસાર કરીને નાશી ગયો. પણ સુજી ગયેલા અને બેભાન થયેલા તેને એક ગુફા માલમ પડી. જેમાં થાકીને લોથ થયેલો તે જમીન ઉપર પડયો અને ઇચ્છયું કે હંમેશને માટે હું અહીંયાં ઊંઘી જાઉં. સાંભળો! તે શું સાંભળે છે? એક દુઃખની બૂમ! તે બેસે છે અને સાંભળે છે. તે ફરીથી સાંભળે છે! તે ક્યાંથી આવે છે? તે ગરીબ ગુલામે વિચાર કર્યો કે ગુફામાં કોઇ દુઃખી થાય છે. તે ગમે તે હશે તો પણ હું મારાથી બનતી તો મદદ કરીશ. કદાચ દુઃખ અને દરદમાં મરવા પડેલો મારા જેવો કોઇ ગરીબ ગુલામ હશે. ગુફા ઊંડી હતી. અજવાળું ઝાંખું હતું. જે બૂમ મારી પાસે આવી તે શું હશે? દરદથી વારંવાર બૂમ પાડતો, કુતરાની માફક બરાડતો, વિલાપ કરતો અવાજ જમીનમાંથી બહાર નીકળતો દેખાયો! તે બહાદુર માયાળુ અંતઃકરણવાળો ગુલામ ગુફામાં સીધો ને સીધો ગયો, પણ બેબાકળા ગભરાટમાં તે પાછો ફર્યોઃ અંધકારમાંથી બે આંખો પ્રકાશી, જ્યારે તે ઊભો રહ્યો કે તરત જ ચંદ્રમાના અજવાળાનું કિરણ પ્રકાશ્યું. તેણે રસ્તામાં એક સિંહ પડેલો જોયો. તે નાશી જવાને પાછો ફર્યો, ઠોકર ખાધી અને પડયો, અને મોત પાસે દેખાયું. પોતે જાગૃત થયો, અને ફરીથી દુઃખની ધીમી અને દયામણી બૂમ સાંભળી, તેણે સાફ રીતે જોયું કે જંગલનો રાજા ઘાયલ થયેલો પંજો ઊંચો ધરી રહ્યો છે; તેમાં તીણો અને ઘાતકી કાંટો પેસી ગયો છે. તે સુજી ગયો છે ને ભાંગી ગયો છે. તેણે પોતાની ઘૂંટણ પર તે પંજો લીધો, અને અજવાળામાં તેને જોવાને માટે ધર્યો. સંભાળપૂર્વક તપાસ કરવાથી કાંટો જડયો, તેણે તેને ખેંચી કાઢયો. જ્યારે તેના પગને ધોઇને સાફ કર્યો ત્યારે પાંદડાં તેના પગે બાંધ્યાં. તે આભારી સિંહ બોલી શકયો નહિ. તેણે

તેનો હાથ ચાટયો અને તેના ગાલ ઘસ્યા. એ પ્રમાણે વરસાદ પવન અને હવાથી રક્ષણ કરાએલા તેઓ સાથે ગુફામાં રહેતા. દરરોજ સિંહ કેટલુંક માંસ લાવતો અને તે માણુસને ખાવા માટે તે આપતો.

ભાગ ૨ જો

આખરે તેઓનું સારૂં નસીબ તેમને છોડી ગયું. ગુલામોને શોધી કાઢનારા આવ્યા. અને તેમને પકડયા. તેઓ નાસી ગયેલા ગુલામને બેડી પહેરાવીને લાવ્યા. સઘળા ન્યાયાધીશે કહ્યું. એણે મરવું જોઇએ. તે પોતાના શેઠ પાસેથી નાસી ગયો. તે મોટું દુષ્ટ પાપ! પણ શા માટે એનું કારણ કોઇએ પૂછયું નહિ. તેમાંના એકે કહ્યું, ઉમદા પ્રાણીને થોડા દિવસ ખોરાક વિના રાખો, પછી મિજબાની માટે ગુલામને તેની આગળ ફેંકી દો. બીજા બધાએ બૂમ પાડીને કહ્યું, એ સારી વાત છે. એ પ્રમાણે એક દિવસ મુકરર કરવામાં આવ્યો, અને રાજાને ખબર આપવામાં આવી. તે પોતાના દરબાર સાથે બહાદુર સિંહથી તે માણુસને મરાયેલો જોવાને આવ્યો. તેઓએ વિચાર્યું કે તે જોવા લાયક રમત થશે.

રેતીવાળી જમીન ઉપર મોતની સજા પામેલો તે માણુસ એકલો ઊભો રહ્યો, પછી બંધ કરેલા બારણાંની પાછળ ભયંકર ગર્જનાથી ઘણો બહાદુર હોય તેના હોશકોશ થોડા વખતમાં ઊડી જાય. ભારે દરવાજા ઊઘડયા. જમીન ઉપર એકલા ઊભા રહેલા માણુસની બાજુએ ભૂખ્યા સિંહ કૂદકો મારીને ધસારો કરીને અને ઉઘાડું મોં રાખીને કૂદકો મારે છે. પણ જુઓ! અરે જુઓ! બધા આશ્ચર્યતામાં જુએ છે! મેઘ ગર્જના જેવી બૂમ વધારે સંભળાતી નથી. સિંહ એક મેંઢા જેવો થયો છે. તે માણુસના પગ આગળ નીચો પડે છે; અને અડધી મીંચેલી આંખે ધીમેથી ખુશીનો અવાજ કરે છે. અને તે માણુસે સિંહના માથા પર એક હાથ રાખીને, બીજે હાથે રાજાને સલામ કરી અને કહ્યું. આ મારો પહેલો અને એકનો એક મિત્ર છે:

અમારી મિત્રાચારી જીંદગી સાથે જ પૂરી થશે. જ્યારે રાજાએ વાત સાંભળી, ત્યારે તરત જ તેણે કહ્યું, એન્ડ્રોક્લિસ અને તેનો સિંહ હંમેશને માટે છૂટા છે.

---

26. THE MONKEY AND THE WEDGE

Monkey (મંકી) વાંદરો
Wedge (વેજ) ફાચર
Country (કંટ્રિ) દેશ
Behar (બીહાર) બહાર પ્રાંત
Empty piece (એમ્પટિ પીસ) ખાલી કટકો
It lay between two villages તે બે ગામડાંની વચમાં હતો
Pious (પાયસ) પવિત્ર, ભક્તિમાન
Merchant (મર્ચન્ટ) વેપારી
Temple (ટેમ્પલ) દેરૂં
There can be no better way આથી વધારે સારો માર્ગ હોઇ શકે નહિ
Spending (સ્પેન્ડિંગ) વાપરવા
Died long ago ઘણા વખત ઉપર મરણ પામી
What to do with my wealth મારી દોલતનું શું કરવું
Masons (મેસન્સ) કડિયા
Carpenters (કાર્પેન્ટર્સ) સુથારો
At work કામે (લાગેલા હતા)
Stopped working કામ બંધ કરતા હતા
Workmen (વર્કમેન) મજૂરો, કારીગરો
Had gone away ચાલી ગયા હતા
As usual (યુઝ્વલ) હંમેશની માફક
To eat their dinner પોતાનું ખાણું ખાવા, જમવા
Tools (ટૂલ્સ) ઓજારો
Log of wood (વુડ) મોટું લાકડું
Were sawing (સૉઇંગ) વહેરતા હતા
Beams (બીમ્સ) ભારોટિયાં
Planks (પ્લૅંક્સ) પાટિયાં
Was sawn (સૉન) વહેરેલો હતો

Opening (ઓપનિંગ) ફાટ

Was fixed (ફિક્સ્ડ) માં બે-સાડી હતી

To keep it open તેને ખુલ્લું રાખવાને

A little while after થોડી વાર પછી

Herd (હર્ડ) ટોળું

Close by (ક્લોઝ બાઇ) પાસે પાડોશમાં

Picked up (પિક્ડ) ઊંચકી લીધો

Axe (એઇક્સ) કુહાડો

Saw (સૉ) કરવત

Felt it all over તેના પર હાથ લગાડયા

Examined (એક્ઝામિન્ડ) તપાસ્યું

Chisel (ચિઝલ) ફરસી

Carefully (કેરફુલી) સંભાળથી

Smelt (સ્મેલ્ટ) સુંઘ્યો

Hammer (હૅમર) હથોડો

Could not make out પારખી શક્યો નહિ

Touched (ટચ્ડ) અડક્યો

Fingers (ફિંગર્સ) આંગળીઓ

Chattered away (ચૅટર્ડ) અવાજ કીધો (વાંદરા બોલે છે તેવો)

Monkey language (લૅન્ગ્વેજ) વાંદરાની ભાષા

No doubt (ડાઉટ) બેશક

Exclaimed (એક્સક્લેઇમ્ડ) બોલી ઊઠયો

Has been put in અંદર ખોસેલી છે

Pull it out બહાર ખેંચી કાઢો

Leader (લીડર) આગેવાન

Tried (ટ્રાઇડ) કોશિશ કીધી

Pulled (પુલ્ડ) ખેંચ્યું

Hind (હાઇન્ડ) પાછલા

Would not come out બહાર નીકળે નહિ

Cleft (ક્લેફ્ટ) ફાટ

Tugged at it (ટગ્ડ) આંચકા માર્યા

With all his strength તેનામાં જેટલું જોર હતું તેટલા જોરથી

Closed (ક્લોઝ્ડ) બીડાઇ ગયું

Jammed (જૅમ્ડ) ચગદી નાખ્યો

Were crushed (ક્રશ્ડ) છુંદાઇ ગયા

Curious (ક્યુરિઅસ) જાણુ-વાની ઇચ્છાવાળા

This comes of being too curious અતિશય આતુરતાને લીધે આવું પરિણામ આવ્યું

Ought to have kept to ની સાથે જ લેવાદેવા રાખવી જોઇતી હતી

Nuts (નટસ) ફળની ચીજો

To pry into matters (પ્રાઇ) કામમાં માથું ઘાલવું

He had nothing to do તેની સાથે તેને કાંઇ કામ નહોતું

૨૬. વાંદરો અને ફાચર.

બિહાર દેશમાં એક જમીનનો ખાલી કટકો હતો. તે બે ગામ વચ્ચે આવેલો હતો અને એક ભક્તિમાન વેપારીએ દેરૂં બાંધવા વિચાર કર્યો. તેણે મનમાં વિચાર કર્યો, આ કરતાં મારા પૈસા ખર્ચવાનો કોઇ વધારે સારો માર્ગ હોઇ શકે નહિ. મારે છોકરા નથી અને મારી સ્ત્રી ઘણા વખત ઉપર મરણ પામી. મારી દોલત નું શું કરવું તે હું જાણતો નથી. હું એક દેરૂં બાંધીશ. તેથી વેપારીએ પોતે કહ્યું તે પ્રમાણે કર્યું. ત્યાં આખો દિવસ ઘણા કડિયા, સલાટો અને સુથારો કામ કરતા હતા. બપોરે તેઓ કામ બંધ કરતા અને તેમનું ખાણું ખાવા જતા. કેટલાક એક ગામ જતા અને કેટલાક બીજે ગામ જતા. એક દિવસ હંમેશની માફક બધા કારીગરો ખાણું ખાવાને ગયા. તેઓએ તેમનાં ઓજારો આમતેમ પડયાં રહેવાં દીધાં. સુથારોએ લાકડાનો મોટો કટકો જમીન ઉપર રહેવા દીધો હતો. તેઓ ભારોટિયાં અને પાટિયાં વહેરતા હતા. લાકડાંનો કટકો અડધો વેહેરેલો હતો અને ફાટમાં તેને ખુલ્લો રાખવા માટે એક ફાચર બેસાડેલી હતી. કારીગરો તે જગા છોડીને ગયા પછી થોડા વખત પછી પાસેના ઝાડમાં જે વાંદરા રહેતા હતા તેનું એક ટોળું ત્યાં શું થાય છે તે જોવાને નીચે આવ્યું. એક વાંદરાએ એક કુહાડો ઊંચકયો અને તે તપાસીને જોયો. બીજાએ કરવત લીધું તેના પર બધે હાથ ફેરવ્યો. ત્રીજા વાંદરાએ પાચી

સાવચેતીથી એક ફરસી તપાસી. ચોથાએ એક હથોડો જો તે ખાવાને સારો હોય તો જોવાને માટે સુંઘ્યો. ટોળામાંનો સૌથી મોટો વાંદરો લાકડાના એક કટકા ઉપર કૂદી પડ્યો અને ફાચર તપાસી. તે શું છે અને શા માટે અહીં મૂકેલી છે તે તે પારખી શક્યો નહિ. તે તેને અડક્યો અને તેની આંગળી ફેરવી અને બીજા વાંદરાને પોતાની બોલીમાં કહ્યું. પોતાની વાંદર બોલીમાં પોતે જે ધારતો હતો તે કહ્યું, તે બોલી ઊઠ્યો, બેલાશક, આ કંઇક બહુ મજાનું છે. બીજી ચીજો જમીન પર આમતેમ પડેલી છે, પણ આ અહીં ઘણી સંભાળથી મૂકેલું છે જેથી કરીને આપણે તે મેળવી શકીશું નહિ. બીજા વાંદરાઓએ કહ્યું, ખેંચી કાઢો, ખેંચી કાઢો અને આપણે બધા તેની તરફ જોઇએ. પછી મોટો વાંદરો જે ટોળામાંનો આગેવાન હતો તેણે પ્રયત્ન કર્યો, પ્રયત્ન કર્યો, ખેંચ્યું ને ખેંચ્યું પણ ફાચર નીકળી શકી નહિ, પછી તે ફાચર ઉપર ફાટમાં પોતાના પાછલા પગ પર ઊભો રહ્યો અને પોતાના બધા જોરથી તેને આંચકા માર્યા ફાચર નીકળી ગઇ, પણ ફાટ બંધ થઇ ગઇ, અને વાંદરાને જોરથી ચગદી નાખ્યો. તેના પગ અને તેની પૂંછડી ચગદાઇ ગયાં અને બીચારો વાંદરો તરત મરી ગયો. સુથારોએ મુએલા વાંદરાને જોયો ત્યારે કહ્યું અતિશય આતુરતાને લીધે આ પરિણામ આવ્યું. વાંદરાએ પોતાના ઝાડફળની ચીજો અને ફળની સાથે લેવાદેવા રાખવી અને જે કામની સાથે તેને કાંઇ કરવાનું નહોતું તે કામમાં માથું ઘાલવાનો પ્રયત્ન કરવો જોઇએ નહિ.

---

27. WASHINGTON THE BOY

Washington (વૉશિંગ્ટન) માણસનું નામ છે	George (જ્યૉર્જ) નામ છે
Six years old ૭ વરસની ઉમરનો	Axe (એક્સ) કુહાડો
	Birthday (બર્થડે) જન્મ તિથિ

Was pleased (પ્લીઝડ) ખુશી થયો
Could think of nothing else બીજા કશાનો વિચાર આવ્યો નહિ
Was over (નિશાળનો વખત) પૂરો થયો
Bright (બ્રાઇટ) ચકચકિત
Sharp (શાર્પ) તીણી
Edge (એજ) ધાર, કોર
Wooden (ઉવુડન) લાકડાનો
Handle (હૅન્ડલ) હાથો
Must try (ટ્રાય) અજમાવી જોવો જોઇએ
Something (સમથિંગ) કોઇ (ઝાડ)
Garden (ગાર્ડન) વાડી
To chop (ચૉપ) કાપવું
Bark (બાર્ક) છાલ
All round (રાઉન્ડ) આસપાસની તમામ
As high as he could reach જેટલો ઊંચો પહોંચી શકે તેટલે ઊંચે
Was killing (કિલિંગ) મારી નાખતો
Had his dinner (ડિનર) પોતાનું ખાણું ખાધું
Lying (લાઇંગ) પડેલું
Got angry (ઍંગ્રિ) ગુસ્સે થયો
Who has done this આ કોણે કીધું છે ?
Followed (ફૉલોડ) પાછળ પાછળ ગયો હતો
Trembling (ટ્રેમ્બલિંગ) ધ્રૂજતો
Do you know who did this ? આ કોણે કર્યું તે તું જાણે છે ?
Can not tell a lie મારાથી જૂઠું કહી શકાશે નહિ.
What do you think his father did તમારા ધારવા પ્રમાણે તેના બાપે શું કર્યું ?
Did punish (પનિશ) માર્યો ?
In his arms (આર્મ્સ) પોતાના હાથમાં
Kissed (કિસ્ડ) ચુંબન કર્યું
Would rather lose છોને નાશ થતો
Than hear my son tell a lie મારો છોકરો જૂઠું બોલે તે સાંભળવા કરતાં
Grew up (ગ્રૂ અપ) મોટો થયો

Brave (બ્રેવ) બહાદુર
Trusted (ટ્રસ્ટેડ) વિશ્વાસ કરતાં
General (જનરલ) સરદાર
Army (આર્મિ) લશ્કર
Greatest (ગ્રેટેસ્ટ) ઘણો મોટો
America (અમેરિકા) દેશનું નામ છે
First in war લડાઇમાં પહેલે નંબરે
First in peace સુલેહમાં પહેલે નંબરે
First in the hearts of his country men પોતાના દેશી ભાઇઓના હૃદયમાં પહેલે નંબરે

GRAMMAR

Apostrophe (ઍપોસ્ટ્રોફી)

૨૭. વૉશિંગ્ટન નામનો છોકરો

એક વખત એક ૭ વરસની ઉંમરનો એક નાનો છોકરો હતો, જેનું નામ જ્યોર્જ વૉશિંગ્ટન હતું. તેના બાપે તેને તેના જન્મદિવસે એક નાનો કુહાડો આપ્યો. જ્યોર્જ પાસે અગાઉ કુહાડો ન હતો. અને તેથી તે ઘણો ખુશી થયો. જ્યારે તે દિવસે તે નિશાળે ગયો ત્યારે તેના નવા કુવાડા સિવાય બીજો કાંઇ વિચાર તેને આવ્યો નહિ. નિશાળનો વખત પૂરો થયો કે તરત જ તે ઘણી ઝડપથી દોડતો ઘેર આવ્યો અને પોતાનો કુહાડો જોવા માટે લીધો. તે કેવો ચકચકિત છે! તેની ધાર કેવી તીણી દેખાય છે! તેને કેવો સુંદર લાકડાનો હાથો છે! તેણે પોતાના મનમાં કહ્યું. આ કુવાડો કોઇ પણ વસ્તુ કાપશે. કોઇ ઉપર મારે અજમાવવો જોઇએ. પછી તે નાનો છોકરો વાડીમાં દોડતો ગયો ત્યાં તેણે નાનું ઝાડ જોયું, અને પોતાના કુહાડા વડે તેને કાપવા મંડયો. તરત જ તેણે આસપાસની બધી છાલ પોતે જ્યાં સુધી પહોંચી શકે ત્યાં સુધી. પોતે ઝાડને મારી નાખે છે તેવું જાણ્યા વગર કાપી નાખી. પછી તે પાછો ઘરમાં ગયો અને પોતાનું ખાણું ખાધું. જમ્યા પછી તેનો બાપ વાડીમાં ગયો અને ત્યાં તેણે બધી છાલ કાપી નાખેલી અને જમીન પર પડેલી એવું ઝાડ જોયું, તે ઘણો ગુસ્સે થયો. તેણે મોટેથી બૂમ પાડીને કહ્યું, આ કોણે કર્યું

છે? તેનો નાનો છોકરો જે તેની પાછળ વાડીમાં ગયો હતો તે પાસે ધ્રૂજતો ઊભો રહ્યો. તેના બાપે તેને જોયો અને કહ્યું, આ કોણે કર્યું તે તું શું જાણે છે? તે છોકરાએ તરત જ કહ્યું. પિતાજી, હું જૂઠું કહી શકતો નથી, મેં મારા નવા કુહાડાથી છાલ કાપી નાખી છે. તેના બાપે શું કર્યું તે વિષે તમે શું ધારો છો? શું તેણે તે નાના છોકરાને માર્યો? ના, તેણે તેને પોતાના હાથમાં લીધો અને તેને ચુંબન કર્યું, તેણે કહ્યું, મારા દીકરા, તેં સાચું કહ્યું તેથી હું ખુશી થયો છું. મારા છોકરાને જૂઠું બોલતાં સાંભળું તે કરતાં મારી વાડીના બધાં ઝાડો ભલે કપાઇ જતાં. જ્યોર્જ મોટો થયો ત્યારે બહાદુર અને ઉમદા માણસ થયો. બધા માણસો તેનો વિશ્વાસ કરતા. તે લશ્કરનો સરદાર થયો, અને પોતાના અમેરિકા દેશમાં સૌથી મોટો માણસ થયો. તેને વિષે એવું કહેવાયેલું છે કે તે લડાઇમાં પહેલે નંબરે, સુલેહમાં પહેલે નંબરે, અને તેના દેશી ભાઇઓનાં અંતઃકરણમાં પહેલે નંબરે હતો.

---

28. TRYING TO PLEASE EVERYBODY

Fair (ફૅર) મેળો
Donkey (ડૉન્કી) ગધેડો
Hoped (હોપ્ડ) આશા રાખી
Soon after તરત જ પછી
Started (સ્ટાર્ટેડ) ઉપડ્યા નીકળ્યા
Came to a crowd (ક્રાઉડ) એક ટોળા આગળ આવ્યા
Laughing (લાફિંગ) હસીને
Fool (ફૂલ) મૂર્ખ
To walk by the side બાજુએ ચાલવું
Easily (ઇઝિલિ) સહેલાઇથી
Might ride (રાઇડ) સવાર થઇ શકે
They are right તેઓ સાચા છે
Jump on (જમ્પ) કૂદકો મારી ચડી જા
Back (બૅક) પીઠ
Be sure (સ્યૉર) ખાત્રી રાખજો
You hold tight (ટાઇટ)

મજબૂત પકડી રાખજે
Happens (હૅપન્સ) બને છે
Are having it all their own way પોતાના મનમાં આવે તેમ જ કર્યાં જાય છે
Group (ગ્રુપ) ટોળું
Passed (પાસ્ડ) આગળ થઇને ગયા
The young (યંગ) જુવાની-આઓ
Get off (ગેટ ઑફ) ઉતરી પડ
Really (રીઅલિ) ખરેખર, ખરૂં જોતાં
Can't bear (બેર) સહન કરી શકતો નથી
Talk (ટૉક) વાત કરવી
Changed (ચેઇન્જડ) બદલી નાખી (જગ્યા)
Quite (કવાઇટ) તદ્દન
Cheerfully (ચીઅરફુલ્લિ) આનંદથી
As they get near the city શહેર આગળ પહોંચતાંને વાર
Shakes (શેઇક્સ) હલાવે છે
Pity (પિટિ) દયા
Lazy (લેઝિ) આળસુ, સુસ્ત

Is it right (રાઇટ) તે વાત સાચી છે ?
Toiling on (ટૉઇલિંગ) (રગશ રગશ) ચાલતો
At your side તારી બાજુએ
Get up ચઢીજા
Behind (બીહાઇન્ડ) પાછળ
Will please (પ્લીઝ) ખુશ કરશે
Passers by (પાસર્સ બાઇ) જનારા લોકો
Hoped to find quiet શાન્તિની આશા રાખી.
Went along આગળ ચાલ્યા
With a frown (ફ્રાઉન) ઘુરકીને, ભવાં ચડાવીને
Certainly (સર્ટનલિ) અલબત્ત, ચોક્કસ
What is true જે સાચું છે તે
You could carry him better than he carry you એ તમને ઊંચકી લઇ જાય તેનાં કરતાં વધારે સારી રીતે તમે તેને ઊંચકી લો
Can but try આપણે પ્રયત્ન કરીએ તો ખરા
Let us carry ચાલો, આપણે

ઊંચકી લઇએ

Pole (પોલ) વાંસ

Would not bend (બેન્ડ) જે વળી શકે નહિ એવો

Tight (ટાઇટ) મજબૂત

Lifts (લિફ્ટસ) ઊંચકે છે

Truly (ટ્રુલિ) ખરેખર

Laughable (લાફેબલ) હસવું આવે તેવો

Sight (સાઇટ) દેખાવ

Bridge (બ્રિજ) પુલ

Narrow (નૅરો) સાંકડો

Crowd (ક્રાઉડ) ટોળું

Scarcely (સ્કૅર્સ્લિ) ભાગ્યેજ

Crawl (ક્રૉલ) ટાંટીયા ઘસતા ચાલવું

Cart [કાર્ટ] ગાડું

Were passing (પાસિંગ) જતાં હતાં

Pushed (પુશ્ડ) હડસેલ્યો

Sudden (સડન) એકાએક

Kick (કિક) લાત

Cords (કૉર્ડ્ઝ) દોરડાં

Broke the cords (બ્રોક) દોરડાં તોડી નાખ્યાં

Sank (સૅંક) ડૂબી ગયો

Drowned (ડ્રાઉન્ડ) ડુબાડી દીધો

Sadly (સૅડલિ) દિલગીરીથી

Those who try...none જેઓ બધાને ખુશ રાખવા તજવીજ કરે છે તેઓ કોઇને પણ ખુશ કરી શકે જ નહિ.

૨૮. દરેકને ખુશ કરવાની કોશિશ કરવી

એકવાર એક બાપ અને છોકરો પોતાનો એક ગધેડો લઇને મેળામાં જતા હતા. તેઓએ ત્યાં વેચવાની આશા રાખી હતી. તેઓ પછી તરત જ નીકળ્યા. તેઓ છોકરીનાં એક હસતાં અને વાત કરતાં ટોળાં પાસે આવી પહોંચ્યા, જેણે મોટેથી બૂમ પાડીને કહ્યું, તે છોકરો જે ગધેડાની બાજુએ ચાલે છે તે મૂર્ખ છે. તે સહેલાઇથી સ્વાર થઇ શકે. બાપે કહ્યું મારા દીકરા કદાચ તેઓ સાચા હોય, તેની પીઠ પર કૂદીને હમણાં ચડી બેસ અને ખાત્રીથી તેને મજબૂત પકડી રાખજે. ઘરડા માણસનું એક ટોળું જેવું તેમની પાસેથી ગયું ત્યારે તે બોલી ઊઠયું, જુઓ, જુઓ, આ જમાનામાં શું બને છે,

છોકરાંઓ મનમાં આવે તે પ્રમાણે કર્યાં જાય છે. હમણાં ઘરડાં ચાલે છે અને જુવાન માણસો સવારી કરે છે. બાપે કહ્યું, મારા દીકરા, ઉતરી પડ ને ચાલ હું ખરેખર તેમને વાત કરતાં સાંભળવાનું સહન કરી શકતો નથી. તેથી બાપ અને દીકરાને આપણે બદલી નાખેલી જગ્યાએ જોઇએ છીએ. અને તદ્દન આનંદથી ચાલે છે. જેવા તેઓ શહેર નજીક આવી પહોંચે છે ત્યારે એક મા (ઘરડી સ્ત્રી) આવે છે, તે તેમને જુએ છે અને દયા ખાઇને પોતાનું ભુરૂં માથું હલાવે છે, અરે ઘરડા આળસુ માણસ, એ વાત સાચી છે કે તારો છોકરો તારી બાજુએ રગશ રગશ ચાલે છે, ત્યારે તું સવારી કરે છે! મારા દીકરા પાછળ ચડી બેસ. જો આથી જનારા લોકો ખુશી થતા હોય તો આપણે કોશિશ કરીશું. તે છોકરો ચડયો અને પાછળ બેઠો અને હવે બન્નેએ તદ્દન શાન્તિની આશા રાખી. શહેર પાસે પહોંચ્યા ત્યાં સુધી તેઓ ચાલ્યા. તેઓને એક જુવાન માણસ મળ્યો, જેણે ઘુરકીને કહ્યું, તમે જે પ્રાણી ઉપર સવારી કરો છો તે તમારૂં પોતાનું છે? માણસે કહ્યું, હા સાહેબ, અલબત, અમે મેળામાં જઇએ છીએ. મારે કહેવું જોઇએ અને જે સાચું છે તે હું કહું છું કે તે તમને ઊંચકી લઇ જાય તે કરતાં તમે તેને ઊંચકી લઇ જાઓ તે વધારે સારૂં છે. તે માણસે કહ્યું, વારૂ, વારૂ, આપણે કોશિશ કરીએ તો ખરા. મારા દીકરા હું અને તું આપણે તેને ઊંચકી લઇ જઇએ. વળી ન જાય તેવો એક લાંબો વાંસ તેમને જડયો, અને ગધેડાના પગ મજબૂત બાંધ્યા તેઓની વચ્ચે તેઓએ તેને લીધો, દરેકે છેડો ઉપાડયો અને ખરેખર તે ખૂબ હસવું આવે તેવો દેખાવ હતો. તેઓ પુલ ઉપર એક સાંકડા રસ્તે આવ્યા. ટોળું મોટું હતું તેથી ભાગ્યે જ ચાલી શકાય. તે દિવસે એક ગાડું અને બે બળદ પસાર થતાં હતાં, તેઓએ બિચારા ગધેડાને દીવાલની સામે ધક્કા માર્યો, અને જે દોરડું તેને બાંધ્યું હતું તે અચાનક લાતથી તૂટી ગયું અને તે પાણીમાં ડૂબી ગયો. તે ઘાતકી નદીએ તેને લીધો અને તે

કિનારે પહોંચી શકે તે પહેલાં તે ડૂબી ગયો. અને ઘરડાએ દિલગીરીથી પોતાના છોકરાને કહ્યું, જેઓ બધાને ખુશ કરવાની કોશિશ કરે છે તે કોઇને પણ ખુશ કરી શકે જ નહિ.

---

29. THE WASHERMAN'S DONKEY.

Washerman (ઉવૅાશરમૅન) ધોબી
Donkey (ડૅાન્કિ) ગધેડો
Benares (બીનાર્સ) બનારસ કાશી
Earned (અર્ન્ડ) પેદા કરતો
Living (લિવિંગ) ગુજરાન
Washing clothes (કલોદઝ) કપડાં ધોઇને
Worked hard all day આખો દિવસ સખત મહેનત કરતો
Tie (ટાઇ) બાંધવું
Dirty (ડર્ટિ) મેલાં
Used to tie dirty clothes મેલાં કપડાં બાંધતો
Bundle (બંડલ) ગાંસડો
Ass (ઍસ) ગધેડો
Carried (કૅરીડ) લઇ જતો
Grazed (ગ્રેઇઝડ) ચરતો
Was doing his work પોતાનું કામ કર્યા કરતો
Evening (ઇવનિંગ) સાંજ
Clean (કલીન) સ્વચ્છ
Was tied up (ટાઇડ) બાંધવામાં આવતો
Yard (યાર્ડ) વંડો
Lest (લેસ્ટ) રખેને
Should stray away (સ્ટ્રે અવે) નાસી જાય
Night time (નાઇટ ટાઇમ) રાતનો વખત
Loose (લૂસ) છૂટો
Duty (ડ્યુટિ) ફરજ
To watch (ઉવૅાચ્ચ) તપાસ રાખવી
Keep away (કીપ અવે) દૂર રાખવા, આવવા ન દેવા
Tired out (ટાયર્ડ આઉટ) થાકી ગયેલો
Was sound asleep (સાઉન્ડ ઍસ્લીપ) ઘોર ઊંઘમાં હતો
Thief (થીફ) ચોર
Climbed (કલાઇમ્ડ) ચઢ્યો
Lay quiet (કવાએટ) શાંત

પડી રહ્યો હતો
Did not mind (માઇન્ડ) દરકાર કીધી નહિ
Bark (બાર્ક) ભસવું
Bite (બાઇટ) કરડવું
Got into (ગૉટ ઇન્ટુ) દાખલ થયો (ઘરમાં)
To carry off (કૅરી) લઇ જવું
Goods (ગુડ્ઝ) સામાન
Called out (કૉલ્ડ) બૂમ પાડી
Why do you not seize this robber એ ચોરને તું શા વાસ્તે પકડતો નથી
At least કંઇ નહિતો
Rouse (રાઉઝ) જગાડ
This is no business of yours (બિઝનેસ) એ કાંઇ તારૂં કામ નથી
Let me alone do my work મને એકલાને મારૂં કામ કરવા દે
To guard (ગાર્ડ) ચોકી કરવી
Wake (વેઇક) જગાડવો
Has ever got into the house ઘરમાં કોઇ દહાડો પેઠો નથી
Quite safe (કવાઇટ સેઇફ) તદ્દન સહીસલામત
I am of no use (યુસ) હું કાંઇ ઉપયોગનો નથી
To-day he gave me no food at all આજ તો મને બિલકુલ ખોરાક એણે આપ્યો નથી
It will teach એથી એને શીખામણ મળશે, એથી એ શીખશે
To value (વૅલ્યુ) કદર કરવી, કિંમત આંકવી
Services (સર્વિસીઝ) નોકરી
Properly (પ્રૉપર્લિ) યોગ્ય રીતે
Regularly (રેગ્યુલર્લિ) નિયમિત રીતે
Wicked (વિકેડ) દુષ્ટ
Cur (કર) હલકી જાતનો કૂતરો
Is this the way to treat your master તારા શેઠ સાથે વર્તવાની આ રીત છે
Stupid (સ્ટુપિડ) મૂર્ખ, બેવકૂફ
Could bear (બેર) ખમી શકાય
I at least will try હું કોશિશ તો કરૂં
Idly (આઇડલિ) સુસ્તીથી
Robbed under my eyes

મારી નજરો નજર લૂંટાયેલો
As he said this જેવું તેણે આ પ્રમાણે કહ્યું કે તરત જ
Brayed (બ્રેઇડ) ભૂંકયો
With all his might જેટલું જોર હતું તેટલા જોરથી
Ran off (રેંન ઑફ) નાસી ગયો
Noise (નૉઇઝ) અવાજ
Climbed over (કલાઇમ્ડ ઓવર) ચડી ગયો
Started up (સ્ટાર્ટેડ અપ) ચોંકી ઊઠયો
Disturbing (ડિસ્ટર્બિંગ) ખલેલ પહોંચાડવી
Nearly died મરણ તોલ થઇ ગયો
Observed (ઑબ્ઝર્વ્ડ) જોયું
Meddling (મેડલિંગ) વચ્ચે પડવું
Matter (મૅટર) બાબત
Concern (કન્સર્ન) લાગતું વળગતું હોવું
Does not concern you જેમાં તમને લેવા દેવા નથી
Sadly (સૅડિલ) દિલગીરીથી
Meant well (મેન્ટ) મતલબ સારી હતી
In future (ફ્યુચર) ભવિષ્યમાં
I will mind my own business હું મારા પોતાના કામની દરકાર રાખીશ

GRAMMAR

Tenses (ટેન્સીઝ) કાળ
Present (પ્રેઝન્ટ) ચાલુ, હાલનો
Time to come આવવાનો વખત
Present tense વર્તમાન કાળ
Past tense (પાસ્ટ) ભૂત કાળ
Future tense (ફ્યુચર) ભવિષ્ય કાળ

૨૯. ધોબીનો ગધેડો.

બનારસમાં એક ધોબી રહેતો હતો જે નદીમાં લૂગડાં ધોઇને જ પોતાનું ગુજરાન ચલાવતો હતો. તે આખો દિવસ સખત કામ કરતો અને રાત્રે ઘેર આવતો. તે સવારે મેલાં કપડાંને એક ગાંસડીમાં બાંધતો અને તે ગાંસડી પોતાના ગધેડા પર મૂકતો. તે ગધેડો તે ગાંસડીને નદીએ લઇ જતો, અને જ્યારે તેનો શેઠ તેનું કામ કરતો

ત્યારે તે આખો દિવસ ખેતરોમાં આમતેમ ચરતો. સાંજે ધોબીના ઘરે સ્વચ્છ લૂગડાંની ગાંસડી પાછી લાવતો અને રખેને રાતમાં નાસી જાય તે માટે ઘરની પછવાડે વાડામાં એક ઝાડ સાથે બાંધતો. વાડામાં એક કૂતરો પણ હતો જે છૂટો હતો. ઘરની તપાસ રાખવી અને ચોરોને ન આવવા દેવાની તેની ફરજ હતી. એક રાત્રે જ્યારે ધોબી પોતાના દિવસના કામથી થાકી ગયેલો ઘસઘસાટ ઊંઘતો હતો ત્યારે એક ચોર વાડાની દિવાલ પર ચઢયો. જે કુતરો એક ખુણામાં શાંતપણે પડયો રહ્યો હતો તેને તેણે જોયો નહિ. તેણે ગધેડાને ઝાડ સાથે બાંધેલો જોયો. પણ તેની પરવા કરી નહિ કારણ કે તે સારી રીતે જાણતો ગધેડાઓ ભસી તેમજ કરડી શકતા નથી. તે ઘરમાં દાખલ થયો અને કેટલોક સામાન લઇ જવા માંડયો. ગધેડાએ તે ચોર જે કરતો હતો તે જોયું અને કૂતરાને બૂમ પાડી કહ્યું. શા માટે તું આ ચોરને પકડતો નથી, નહિ તો તું ભસ અને આપણા શેઠને જગાડ. કૂતરાએ જવાબ દીધો, મારા મિત્ર, એ કાંઇ તમારૂં કામ નથી. મને એકલાને મારૂં કામ કરવા દે. ગાંસડી ઊંચકી જવાની તારી ફરજ છે. હું જાણું છું કે ઘરની ચોકી કરવી અને શેઠને જગાડવો એ મારી ફરજ છે. પણ કોઇ ચોર અગાઉ કદી ઘરમાં દાખલ થયો નથી, તેથી આપણા શેઠ ધારે છે કે હું તદન સહીસલામત છું. તે ધારે છે કે હું કાંઇ ઉપયોગનો નથી. તે મને ખાવાને બહુ થોડું આપે છે, ખરેખર આજે મને બિલકુલ ખાવાનું આપ્યું નથી. જ્યારે તે કાંઇ ખોશે ત્યારે તે મારી ચાકરીની બરાબર રીતે કદર કરતાં શીખશે. અને પછી કદાચ તે મને નિયમસર ખવડાવશે. ગધેડાએ કહ્યું, અરે ઘાતકી, નીચ કૂતરા. તારા શેઠ સાથે વર્તવાની આ રીત છે? કૂતરાએ જવાબ દીધો, અરે બેવકૂફ ગધેડા, મારો શેઠ મારી સાથે વર્તે તેની આ રીત છે? પછી તે ગધેડો વધારે સહન કરી શકયો નહિ. તેણે કહ્યું. હું મારા શેઠને જગાડવાનો પ્રયત્ન કરૂં, હું સુસ્તપણે અહીં ઊભો રહી શકતો

નથી અને મારી નજરોનજર તે લૂંટાય તે હું જોઇ શકતો નથી. તેણે કહ્યું કે તરતજ જેટલું જોર હતું તેટલા જોરથી તે ભૂંક્યો. જ્યારે ચોરે અવાજ સાંભળ્યો ત્યારે તે નાસી ગયો, અને દીવાલ પર ચડી ગયો. ધોબી ચોંકી ઊઠયો, અને બહાર દોડયો પણ કોઇને દીઠો નહિ. તે ગુસ્સામાં ગધેડા તરફ ફર્યો, અને પોતાને વિઘ્ન કરવા તે મરણતોલ થઇ ગયો ત્યાં સુધી તેના હાથમાં લાકડી હતી તે વડે તેને માર્યો, જ્યારે તે પાછો ગયો ત્યારે કૂતરાએ કહ્યું જે બાબતમાં તારે લેવા દેવા નથી તેમાં વચ્ચે પડવાથી તને જે મળ્યું તે આ છે. ગધેડાએ દિલગીરીથી કહ્યું. હા, મારી મતલબ સારી હતી, પણ ભવિષ્યમાં હું મારા પોતાના કામની દરકાર કરીશ.

---

30 THE LION'S SHARE

Lion (લાયન) સિંહ
Share (શૅર) ભાગ
Fox (ફૅાક્સ) લોંકડી
Jackal (જૅકાલ) શિયાળ
Went out to hunt (હન્ટ) શિકાર કરવા ગયા
Started (સ્ટાર્ટેડ) નીકળ્યા
As soon as જેવા કે તરત જ
Return (રીટર્ન) પાછા આવીએ છીએ
Will divide (ડિવાઇડ) વહેંચી લઇશું
Equal (ઇકવલ) સરખા
Parts (પાર્ટસ) ભાગો
Fair (ફૅર) વાજબી
Don't...fair શું તમે તે વાજબી ધારતા નથી
Agreed (ઍગ્રીડ) કબૂલ કીધું
Kind (કાઇન્ડ) માયાળુ
May hunt (હન્ટ) શિકાર કરો
Green (ગ્રીન) લીલું
May follow (ફૉલો) પાછળ જાઓ
Catch (કૅચ) પકડવું
Unless (અન્લેસ) સિવાય, વગર
Cunning (કનિંગ) લુચ્ચા
Would be હોઇ શકે
Swift (સ્વિફ્ટ) ઝડપવાળું
Fat (ફૅટ) જાડું

Stag (સ્ટૅગ) સાબર
Would cut (કટ) કાપશે
Portions (પોર્શન્સ) ભાગો
No doubt (ડાઉટ) બેશક
Standing up (સ્ટૅન્ડિંગ) ઊભો થઇને
Toil (ટૉઇલ) મહેનત
Allow (ઍલાઉ) રજા આપવી
Dear (ડીઅર) વહાલા
Spoil (સ્પૉઇલ) લૂંટ-શિકાર
Belongs (બીલૉંગ્સ) મારી માલિકીનો છે
Rule (રૂલ) નિયમ, ધોરણ
Is observed (ઑબ્ઝર્વ્ડ) પળાઇ ચૂકયો છે
Of course (ઑફ કૉર્સ) અલબત
Whenever (વ્હેનેવર) જ્યારે જ્યારે
His Majesty (હિઝ મેજેસ્ટિ) રાજાસાહેબ
Feasts (ફીસ્ટસ) મીજબાની આપે છે
Grew fierce (ફીઅર્સ) ઝેર ભરાયું (તેની આંખમાં)
Tail (ટેઇલ) પૂંછડી
Wag (વૅગ) હાલવું
Killed (કિલ્ડ) મારી નાખ્યો
Left (લેફ્ટ) બાકી રહેલો
Quarrel (ક્વૉરલ) કજિયો કરવો
Fight (ફાઇટ) લડવું
Tired (ટાયર્ડ) થાકી ગયેલો
Crept away (ક્રેપ્ટ) ચાલ્યા ગયા
Ate (એઇટ) ખાધું
Clever (ક્લેવર) હોશિયાર
Trust (ટ્રસ્ટ) વિશ્વાસ રાખું છું
Whoever (હુએવર) હરકોઇ
It is best of all to be just ન્યાયી થવું સર્વોત્તમ છે

GRAMMAR

Apposition (ઍપોઝિશન) એક જ વિભક્તિમાં આવે તે
Dash (ડૅશ) ગુરૂરેખા
Hyphen (હાઇફન) સંબંધ ચિન્હ
Emperor (એમ્પરર) રાજાધિરાજ
General (જનરલ) સરદાર
Captain (કૅપ્ટન) ફોજનો સરદાર
Governor (ગવર્નર) હાકેમ
Viceroy (વાઇસરૉય) રાજાનો પ્રતિનિધિ

૩૦. સિંહનો હિસ્સો (ભાગ)

એક દિવસ એક સિંહ, એક શિયાળ અને લોંકડી શિકાર કરવાને ગયા. તેઓ નીકળ્યા તે પહેલાં સિંહે બીજાઓને આ પ્રમાણે કહ્યું. મારા મિત્રો, જ્યારે આપણે પાછા ફરીએ ત્યારે આપણે જે પકડીએ તેના સરખા ત્રણ ભાગ પાડી લેશું. શું તમે તે વ્યાજબી ધારતા નથી ? શિયાળ અને લોંકડી બન્નેએ કબૂલ કર્યું, અને કહ્યું તમે કેવા માયાળુ અને ભલા છો ! તેઓથી જે બની શકે તે પકડવાને તેઓ ગયા. લીલા જંગલમાં તમે હરણનો શિકાર કરો, તમે આખો દિવસ તેની પાછળ જાઓ, પણ જો તમે લુચ્ચા, અને ઝડપી અને જોરાવર નહિ હો તો તમે તેને કદી પકડી શકશો નહિ. શિયાળ જોઇએ તેવું લુચ્ચું હતું. અને સિંહ ઘણો જોરાવર હતો. નાની લોંકડી દોડવામાં ઝડપવાળી હતી. અને તેઓએ એક હરણને પકડીને મારી નાખ્યું, તે પહેલાં બહુ વખત થયો નહિ અને તે સુંદર જાડું સાબર હતું. અને બીજા બન્નેએ ધાર્યું કે સિંહ તેને કાપીને ત્રણ ભાગ પાડશે. સિંહે ઊભા રહીને કહ્યું, બેશક, તમે તમારી મહેનત પછી ભૂખ્યા થયા છો. તેથી મારા મિત્રો, મને તમે એમ કરવા દો, તો હું હવે તે શિકારનો ભાગ પાડીશ તેણે કહ્યું, પહેલો ભાગ મારો છે. કારણ કે હું પશુઓનો રાજા છું. તમે અલબત જાણો છો કે જ્યારે રાજા સાહેબ મિજબાની આપે છે ત્યારે તે નિયમ પળાય છે. તેની આંખમાં ઝેર ભરાયું. અને તેની પૂંછડી એક બાજુથી બીજી બાજુ હાલવા લાગી. બીજો હિસ્સો મારો છે કારણ કે મેં જ સાબરને મારી નાખ્યું છે. એક ભાગ બાકી રહ્યો અને હું ધારૂં છું કે હું જો તે તમને આપું તો તમે કજિયો કરો. હું કજિયો કરતાં તમને જોવાને ઇચ્છતો નથી. તેથી ત્રીજો ભાગ પણ હું લઇશ. થાકી ગયેલા, ભૂખ્યા અને દિલગીર થયેલા શિયાળ અને લોંકડી ચાલ્યાં ગયાં અને સિંહે ઘણું ખાધું અને તેથી બીજે જ દિવસે મરણ પામ્યો. હોશિયાર થવું એ સારૂં છે, ઝડપી થવું એ

સારૂં છે, મજબૂત થવું એ સારૂં છે. પણ મને વિશ્વાસ છે કે તમે ગમે તે હશો તો પણ તમે મારી સાથે કબૂલ થશો કે, ન્યાયી થવું એ સર્વોત્તમ છે.

---

31. HALF THE PROFIT

Nobleman (નોબલમેન) ઉમરાવ
Palace (પેલેસ) મહેલ
Sea–shore (સી શોર) દરિયા કાંઠો, કિનારો
A long way...sea shore દરિયા કિનારેથી ઘણે દૂર
Feast (ફીસ્ટ) મિજબાની, જમણ
Was about to hold the marriage–feast લગ્નનું જમણ કરવાનો હતો
Invitations (ઇનવિટેશન્સ) આમંત્રણ
Sent out invitations આમંત્રણ મોકલ્યા, નોતર્યા
Relations (રિલેશન્સ) સગાં-વહાલાં
Preparations (પ્રિપેરેશન્સ) તૈયારીઓ, ધામધુમ
Plenty (પ્લેન્ટિ) પુષ્કળ
Meat (મીટ) માંસ, ખોરાક
Vegetables (વેજીટેબલ) શાક-ભાજી
Fruit of every Kind દરેક જાતનાં ફળ
Rough (રફ) તોફાની
On the very morning તેજ સવારે
However (હાઉએવર) એમ છતાં
Fisherman (ફિશર મૅન) માછી માર
Was brought (બ્રૉટ) લાવ-વામાં આવ્યો
Truely (ટ્રુલિ) ખરેખર
Fix your own price તારી નક્કી કિંમત કહે
Wedding–day (વેડિંગ ડે) લગ્નનો દિવસ
You shall be paid at once તને એકદમ પૈસા આપીશું
I shall give you such a present હું તને એવી ભેટ આપીશ
As you had never had in your life before કે

જે તને તારી જીંદગીમાં અગાઉ કદી મળી ન હોય
Were longing તલ પાપડ થઇ રહ્યા હતા
How much...fish આ માછલીનું શું લઇશ ?
Not one anna my lord મારા સાહેબ એક આનો નહિ
Lashes (લૅશિઝ) ચાબકાના ફટકા
Bare (બૅર) ખુલ્લી
Were surprised (સરપ્રાઇઝડ) અચંબો પામ્યા
Strange (સ્ટ્રેઇન્જ) વિચિત્ર
Request (રિકવેસ્ટ) માગણી
They tried તેઓએ બનતું કીધું
Mind (માઇન્ડ) મન, નિશ્ચય
To make the fisherman change his mind તે માછીમારનો નિશ્ચય ફેરવવાને
Fellow (ફેલો) સખસ
Whim (વ્હિમ) ફાંટો (મગજનો)
Must have રાખવી જોઇએ
Lay on મારજો
Lightly (લાઇટલિ) ધીમેથી
In our presence આપણી હજુરમાં
Stop, stop, સબુર, સબુર
Partner (પાર્ટનર) ભાગીયો
Business (બિઝનેસ) કામ, ધંધો
Right (રાઇટ) વાજબી
Share (શૅર) ભાગ
Fools (ફુલ્સ) મુર્ખ માણસો
Where is he to be found તે કયાં છે
Name him તેનું નામ દે
Shall be sent for at once એકદમ તેડાવવામાં આવશે
Need not go far દૂર જવાની જરૂર નથી
Porter (પોર્ટર) દરવાન
Would not let me pass મને આવવા દીધો નહિ
Promised (પ્રોમિસ્ડ) વચન આપ્યું
Should have મળશે
Until...half અર્ધોઅર્ધ આપવાનું મેં તેને વચન આપ્યું નહિ ત્યાં સુધી
Whatever...fish મારી આ માછલીનું જે ઉપજે તેમાંથી
Certainly (સર્ટનલિ) ખચિત
Had to take લેવાની ફરજ પડી હતી

Bargain (બારગેઇન) સાટું
Was turned out of કાઢી મૂકવામાં આવ્યો
Service (સરવિસ) નોકરી ચાકરી
Present (પ્રેઝન્ટ) ઇનામ, બક્ષિસ

GRAMMAR

Auxiliary (ઑગ્ઝિલિઅરિ) સહાયકારક
Helping (હેલ્પિંગ) સહાય કરનાર

૩૧. અર્ધો ભાગ.

એક ઉમરાવ દરિયાકિનારાથી ઘણે દૂર એક મહેલમાં રહેતો હતો. તે પોતાની દીકરીના લગ્નનું જમણ આપવાનો હતો. તેણે પોતાના ઘણાં મિત્રો અને સગાંઓને આમંત્રણ મોકલ્યાં હતાં, અને ઘણી ધામધુમ કરી હતી. ખાવાનું પણ પુષ્કળ હતું, મિજબાની માટે દરેક જાતના શાક ભાજી અને ફળ હતા: પણ કોઇ માછલી મળી નહોતી કારણ કે દરિયો ઘણો તોફાની હતો. તેમ છતાં મિજબાનીની તેજ સવારે એક ગરીબ માછીમાર એક ઘણી સુંદર મોટી માછલી લઇને મહેલમાં આવ્યો. ઘરમાં મોટી ખુશાલી થઇ, અને તે માછીમારને એક મોટો ઓરડો જ્યાં ઉમરાવ બેઠો હતો ત્યાં લાવવામાં આવ્યો. તે ઉમરાવે કહ્યું, ખરેખર આ એક સુંદર માછલી છે, તારી નક્કી કિંમત કહે, તને તરતજ તે આપવામાં આવશે, કારણ કે આજે મારી દીકરીના લગ્નનો દિવસ છે તેથી હું તને એવી ભેટ આપીશ કે તને તારી જીંદગીમાં અગાઉ કદિ આવી મળી નહિ હોય. અમે બધા જેને માટે તલપાપડ થઇ રહ્યા હતા તે તું અમારે માટે લાવ્યો છે. આ માછલીનું તું શું લઇશ ? માછી-મારે જવાબ આપ્યો, મારા સાહેબ એક આનો પણ નહિ, હું પૈસા લઇશ નહિ. મારી ઉઘાડી પીઠ પર એકસો ફટકાનો માર તે મારી માછલીની કીંમત છે. હું એક પણ ફટકો ઓછો લઇશ નહિ, ઉમરાવ અને તેના ચાકરોએ જ્યારે આ અજાયબ જેવી માંગણી સાંભળી ત્યારે તેઓ ખુબ આશ્ચર્ય પામ્યા. તેઓએ માછીમારને

પોતાના નિશ્ચયમાંથી ફેરવવાને પ્રયત્ન કર્યો પણ ફોગટમાં. છેવટે તે ઉમરાવે કહ્યું, વારૂ વારૂ, આ માણસને અજાયબ જેવા ફાંકો છે, પણ આપણે તો માછલી જોઇએ છે તેથી આસ્તેથી ફટકા મારજો, અને અમારી રૂબરૂમાં કીંમત આપવા દો. પચાસ ફટકા માર્યા પછી તે માછીમારે કહ્યું કે અટકો, અટકો, આ કામમાં મારે એક ભાગીદાર છે, અને એજ ખરૂં છે કે તેને તેનો ભાગ મળવો જોઇએ. ઉમરાવે કહ્યું, અરે દુનિઆમાં આવા મૂર્ખ છે, તે કયાં છે? તેનું નામ દો અને તેને એકદમ બોલાવવામાં આવશે. માછીમારે કહ્યું તમારે તેને માટે દૂર જવું નહિ પડે. તમે તેને તમારા પોતાના દરવાજા આગળ જોશો. તે તમારો દરવાન છે. મારી માછલીને માટે મને જે મળે તેનો અર્ધો ભાગ મારે તેને આપવો એવું વચન મેં તેને આપ્યું નહિ ત્યાં સુધી તેણે મને આવવા દીધો નહિ. અરે અરે તેને એકદમ લાવો, તેને ચોક્કસ તેના પચાસ ફટકા મળવા જોઇએ. પછી દરવાનને લાવવામાં આવ્યો અને કરારનો તેનો ભાગ લેવાની તેને ફરજ પડી. તેને ઉમરાવની નોકરીમાંથી કાઢી મુકવામાં આવ્યો અને માછીમારને એક મોટી રકમ ભેટ આપવામાં આવી.

---

32. THE FOX AND CROW

Huugry (હંગ્રિ) ભૂખ્યો
Still (સ્ટિલ) શાંત
Sly (સ્લાઇ) લુચ્ચું
Eat my fill (ફિલ) પેટ ભરીને ખાવું
Hen (હૅન) મરઘી, કુકડી
Stretched himself (સ્ટ્રેચ્ડ) પોતાની જાતને લંબાવી
Den (ડેન) ગુફા

Sniffed (સ્નિફ્ડ) સુંઘી
This way and that આમ તેમ
Cunning (કનિંગ) લુચ્ચું
Trick (ટ્રિક) અટકચાળો કરવો
To make fool (ફુલ) મશ્કરી કરવી, મુર્ખ બનાવવો
Pool (પુલ) ખાબોચીયું
Sniffing (સ્નિફિંગ) સુંઘતો

Trotting (ટ્રોટિંગ) ચારે પગે કુદતો
Spied (સ્પાઇડ) જોયો, દીઠો
Crow (ક્રો) કાગડો
Caw (કૅા) કા, કા કરવું
Beak (બીક) ચાંચ
Lump of cheese (લમ્પ ઓફ્ ચીઝ) માખણનો કકડો
I'll have that હું તે લઇશ
If you please તમારી મરજી હોય તો
Low bow (લો બાઉ) નીચે વળીને સલામ કરવી તે
Paw on his heart પોતાની છાતી પર પંજો
Honest (ઓનેસ્ટ) પ્રમાણિક
Simple (સિમ્પલ) સાદો
Meek (મીક) ગરીબ, નરમ
Pleased (પ્લીઝડ) ખુશ થયેલો
Turns up his eyes પોતાની આંખો ઉંચી કરે છે
Tricks (ટ્રિક્સ) અટકચાળા, યુક્તિઓ
Qneen (ક્વીન) રાણી
Queen of the birds પક્ષીઓની રાણી
Her Majesty (હર મેજેસ્ટિ) નામદાર

Till now હજી સુધી
Behold (બીહોલ્ડ) જુઓ
Fairer (ફેરર) વધારે સુંદર, ખુબસુરત
Bright (બ્રાઇટ) ચકચકીત
Glossy (ગ્લોસિ) તેજદાર
Smooth (સ્મૂધ) લીસાં
Feathers (ફીધર્સ) પીછાં
I am sure મને ખાત્રી છે
Sweet (સ્વીટ) મીઠું
It need not be long ભલે તે લાંબુ ન હોય
Drew herself up પોતે ઉચું જોયું
Tossed back (ટોસ્ડ) પાછળ નમાવ્યું
Had never been praised (પ્રેઇઝડ) તેનાં વખાણ કદી થયાં ન હોતાં
Proud (પ્રાઉડ) અભિમાની, અહંકારી
Dropped (ડ્રોપ્ડ) પડી ગયું
Cheese (ચીઝ) માખણ, પનીર
I thank you હું તમારો ઉપકાર માનું છું
What a pity it is, she is not wise કેવી દયા ઉપજાવે

તેવી (દીલગીરીની) વાત કે તેનામાં ડહાપણુ નથી
Tale (ટેઇલ) વાર્તા
To learn lesson (લેસન) શિખામણુ લેવી
Do not fail (ફેઇલ) ચુકતા નહિ
Flatters (ફ્લૅટર્સ) ખુશામત કરે છે

GRAMMAR

Participle (પાર્ટિસિપલ) કૃદંત
Is kicking (કિકિંગ) લાત મારે છે
Is written (રિટન) લખાયેલો છે
Kicking (કિકિંગ) લાત મારતો
Riding (રાઇડિંગ) ઘોડે સ્વાર
Writing (રાઇટિંગ) લખાણુ, હરફ

૩૨ શિયાળ અને કાગડી!

એક લુચ્ચા શિયાળે કહ્યું, હું ભૂખ્યો છું, હું ભૂખ્યો છું, હું શાંત બેસી શકતો નથી, પણુ આજે હું કેવી રીતે ખાઇશ, અને મારૂં પેટ ભરીને ખાઇશ? હમણાં હું ખાવાનું કંઇ જોતો નથી. હું જાડી મરઘી પકડવાની પસંદ કરૂં? અરે હું પસંદ કરૂં? પછી તે લાંબો થઇને પડ્યો અને પોતાની ગુફામાંથી બહાર આવ્યો. અને તે દૂર ગયો અને હવા સુંઘી અને તેણે આમ તેમ જોયું. કારણુ કે શિયાળ લુચ્ચો હોય છે અને પોતે શું ખાય છે તેની દરકાર કરતો નથી તેથી તે જાડો બને છે. અને તે હવામાંના પક્ષી અને ખાબો-ચીયાંની માછલીની મજા કરવાને અને અટકચાળું કરવાનું પસંદ કરે છે. હવે જેવો તે સુંઘતો અને ચારે પગે કુદતો જતો હતો તેવામાં તેણે એક ઝાડમાં એક નાની કાગડી જોઇ. એક કાગડો ઉડી શકે છે પણુ તે ગીત ગાઇ શકતું નથી, તે તમે જાણો છો તેમ હું જાણું છું અને જાણે છે. તેણે પોતાની ચાંચનો માખણુનો એક સુંદર કકડો પકડયો હતો. શિયાળે પોતાના મનમાં કહ્યું, જો તારી મરજી હોય તો હું તે લઇશ. પછી તે ઉભો રહે છે અને ઉંચે જુએ છે. અને પોતાની છાતીપર પોતાનો પંજો મુકીને નીચે વળીને નમન કરે છે. તે પ્રમાણિક, સાદો અને ગરીબ

(નરમ) બતાવવાને પ્રયત્ન કરે છે, અને પોતાની નજર ઉંચી કરે ત્યારે તે કેટલો ખુશી થયો છે તે બતાવે છે. શિયાળામાં ઘણી યુક્તિ હોય છે, તે ઘણો લુચ્ચો હોય છે. અને તે બિચારી કાગડીને છેતરે કેમકે તે મૂર્ખ હતી. મેં વારંવાર રાણી વિષે સાંભળ્યું છે પણ પક્ષીઓની રાણી વિષે મેં હજી સુધી કદી આપ નામદારને જોયા નથી. અને જુઓ, મને કહેવામાં આવ્યું હતું તે કરતાં તે વધારે સુંદર છે. તેની આંખ કેવી ચળકે છે, તેની પાંખ કેવી તેજદાર છે, તેના પીછાં કેવાં લીસાં છે, મને ખાત્રી છે તે ગાઇ શકે છે. બધા પશુ-પક્ષીઓ એક ગીત તેના હોઠમાંનાં એક મધુર ગીતની માગણી કરે છે ભલે તે લાંબુ ન હોય, તેણે જે કહ્યું તે મૂર્ખ કાગડીએ સાંભળ્યું. તે પોતે ઘણી મગરૂર બની, અને પોતાનું માથું હલાવ્યું. તેના અગાઉ કદી વખાણ થયા ન હોતા. અને તેણે ઘણે મોટેથી કાકા કર્યું. શિયાળના પગ આગળ માખણ પડી ગયું, તેણે કહ્યું, કંઇક ખાવાનું આપવા માટે હું તમારો આભાર માનું છુ. મારી રાણીનો ઘણો મધુર અવાજ છે અને તેની આંખો ઘણી તેજસ્વી છે, તે કેવી દીલગીરીની વાત છે કે તેનામાં ડહાપણ નથી અને તમે જે આ નાની વાત વાંચો, તે શિખામણ લેવાને ચુકતા નહિ. જ્યારે કોઇ તમારી ખુશામત કરે ત્યારે જો તમારી હોય તો શિયાળ કાગડી અને તેના માખણ વિષે વિચાર કરજો.

---

33. THE LION AND THE OLD HARE

Forest (ફોરેસ્ટ) જંગલ
Vindhya mountains (વિન્ધ્યા માઉન્ટન્સ) વિન્ધ્યાચળ પર્વત
Fierce-heart (ફીઅર્સ હાર્ટ) ક્રૂર હૃદય
Reigned (રેઇન્ડ) રાજ્ય કરતો
Had crowned (ક્રાઉન્ડ) રાજ્યાભિષેક કીધો
Loud (લાઉડ) મોટી જબરી
Roar (રોર) ગર્જના સિંહની
Proclaimed (પ્રોક્લેઇમ્ડ

જાહેર કીધો
Monarch (મૉનાર્ક) પાદશાહ
Echoes (એકોઝ) પડઘા
Rolled (રોલ્ડ) પ્રસરી જતા, ગાજી રહેતા
Cared for nobody કોઇની પરવા રાખતો નહિ
Would follow (ફૉલો) પાછળ જતો
Boar (બોર) ભુંડ
And so on અને તે પ્રમાણે
To satisfy (સૅટિસ્ફાઇ) સંતોષ પમાડવાને
Became terrified (ટેરિફાઇડ) ગભરાયાં
Graze (ગ્રેઇઝ) ચરવું
Listening (લિસનિંગ) ધ્યાનપુર્વક સાંભળવું
No one felt safe (ફેલ્ટ સેઇફ) કોઇને એમ ન લાગ્યું કે હું સહીસલામત છું
Held a meeting (મીટિંગ) સભા ભરી
Plan (પ્લૅન) યુક્તિ
Safety (સેઇફ્ટિ) સહીસલામતી
Advice (ઍડવાઇસ) સલાહ
Will starve (સ્ટાર્વ) ભૂખે મરશો
Trouble (ટ્રબલ) મહેનત
Shall pass (પાસ) ગુજારીશું
Peace (પીસ) શાન્તિ
Usual (યુઝ્વલ) હંમેશનો
Let it be so તેમ થવા દો
Arrangement (ઍરેઇન્જમેન્ટ) ગોઠવણ
Cast lots (લૉટસ) ચીઠીઓ કાઢવી
Of his own accord (ઍકૉર્ડ) પોતાની ખુશીથી
Regularly (રેગ્યુલર્લિ) નિયમિત રીતે
Turn (ટર્ન) વારો
In any case (કેઇસ) ગમે તે રીતે પણ
Need make no haste (હેસ્ટ) ઉતાવળ કરવાની જરૂર નથી
Will go to my death મરણના (મોઢામાં) જઇશ
Lashing (લૅશિંગ) અફાળતો
Growling (ગ્રાઉલિંગ) બરાડતો
Angrily (ઍન્ગ્રિલિ) ક્રોધથી, ગુસ્સાથી
Creeping (ક્રીપિંગ) પેટે ચાલતો

How dare you keep me waiting મને રાહ જોવડાવવાની તારી હિંમ્મત કેમ ચાલી
Fault (ફૉલ્ટ) ગુન્હો, વાંક, અપરાધ
Were breaking their word પોતાનું વચન તોડતા હતા
Made me promise (પ્રૉમિસ) મારી પાસે વચન લીધું
Flew into a terrible rage (ટેરિબલ રેઇજ) ઘણોજ ગુસ્સે થયો
Go in front (ફ્રન્ટ) આગળ ચાલ
Dare (ડેર) હિમ્મત કરવી
Insult (ઇનસલ્ટ) અપમાન કરવું
Kingdom (કિંગડમ) રાજ્ય
Whispered (વ્હિસ્પર્ડ) કાનમાં કહ્યું
Gnashing (નૅશિંગ) કચકચાંવીને પીસીને
Terribly (ટેરિબ્લિ) ભયંકર રીતે
Fierce (ફીઅર્સ) ઝનુની
In a rage ગુસ્સામાં
Was drowned (ડ્રાઉન્ડ) ડુબી ગયો
Delivered (ડિલિવર્ડ) બચાવ્યા

GRAMMAR

Regular verbs નિયમિત ક્રિયાપદ
Irregular verbs અનિયમિત ક્રિયાપદ

૩૩. સિંહ અને ઘરડું સસલું

એક વખત વિંધ્યાચળ પર્વતના એક જંગલમાં ફીયર્સ-હાર્ટ (ક્રુર અંતઃકરણનો) નામનો એક સિંહ રહેતો હતો, જે તે દેશના ભાગના બધા પશુઓનો રાજા હતો; તે વખતે તે રાજ્ય કરતો કારણ કે બધા પ્રાણીઓ કરતાં તે જોરાવર હતો. જ્યારે તે રાજા થયો ત્યારે તેને કોઇએ રાજ્યાભિષેક કર્યો નહોતો. તેની પોતાની મોટી ગર્જનાએ તેને રાજા તરીકે જાહેર કર્યો હતો. કારણ કે તેના પડધા જંગલમાં તેના રાજમાં બધે ગાજી રહેતા. જ્યારે ફીયર્સ-હાર્ટ ગર્જના કરતો ત્યારે હાથી સિવાય દરેક પ્રાણી જે તે સાંભળતો તેને તેની ધાસ્તી લાગતી કારણ કે તે એટલો બધો મોટો હતો કે તે

કોઇની પરવા કરતો નહિ. પછી ફીયર્સ-હાર્ટ તેમાંના એકની પાછળ જતો અને તેને મારી નાખતો. અને પોતાના ભોજન તરીકે ખાઇ જતો. એક દિવસે હરણને મારતો, બીજે દિવસે જંગલી ભુંડને મારતો અને એ પ્રમાણે કરતો. દરરોજ કોઇ પ્રાણીને મારતો ને ખાઇ જતો. એક મોટું પ્રાણી એક વખતના ભોજન માટે પુરતું હતું, પણ સિંહ વારંવાર કેટલાક નાના પ્રાણીને મારતો કારણ કે એક તેની ભૂખ શાંત કરવા પૂરતું નહોતું. છેવટે પ્રાણીઓ એટલા બધા ગભરાયાં કે તેમાંનું કોઇ જંગલમાં કોઇ ઠેકાણે ચરી શકતું નહિ. દરેક સિંહની ગર્જના માટે ધ્યાન દઇ સાંભળતું અથવા તે આવે છે કે કેમ તે જોવાને ઝાડીની આસપાસ જોતાં. કોઇને એક ક્ષણ માટે પણ તે સહીસલામત છે એવું લાગતું નહિ. આખરે એક દિવસે જેટલા પ્રાણીઓ જીવતાં રહ્યાં હતાં તેઓએ સભા ભરી. સિંહ ત્યાં આવ્યો તે પહેલાં જેવી રીતે તેઓ સહીસલામતીમાં ચરતાં હતાં તેવી રીતે ચરી શકે એવી યુક્તિનો વિચાર કરવાને તેઓએ પ્રયત્ન કર્યો. એકે આમ કહ્યું ને બીજાએ તેમ કહ્યું. આખરે શિયાળની સલાહથી તેઓએ આ શબ્દોમાં સિંહને કાગળ લખ્યો :—મહારા મહેરબાન, જો તમે દરરોજ અમારામાંના આટલા બધાંને મારી નાખશો તો અમારામાંથી કોઇ રહેશે નહિ અને તમે ભૂખે મરશો. જો તમારી મરજી હોય તો દરરોજ અમારી સંખ્યામાંથી એકને અમે પોતે મોકલશું. આથી તમને શિકારની બધી મહેનત બચી જશે, અને અમે પણ અમારી જીંદગી શાન્તિ અને સહીસલામતીમાં ગુજારશું, અને તમારૂં રાજ્ય થયું તે પહેલાં અમે જેવી રીતે અમારો હંમેશનો ખોરાક ખાતાં તેવી રીતે ખાવાને શક્તિવાન થઇશું. આનો સિંહે જવાબ આપ્યો, બહુ સારૂં, એમ થવા દો, પણ જે પશુ તમે મોકલો તે દરરોજ સાંજે સુર્ય અસ્ત પામે તે વખતે આવવું જોઇએ અને મોડું નહિ. જ્યારે આ ગોઠવણ થઇ ત્યારે પશુઓ દરરોજ ચીઠીઓ કાઢતા અને જે પ્રાણી

પર ચીઠી આવે તે ખુશીથી સિંહ પાસે જતો, જે આ પ્રમાણે નિયમિત રીતે જમતો. એક દિવસ સિંહનો ખોરાક થવાનો વારો એક ઘરડા સસલાનો આવ્યો. તેને જવું પડયું, પણ જેવો તે આગળ ચાલ્યો તેવામાં પોતાના મનમાં વિચાર કર્યો, કોઇ પણ રીતે પણ મારે મરવું જોઇએ, પણ મારે ઉતાવળ કરવાની કાંઇ જરૂર નથી. મારાથી બની શકે તેટલું ધીમેથી હું મારા મરણ પાસે જઇશ. તેથી તે ઘણો ધીમે ધીમે ગયો, અને જે વખતે તે સિંહની ગુફા પાસે પહોંચ્યો તે વખતે સૂર્ય અસ્ત પામ્યો હતો. સિંહ ઘણો ભૂખ્યો થયો હતો કારણ કે છેલ્લાં એક બે દિવસથી ઘણા નાના પ્રાણીઓ મોકલવામાં આવ્યાં હતાં. તે પોતાની પુંછડી પોતાની બાજુએ અફાળતો અને ગુસ્સાથી બરાડતો આમતેમ ફરતો હતો, જ્યારે તેણે સસલાને (પેટે ચાલવાની માફક) આવતાં જોયો ત્યારે તેણે ગર્જના કરીને કહ્યું મને રાહ જોવડાવવાની તને હિમ્મત કેમ આવી? તું મોડો કેમ આવ્યો? સસલાએ જવાબ દીધો, સાહેબ, તેમાં મારો વાંક નથી, રસ્તામાં મને એક મોટો સિંહ મળ્યો જે મને ખાવા ઇચ્છતો હતો. પણ પહેલાં તમને કહેવા દેવાને વાસ્તે તમારી પાસે આવવાને તેને મેં વિનંતિ કરી. નહિ તો તમે એવું ધારો કે પશુઓ જેણે મને મોકલ્યો તેઓ પોતાનું વચન તોડતાં હતા તેણે મારી પાસે વચન લીધું છે કે જ્યારે હું તમને કહું ત્યારે મારે પાછા જવું. જ્યારે સિંહે આ સાંભળ્યું ત્યારે તે ઘણો ગુસ્સે થયો. તેણે કહ્યું આગળ ચાલ. આ બહાદુર સિંહ જ્યાં રહે છે તે જગા મને બતાવ. શું તે મારા પોતાના રાજ્યમાં મારૂં અપમાન કરવા હિમ્મત કરે છે? સસલો એકદમ ચાલ્યો જ્યાં સુધી ઉંડા કુવા પાસે આવ્યો ત્યાં સુધી તેને લઇ ગયો, જ્યાં તે ઉભો રહ્યો. અહિંઆં મેં તેને મુકયો હતો. તેણે ધીમેથી કાનમાં કહ્યું, તે પોતાનું ખાણું લીધા પહેલાં ત્યાં પાણી પીએ છે. સિંહે દાંત કચકચાવીને કહ્યું કે તે મને બતાવ. સસલાએ કહ્યું, અહિં અંદર જુઓ. સિંહે જોયું

અને પાણીમાં ભયંકર રીતે ઝનુની અને ગુસ્સાવાળા બીજા સિંહનું માથું જોયું. જેને પોતે જોયો તે પોતેજ છે એમ તેણે જાણ્યું નહિ. ગુસ્સામાં તે કુવામાં કુદી પડયો. પાણી ઘણું ઉંડુ હતું અને તે ડુબી ગયો. આ રીતે તે ચાલાક નાના સસલાએ પોતાની જીંદગી બચાવી અને જંગલના બીજા પશુઓને પોતાના દુશ્મન ફીયર્સ-હાર્ટથી બચાવ્યા.

---

34. THE JACKALL WHO HAD LOST HIS TAIL

Jackal (જૅકાલ) શિયાળ
Do without it તેના વિના ચલાવી લેવું
Sob (સૉબ) ડસકાં ભરવાં
Sigh (સાઇ) હાયસોસ કરવી
Cheeks (ચીકસ) ગાલ
Grow pale (ગ્રો પેઇલ) ફીકા પડી જાય છે
There is no doubt about એમાં કાંઇ શક નથી
Curled (કર્લ્ડ] વળતી (વાંકી)
Covered my nose મારા નાકને ઢાંકતી
When chilly (ચિલિ) ટાઢ પડતી ત્યારે
Would tuck (ટક) ઘાલી દેતો
Tight (ટાઇટ) મજબૂત
Frightened (ફ્રાઇટન્ડ) ગભરાયેલો
Felt (ફેલ્ટ) લાગતું
Make fun of me મારી મશ્કરી કરશે
Mystery (મિસ્ટરિ) ગુપ્ત વાત
The bravest (બ્રેવેસ્ટ) ઘણા જ બહાદૂર
Turn pale (ટર્ન પેઇલ) ફીકા પડી જાય
Pack (પૅક) ટોળું
Likewise (લાઇક વાઇઝ) તેવી જ રીતે
In rows હાર બંધ
Silence (સાયલન્સ) શાન્તિ, ચુપકી
Bowls (બાઉલ્સ) બૂમ પાડે છે

With the air (ઍર) દેખાવથી
Will agree (એગ્રી) કબૂલ કરશે
Venture (વેન્ચર) હિંમ્મત ધરૂં
The world is not what is used to be દુનિયા અસલ હતી તેવી હાલ નથી
Changes (ચેઇન્જીસ) ફેરફારો
Shall stand still બેઠા જ રહીશું
Are moving (મૂવિંગ) આગળ વધે છે
To go on ચલાવવું
Sickly (સિક્લિ) કંટાળાવાળું
Heavy (હેવી) ભારે
Inconvenient (ઇન્કન્વીનીઅન્ટ) અગવડતા ભરેલી
Tigers (ટાઇગર્સ) વાઘો
Panthers (પેન્થર્સ) ચિત્તાઓ
To cough (કફ) ખોંખારવું
Hoarse (હોર્સ) જાડા સાદનો
Propose (પ્રપોઝ) દરખાસ્ત કરૂં છું
Do you all agree તમારે બધાને કબૂલ છે ?
Knowing wink (ઉવિંક) જાણીતો આંખનો પલકારો
Cold (કોલ્ડ) શાન્ત
Steady (સ્ટેડિ) દ્રઢ
To part with (પાર્ટ) વિનાના થવું
Already (ઑલ રેડી) અત્યાર સુધીમાં
Advice (એડવાઇઝ) સલાહ
Reason why (રિઝન) શા કારણે
Giver (ગિવર) આપનાર
Benfit (બેનિફિટ) લાભકારક થવું

૩૪ શિયાળે પોતાની પુંછડી ગુમાવી હતી તે.

અફસોસ ! અફસોસ ! મેં મારી પુંછડી ગુમાવી છે ! તે વગર હું શું કરીશ ! અને ડુસકાં ખાઉં છું અને હાયસોસ કરૂં છું. અને મારા ગાલ ફિક્કા પડી જાય છે. તે બાબત કાંઇ શક નથી. જ્યારે હું લડવાનું બતાવવા માગતો હોઉં, ત્યારે તે મારી પીઠ ઉપર વાંકી વળતી. જ્યારે ટાઢ પડતી ત્યારે મારા નાકને ઢાંકતી. જ્યારે મને ગભરામણુ લાગતી અથવા આળસુ થતી ત્યારે મારા પગ વચ્ચે

મજબૂત રીતે ઘાલી દેતો. હું જાણું છું કે દરેક નાનો શિયાળ કેવી રીતે મોટેથી હસશે, અને મારી મશ્કરી કરશે ! કારણ કે હું ટોળાંને છોડી દઇ શકતો નથી, મારે કોઇ વખત મારૂં મોઢું બતાવવું ! પણ શું કરવું એ ગુપ્ત વાત છે, પુંછડી વિનાના શિયાળ તરીકે ઇતિહાસમાં હંમેશ ઓળખાવાથી બહાદૂર ફિક્કા પડી જાય છે. તેથી પોતાની પીઠ ઝાડ તરફ રાખીને એક યુક્તિ અજમાવવી તેનો વિચાર કરવા તે બેઠો, જેથી ટોળાંના બાકીના તેવી જ રીતે પુંછડી કપાવી નંખાવે. તેણે શિયાળને એકઠાં બોલાવ્યાં. તેઓ બધા હાર બંધ બેઠા જ્યારે તે જે જાણે છે તે દેખાવથી તેણે મોટેથી બૂમ પાડી ત્યારે શાંતિ પથરાઇ વહાલા મિત્રો, જ્યારે હું બોલવાને હિમ્મત ધરૂં છું કે દુનિયા અસલ હતી તેવી હાલ નથી, ત્યારે હું ધારૂં છું કે તમે બધા કબૂલ કરશો કે દરરોજ ફેરફાર થાય છે. ચાલો આપણે બદલાઇએ. જ્યારે બીજા આટલી ઝડપથી આગળ વધે છે ત્યારે આજે આપણે બેઠા રહીશું ? હું કહું છું કે તેજ જુની રીતે ચાલવું તે એવું બતાવશે કે આપણે ઘરડાં અથવા માંદા છીએ. હવે તમે જાણો છો, આપણી પુંછડી આપણને આડી આવે છે. હું વિનંતિ કરીને કહેવાની રજા લઉં છું કે જ્યારે વાઘ ને ચિત્તા બહાર આવે છે ત્યારે આમ તેમ લઇ જવાને તે ભારે અને અગવડતા ભરેલી છે ટુંકઃમાં પણ તે ઉધરસ ખાવા મંડયો. તે જાડા સાદનો અને ઘણો જાડો હતો. મારા મિત્રો, હું દરખાસ્ત કરૂં છું કે આપણે તેને કાપી નાંખીએ. તમારે બધાને તે કબૂલ છે ! એક ઘરડો શિયાળ જાણીને આંખનો પલકારો કરીને ઉઠયો અને શાંત અને દૃઢ અવાજથી કહ્યું, તમે જો તમારી પુંછડી ક્યારની ગુમાવી ન હોત તો હું ધારતો નથી કે તમે અમારી પુંછડીથી અમને છુટા પાડવાનું પૂછત ?

તમે સલાહ લો તે પહેલાં આપનારે શા માટે આપી છે તેનું કારણ પહેલાં શોધી કાઢવાનો પ્રયત્ન કરો, આ પણ વળી પૂછો કે તેને લાભકારક થાશે કે તમને ?

---

35. WASHINGTON THE GENERAL

Story (સ્ટોરિ) વાર્તા
George washington (જ્યૉર્જ વૉશિંગ્ટન) સરદારનું નામ છે
Truthful (ટ્રુથફુલ) સાચો, સત્યવાદી
Was riding along (રાઇડિંગ) ઘોડે સ્વાર થઇ આગળ ચાલતો હતો
Dressed (ડ્રેસ્ડ) પોશાક પહેરેલો
Ordinary (ઑર્ડિનરિ) સાધારણ
Gentleman (જેન્ટલમેન) ગૃહસ્થ
Soldiers (સોલ્જર્સ) લડવૈયાઓ
Trying to lift (ટ્રાઇંગ ટુ લિફ્ટ) ઉચકવાની કોશિશ કરતા
Heavy (હેવિ) ભારે
Beam (બીમ) લાકડું
Corporal (કોર્પોરલ) નાયક
Petty-officer (પેટિઑફિસર) લશ્કરમાં ઉતરતા દરજ્જાનો માણસ
Orders (ઑર્ડર્સ) હુકમો
Tried very hard (ટ્રાઇડ) ઘણી મહેનત કીધી)
Although (ઓલધો) અગરજો, જો કે
Grand (ગ્રાન્ડ) મોટા દબદબાવાળો
Heave away (હીવ) ઉચકી નાંખો
Push it (પુશ) હડસેલો
Pull it (પુલ) ખેંચો
Lift it (લિફ્ટ) ઉપાડો
Do you not take hold of તમે કેમ પકડતા નથી
Turned round બાજુએ ફર્યો
Emperor (એમ્પરર) બાદશાહ
Replied (રિપ્લાઇડ) જવાબ આપ્યો
I beg your pardon (પાર્ડન) હું તમારી માફી માગું છું
Got off (ગૉટ) ઉતરી પડ્યો
Took off કાઢી નાખ્યો
With all his might પોતાના બધા બળથી
Silence (સાયલન્સ) ચુપકી, શાન્તિ
Did not offer (ઑફર) આપી નહિ
Put on પહેર્યો
Got on બેઠો
Enough (ઇનફ) પુરતાં
As if જાણે
You have hard work to

do તમારે કાંઈ મુશ્કેલ કામ હોય
Could sink (સિંક) સમાઈ જવું

He had not a word to say તેનાથી એક શબ્દ પણ બોલાયો નહિ

૩૫. સેનાપતિ વૉશિંગ્ટન.

તમે જ્યોર્જ વૉશિંગ્ટન વિષે એક વાર્તા સાંભળી હશે, અને જ્યારે તે ૭ વરસનો છોકરો હતો ત્યારે તેણે તેના બાપને કેવી રીતે સાચું કહ્યું. તે સત્યવાદી હતો એટલું જ નહિ પણ ઘણો માયાળુ અને હંમેશાં બીજાને મદદ કરવાને ખુશી હતો. એક વખત તે મોટો સેનાપતિ થયો ત્યાર પછી એક દિવસ તે એક સેનાપતિના પોષાકમાં નહિ પણ એક સાધારણ માણસ તરીકે ઘોડે બેસીને જતો હતો. તેણે એક કિનારા સુધી એક ભારે પાટડો ઉંચકવાની કોશિશ કરતાં કેટલાક સિપાઈઓને જોયા. તેમને હુકમ આપતો તેમની સાથે નાયક કે ઉતરતી પદવીનો અમલદાર હતો. વૉશિંગ્ટન કોણ છે તે તેઓ જાણતા નહોતા. પાટડો ઘણો ભારે હતો. જો કે બધા સિપાઈઓ ઘણી મહેનત કરી તો પણ તેને ઉંચકી શકયા નહિ. તેઓને તેમની મદદમાં એક વધારે માણસની જરૂર હતી. નાયકે મદદ કરી નહિ, તેણે વિચાર્યું કે હું એવડો મોટો માણસ છું કે તેમ કરી શકું નહિ. તેણે બોલવાનું ચાલુ રાખ્યું, ઉંચકો, ઉંચકો, તેને ધક્કો મારો, તેને ખેંચો, તેને ઉપાડો. પછી વૉશિંગ્ટને તેને કહ્યું તમે શા માટે પાટડો પકડતા નથી ? અને માણસોને મદદ કરતા નથી ? નાયક સામો ફર્યો અને જાણે પોતે બાદશાહ હોય તેમ કહ્યું, સાહેબ, હું કોણ છું તે તમે જાણો છો હું નાયક છું ! વૉશિંગ્ટને જવાબ દીધો, કોરપોરલ સાહેબ, હું તમારી માફી માગું છું, મેં ઓળખ્યા નહિ કે આપ આવા મોટા માણસ હશો. પછી તે પોતાના ઘોડા પરથી નીચે ઉતર્યો પોતાનો ડગલો કાઢી નાખ્યો, અને પોતાના બધા જોરથી પાટડો ખેંચ્યો. તેની મદદથી સિપાઈઓ

તેને કિનારા સુધી ઉંચકી લઈ ગયા, નાયકે શાંતિથી જોયા કર્યું પણ મદદ આપી નહિ. તેણે પોતાનો ડગલો પહેર્યો અને પોતાના ઘોડા પર ચઢયો અને કહ્યું, કારપોરલ સાહેબ, બીજી વખત તમારે સખત કામ કરવાનું હોય અને જોઈએ તેટલા માણસ ન હોય તો મને બોલાવજો. હું તમારો સેનાપતિ છું. કારપોરલને લાગ્યું કે જાણે હું જમીનમાં શરમથી સમાઈ જાઉં તેનાથી એક પણ શબ્દ બોલાયો નહિ.

---

36. THE TWO GOATS

1. THE SILLY OLD GOATS.

Silly (સિલિ) મૂર્ખો
Goats (ગોટસ) બકરાં
Walked out ફરવા ગયા
Morning (મૉર્નિંગ) સવાર
Light (લાઈટ) પ્રકાશ
Mountain (માઉન્ટન) પહાડ, પર્વત
Track (ટ્રેક) રસ્તો, માર્ગ
Paths (પાથ્સ) રસ્તાઓ
Neither (નાઈધર) બેમાંથી એકે નહિ
In the least (લીસ્ટ) જરા પણ
Would suit him best વધુ ફાવતો આવશે
White-tailed સફેદ પુછડી

Stream (સ્ટ્રીમ) ઝરો
At each other એક બીજા તરફ
Black-tailed કાળી પુંછડી વાળો
Wood (વુડ) જંગલ
Bridge (બ્રિજ) પુલ
Plank (પ્લેન્ક) પાટીયું
Narrow (નૅરો) સાંકડુ
To cross (ક્રોસ) ઓળંગવું
If he could cross તેનાથી ઓળંગાય
If you please જો મરજી
Wait for (વેઈટ) રાહ જોવી
Did the same તેજ પ્રમાણે કીધું

May I die of shame શરમથી માર્યો જાઉં
That may be true તે ખરૂં હોય
Equally (ઇક્વીલિ) સરખી રીતે
Advanced (ઍડવાન્સ્ડ) આગળ વધ્યા
Does not belong to you તમારી માલીકીનો નથી
Began to fight લડવા લાગ્યા
Middle (મિડલ) મધ્ય ભાગ
Slipped (સ્લિપ્ડ) લપસી ગયાં
Sank (સૅન્ક) ડુબી ગયાં

II THE WISE LITTLE KIDS

Kids (કિડ્ઝ) બકરીનાં બચ્ચાં
It happened (હૅપન્ડ) એવું બન્યું
Aged (એજેડ) ઘરડો
Being the father બાપ હોવાથી
Sent for બોલાવ્યા
To serve (સર્વ) ખપ લાગવું
Warning (વૉર્નિંગ) ચેતવણી
Folly (ફૉલિ) મુર્ખાઇ
Nicer (નાઇસર) વધારે સુંદર
Would be hard to find જડવા મુશ્કેલ છે
Remember (રિમેમ્બર) યાદ છે
Except (એક્સેપ્ટ) સિવાય
Knew in the least જરા પણ જાણતા નહોતા
Just as the other two did જેમ બીજા બેએ કર્યું
Bowed (બાઉડ) સલામ કીધી, નમન કર્યું
Polite (પોલાઇટ) વિવેકી
You'll allow (એલાઉ) રજા આપશો
Vowed (વાઉડ) પણ લીધું
Aside (ઍસાઇડ) બાજુએ
Had passed (પાસ્ડ) પસાર થયો
Brink (બ્રિંક) કોર
There is not room (રૂમ) ત્યાં જગ્યા ન હતી
Reached (રીચ્ડ) પહોંચ્યા)
To pass (પાસ) જવાની
Turned round (ટર્ન) ફર્યો
Were pale with fear ભયથી ફીકા પડી ગયા
Manners (મૅનર્સ) રીતભાત
Had not forgotten (ફર્ગોટન) ભુલી ગયા ન હતા

Fate (ફેઈટ) તકદીર, નશીબ
To quarrel (ક્વૉરલ) કજીઓ કરવો
Comfort (કમ્ફર્ટ) સુખ
Ease (ઈઝ) સુખ, ચેન
Lie down (લાઈ ડાઉન) સુઈ જાવું

If you please (પ્લીઝ) જો તમારી મરજી હોય તો
Safety (સેફટિ) સહીસલામતી
Accept (ઍક્સેપ્ટ) કબૂલ કરવું
My very best thanks (થેંક્સ) મારા અંતઃકરણના ઉપકાર

૩૬. બે બકરાં ભાગ ૧લો મુર્ખ બકરાં.

પહાડને રસ્તે બે બકરાં એક સવારના પ્રકાશમાં ફરવાને નીકળ્યા. એકની પુંછડી ટુંકી ને સફેદ હતી, બીજાની પુંછડી કાળી હતી. રસ્તાઓ ઘણા હતા. કયો રસ્તો સૌથી વધારે ફાવશે તે એમાંનો એક જરા પણ જાણતો ન હતો, તેથી ધોળી પુંછડીવાળો બકરો પૂર્વમાં અને કાળી પુંછડીવાળો બકરો પશ્ચિમમાં ગયો. જંગલમાં એક ઝરાના કિનારા ઉપર મળ્યા. અને તેઓ ઉભા રહ્યા અને એક બીજા સામે જોયું. કાળી પુંછડીવાળો બકરો એક કિનારા પર ઉભો અને ધોળી પુંછડીવાળો બીજા કિનારા પર ઉભો. પુલ એક લાકડાનું પાટિયું હતું ને વળી ઘણું સાંકડું હતું. જો પોતાનાથી બની શકે તો દરેકને પહેલાં ઓળંગી જવાની ઇચ્છા હતી, અને તેમ કરવાનં પ્રયત્ન કર્યો. સફેદ પુંછડીવાળા બકરાએ કહ્યું, જો તમારી મરજી હોય તો ત્યાં રાહ જુઓ. પણ બીજાએ જવાબમાં કહ્યું કે શું! એના જેવા પુંછડીવાળા બકરા માટે રાહ જોવી? ના, ના, મારા મિત્ર, હું નહિ જોઉં. બોલ્યો કે તરતજ તેણે પોતાનો એક પગ પાટિયા ઉપર મૂકયો, બીજાએ પણ તેમજ કર્યું. તેણે કહ્યું જો હું કાળી પુંછડીવાળા બકરા માટે પાછો ફરૂં તો હું શરમથી માર્યો જઉં, કાળી પુંછડીવાળા બકરાએ કહ્યું. પુલ તારો નથી, બીજાએ કહ્યું, તે ખરૂં હોય, પણ સરખી રીતે ખરૂં જ છે. અહીં તે બન્ને આગળ વધ્યા—તે તારી માલીકીનો નથી. તેથી પાછ-

થાંની વચ્ચેના ભાગમાં આ મૂર્ખ બકરાઓ લડવા મંડયા. બન્ને સરી પડ્યા, અને બન્ને નદીમાં પડી ગયા અને ડુબી ગયાં.

ભાગ ૨જો. ડાહ્યાં નાનાં બચ્ચાં

તમે વાંચ્યું છે તે પ્રમાણે હવે જ્યારે આ મૂર્ખ પ્રાણીઓ લડતા હતા ત્યારે એવું બન્યું કે એક ઘરડા બકરાએ તેઓએ જે કહ્યું તે દરેક શબ્દ સાંભળ્યા. અને ઘણાં બચ્ચાંનો બાપ હોવાથી બધાંને સવારમાં બોલાવ્યા, અને મેં તમને હમણાં જે વાત કહી તે જ વાત તેમને ચેતવણી તરીકે ખપ આવે તે માટે કહી. તેથી બીજાની મૂર્ખાઇ ઉપરથી કેવું સારૂં પરિણામ આવે છે, તે જોવાની જો તમારી મરજી હોય તો આ નાના ભાઇઓમાંથી બેને થોડા વખત ઉપર જે બન્યું હતું તે હું તમને કહીશ. બે નાનાં વધારે સુંદર બચ્ચાંને શોધવા મુશ્કેલ હતાં, તેઓની પુંછડી પાછળ લટકતી તે સિવાય તેઓની પુંછડી વિષે મને કાંઇ યાદ નથી. મૂર્ખ બકરાની માફક તેઓ ફરવા ગયા. કયે રસ્તે જવું તે બેમાંનો એકે જરા પણ જાણતો ન હતો, તેથી એક પશ્ચિમમાં ગયો અને બીજો પૂર્વમાં ગયો. જેમ બીજા બે મળ્યા હતા તેમજ તેઓ પહાડના ઝરાના કિનારા પર મળ્યા, અને દરેકે નમન કર્યું અને રાહ જોઇ. કારણ કે દરેક ઘણું વિવેકી નાનું બચ્ચું હતું, એકે કહ્યું, તારી પાછળ, બીજાએ કહ્યું, હું વિનતિ કરૂં છું કે મને તમે છેલ્લો જવા દેશો. પછી તેમાંથી દરેકે પણ લીધું કે બીજો બાજુએથી ચાલ્યો જાય ત્યાં સુધી હું બાજુએ ઉભો રહીશ. એકે કહ્યું. વહાલા ભાઇ, કેમકે કોર ઉપર આખો દિવસ ઉભા રહેવાની મારી મરજી નથી પાટિયું એટલું બધું નાનું નથી, હું ધારૂં છું કે આપણે સાથે ઓળંગી જઇએ. બીજાએ જવાબ દીધો, હું પણ એમ ધારૂં છું તે ઉપરાંત તે ઘણું સપાટ છે. જો આપણને માલમ પડે કે જવાની જગ્યા નથી તો આપણે બન્ને ફરીથી પાછા જઇશું. તેથી પાટિયાં પર બન્ને આગળ માલમ પડયું કે જવાની જગ્યા નથી, અને. અરે વહાલા પાછા વળ્યા અને તેઓ વચમાં પહોંચ્યા અને

ફરીને જવાની જગ્યા નથી. હવે જોકે તેઓના ચ્હેરા ખીકથી ફીકા પડી ગયા તોપણ તેમની રીતભાત હજી વિવેકી હતી. કારણકે જે બકરાઓએ કજીઓ કરવાનું અને લડવાનું શરૂ કર્યું હતું તે બકરાંના નશીબને તેઓ ભૂલી ગયા નહોતા. આખરે એક બચ્ચાએ કહ્યું, મેં એક યુક્તિનો વિચાર કર્યો છે, કે આપણે સુખચેનથી ઓળંગી જઇએ. કારણકે જો તમારી મરજી હોય તો હું નીચે સુઇ જઇશ અને તમે સહેલાઇથી મારી પીઠપર થઇને જઇ શકશો. એ પ્રમાણે ઘણી ઝડપથી તેઓએ કર્યું. હવે કાંઇપણ ધાસ્તી વગર તેઓ સહીસલામતીથી કિનારાપર ઉભા રહ્યા, દરેકે બીજાને સલામ કરી એને કહ્યું, વહાલા ભાઇ, મારા અંતઃકરણના ઉપકાર કબૂલ રાખજો.

---

37. THE WEAVER BIRDS AND THE MONKEYS.

Weaver (ઉવીવર) વણનારાં
Nullah (નલા) નાળું
Leads dows (લીડઝ) જ્યાંથી જવાય છે
Narbada (નર્મદા) નદીનું નામ
Silk cotton tree (સીલ્ક કોટન ટ્રી) શેતુર
Leafy (લીફિ) પાંદડાવાળી
Branches (બ્રાન્ચીઝ) ડાળીઓ શાખાઓ
Hung over (હંગ) લટકી રહે છે
Flock (ફ્લૉક) ટોળું
Hanging (હૅન્ગિંગ) લટકતાં
Bottles (બૉટલ્સ) શીશા
Necks (નેકસ) મોઢાં
Downwards (ડાઉનવર્ડઝ) -નીચેની બાજુએ
Leaves (લીવ્ઝ) પાંદડાં
Feathers (ફીધર્સ) પીછાં
In comfort (કમ્ફર્ટ) સુખ ચેનથી
Rays (રેઝ) કિરણો
Could not get પ્રવેશ કરી શકતા નથી
To wet (ઉવેટ) ભીનું કરવું
Monsoon (મોનસૂન) ચોમાસું
Set in (સેટ ઇન) બેઠું

Thick (થિક) જાંડા
Heavy rain ભારે વરસાદ
Snug (સ્નગ) સગવડવાળા
Could not touch (ટચ) સ્પર્શ કરી શકતો નથી
Close by પાસેના
Heard (હર્ડ) ટોળું
Wet (ઉવેટ) ભીંજાઇ ગયેલા
Miserable (મિઝરેબલ) દુ:ખી
Shivered (શિવર્ડ) ધ્રુજતાં
Shook (શુક) કંપતાં
Huddled (હડલ્ડ) એક બીજા સાથે ચંપાઇને બેસતા
To get warm (ઉવૉર્મ) ગરમી પ્રાપ્ત કરવા
To keep out (કીપ આઉટ) દૂર રાખવા
Shivering (શિવરિંગ) ધ્રૂજતાં
Twitter (ટિવટર) ટીં ટીં અવાજ કરવો
To chirp (ચર્પ) ચીં ચીં અવાજ કરવો
Twit (ટિવટ) પક્ષીનો અવાજ
Bird language (બર્ડ લૅન્ગ્વેઇજ) પક્ષીની ભાષા
Beaks (બીક્સ) ચાંચો
Claws (ક્લૉઝ) પંજાઓ

Fault (ફૉલ્ટ) ગુન્હો, ભૂલ, અપરાધ
Comfortable (કમ્ફર્ટેબલ) સગવડવાળા
Lazy (લેઝિ) આળસુ, સુસ્ત
Idle (આઇડલ) આળસુ
Were not pleased નાખુશ થયા
At all જરા પણ
Grinned (ગ્રિન્ડ) દાંતીઆં કાઢ્યાં
Chattered (ચૅટર્ડ) ચીચીયારી કરી
Are making fun (ફન) મજાક કરે છે.
Mock (મોક) મશ્કરી કરવી
Distress (ડિસ્ટ્રેસ) દુ:ખ
Wait a bit (વેઇટ) જરા વાર સબુર કરો
Will teach you a lesson તમને શિખામણ આપશું
Left off (લેફ્ટ) ઉપડી ગયો
Pulled to pieces (પુલ્ડ ટુ પીસીઝ) ખેંચી તોડી કકડે કકડા કરી નાખ્યા
Escaped (એસ્કેઇપ્ડ) નાસી ગયા
Ruined (રૂઇન્ડ) નાશ પામેલા

Sadly (સેડલિ) દીલગીરીથી
What fools we were to make fun of monkey આપણે કેવા બેવકુફ કે વાંદરાની મશ્કરી કરી
Have let us alone આપણને છેડત નહિ, આપણને એકલા રહેવા દેત

૩૭. વણનારાં પક્ષીઓ અને વાંદરાઓ.

એક નાળું જે નર્મદા નદીમાં પડે છે ત્યાં એક વખત શેતુરનું ઝાડ હતું. તેની પાંદડાવાળી ડાળીઓ પાણી પર લટકતી હતી. આ ડાળીઓમાં વણનારા પક્ષીઓએ તેમના માળા બાંધ્યા હતા. તે લટકતા માળા હતા, જે ઉંધા વાળેલા (મોઢા નીચે રાખેલા) શીશા જેવા દેખાતા હતા આની અંદરની બાજુએ પાંદડા ને પીંછા હતા જે નાના ઘરોને સુંદર અને ગરમ બનાવતા, અને તેમાં વણનારા પક્ષીઓ સુખેથી રહેતા. સૂર્યના કિરણો તેમને ગરમીથી હેરાન કરવાને અંદર પ્રવેશ કરી શકતાં નહિ, અથવા તેને ભીંજવવાને વરસાદ અંદર પ્રવેશ કરી શકતો નહિ. જુલાઇ માસમાં ચોમાસું બેઠું. આકાશ ધાડાં વાદળાંથી કાળું થયું હતું, અને આખો દિવસ ભારે વરસાદ વરસ્યો. નાના વણનારા પક્ષીઓ તેઓના સગવડવાળા ગરમ માળામાં સહીસલામત હતા. વરસાદ તેમને અડકી શકતો નહિ. પાસેના બીજા ઝાડમાં વાંદરાનું એક ટોળું હતું તેઓ ભિંજાઇ ગયેલા, ઠંડા અને દુઃખી હતા. તેઓ ધ્રુજતા, કંપતા અને ગરમી મેળવવા માટે એક બીજા સાથે ચંપાઇને બેસતા. તેમને રહેવાને ઘર નહોતાં. ઠંડા વરસાદને દૂર રાખવાને તેઓને સુંદર માળા નહોતા. પક્ષીઓએ પોતાના માળામાંથી બહાર જોયું, અને ધ્રુજતા વાંદરાઓને જોયા, તેઓ ટીંટી અવાજ કરવા અને તેમની તરફ ચીંચી અવાજ કરવા મંડયા—તેઓએ તેમની પક્ષી ભાષામાં વાંદરાઓને કહ્યું. જુઓ, અમે કેવા ગરમ અને સગવડવાળા છીએ. અમે આ માળા અમારી ચાંચ અને પંજા વડે બાંધ્યા. વાંદરાઓ તમને હાથને પગ છે, તમે પણ કેમ માળા બાંધતા નથી? જો તમને ઠંડી

લાગે અને વરસાદમાં ભીંજાઓ તો તે તમારી જ ભૂલ છે. જે આળસુ ને સુસ્ત હોય છે તેઓ સગવડવાળા થવાની આશા રાખી શકતા નથી. જ્યારે વાંદરાઓએ આ સંભળ્યું, ત્યારે તેઓ નાખુશ થયા. વાંદરાઓ કરે છે તેમ તેઓએ દાંતીયા કર્યા અને ચીચીયારી કરી, તેઓ બોલ્યા, હો,હો, તમે અમારી મશ્કરી કરોછો કેમ ? તમે અમારા દુઃખમાં અમારી મશ્કરી કરો છો કેમ ! તમે અમને સુસ્ત કહો છો ! વરસાદ બંધ થાય ત્યાં સુધી રાહ જુઓ, અને અમે તમને શિખામણ (ધડો) આપશું. વરસાદ ઉઘડી ગયો કે તરતજ વાંદરાઓ શેતુરના ઝાડ પર ગયા, તેઓએ માળામાં પોતાના લાંબા હાથ ખોસ્યા, અને અંદરની બાજુએ જે ઇંડા અને પીંછા હતા તે બહાર ખેંચી કાઢયા. પછી તેઓએ માળા ખેંચી તોડી કકડે કકડા કરી નાંખ્યા, પક્ષીઓ તેમના આવતા જોઇને નાશી ગયા કારણ કે તેઓ ઉડી શકતા. પોતાના નાશ પામેલા ઘર છોડયાં ત્યારે તેઓએ એકબીજાને દીલગીરીથી કહ્યું આપણે કેવા બેવકુફ કે આપણે વાંદરાની મશ્કરી કરી. જો વાંદરાની મશ્કરી ન કરી હોત તો તેઓ આપણને છેડત નહિ.

---

38. THE JACKAL WHO WAS DYED BLUE

Hungry (હંગ્રિ) ભૂખ્યો
Prowling (પ્રાઉલિંગ) આમ તેમ છુપાતો છુપાતો
Streets (સ્ટ્રીટસ) શેરી, મહોલ્લા
Town (ટાઉન) ગામ, કસ્બો
To pick up (પિક અપ) ઉંચકી લેવું
Had wandered (વૅન્ડર્ડ) ભટકતો હતો
Fields (ફીલ્ડઝ) ખેતરો
Perhaps (પરહૅપ્સ) કદાચ
People (પીપલ) લોકો
Asleep (ઍસ્લીપ) ઉંઘતા
Keep clear (કલીઅર) બચી જવું
Safe (સેફ) સહીસલામત
Sniffing (સ્નિફિંગ) સુંઘતા
Poking his nose (પોકિંગ)

નાકે સુંઘતો
Dyer (ડાયર) રંગરેજ, રંગારો
Earned (અર્ન્ડ) પેદા કરતો
Living (લિવિંગ) ગુજરાન
Dying (ડાઈંગ) રંગીને
Cloth (કલોથ) કપડું
Back yard (બૅક યાર્ડ) પાછલો વાડો
Wooden (વુડન) લાકડાનું
Vessel (વેસલ) વાસણ
Dye (ડાય) રંગ
Slipped (સ્લિપ્ડ) લપસી પડ્યો
Stay (સ્ટે) થોભવું
Wily (વાઇલિ) લુચ્ચું, પાકું
Law down (લે ડાઉન) સુઇ ગયે
Pretended (પ્રિટેન્ડેડ) ઢોંગ કીધો
Dead (ડેડ) મરણ પામેલા
Jungle (જંગલ) જંગલ
Jumped up (જમ્પ્ડ અપ) કુદીને ઉભો થયો
From head to foot માથાથી પગ સુધી
Rajahs (રાજાઝ) રાજાઓ
Dress in blue ગળીના રંગ કપડાં પહેરે છે
Surely (સ્યૉર્લિ) નક્કી

Called together (ટુગેધર) ભેગા કીધા
Speech (સ્પીચ) ભાષણ
Changed (ચેઇન્જડ) બદલી નાખ્યો
Colour (કલર) રંગ
Royal (રૉયલ) બાદશાહી
From this time forwards (ફૉર્વર્ડ્ઝ) હવે પછી
Obey (ઓબે) તાબે થવું
Presents (પ્રેઝન્ટ્સ) ભેટ, નજરાણું
Were astonished (ઍસ્ટોનિશ્ડ) આશ્ચર્ય પામ્યા
Thought (થૉટ) ને લાગ્યું, વિચાર્યું
Reigned (રેઇન્ડ) રાજ્ય કરવા લાગ્યો
Spread (સ્પ્રેડ) ફેલાઇ
Deer (ડીઅર) હરણ
Proud (પ્રાઉડ) અભિમાની
Despise (ડિસ્પાઇઝ) ધિક્કારવું,
To keep company (કંપની) સોબતમાં રહેવું
Night howler નિશાચર, રાત્રે પોકારનાર
Rest (રેસ્ટ) બાકીનાઓ

Leave to me (લીવ) મને સોંપીદો
Shameless (શેઇમલેસ) બેશરમો
I will see to his downfall (ડાઉનફોલ) એની વેતરણ કેમ કરવી તે હું જોઇ શકું છું
After all (આફ્ટર ઓલ) ગમે તેમ છે. પણ
Will hold (હોલ્ડ) ભેગું કરશે
Durbar (દરબાર) રાજ્ય સભા દરબાર.
Yell (યેલ) બુમ
Turned out (ટર્ન્ડ આઉટ) નીકળી આવ્યું, જણાઇ આવ્યું,
At night fall (નાઇટ ફોલ) રાત પડતાં
Fig tree (ફિગ ટ્રી) અંજીરનું ઝાડ,
Made his appearance (એપીઅરન્સ) દેખાવ કીધો.
Pack (પૅક) ટોળું
Yelled (યેલ્ડ) ચીસ પાડી
Force (ફોર્સ) જુસ્સો
Habit (હેબિટ) ટેવ
Howled (હાઉલ્ડ) બુમ પાડી
Roared (રોર્ડ) ગર્જના કીધી
Pretended (પ્રીટેન્ડેડ) ઢોંગ કીધો.
Impostors (ઇમ્પોસ્ટર્સ) ધુતારા, ઠગારા,
Must be punished (પનિશ્ડ) ને શિક્ષા થવી જોઇએ.
Blow (બ્લો) ઝપાટો
Scampered (સ્કૅમ્પર્ડ) નાસી ગયા
Rank (રૅન્ક) પદવી
Rightly (રાઇટલિ) વાજબી
Does not belong (બિલૉંગ) માલીકીની નથી
Grief (ગ્રીફ) શોક દીલગીરી
Before long (બિફોર લૉંગ) થોડી વારમાં

૩૮. ગળીના રંગમાં રંગાઇ ગયેલો શિયાળ

એક વખત એક ભૂખ્યો શિયાળ કાંઇ ખાવા માટે ઉંચકી લેવાને શહેરના મહોલ્લામાં છુપાતો છુપાતો ભટકતો હતો. તે ખેતરો ઉપર કલાકો સુધી ભટકયો હતો અને કાંઇ મળ્યું નહિ. તેણે કહ્યું, હું શહેરમાં જઇશ, કદાચ ત્યાં મને કાંઇક મળશે. લોકો બધા ઉંઘી ગયા છે. જો હું કુતરાથી બચી જઉં તો હું સહીસલામત રહીશ.

તેથી તે દરેક ખુણામાં નાક ઘાલીને સુંઘતો ગયો. છેવટે તે એક રંગરેજના ઘર આગળ આવ્યો, જે વાદળી લુગડાં રંગીને ગુજરાન ચલાવતો. તેના ઘરના પાછલા વાડામાં વાદળી રંગથી ભરેલું લાકડાનું એક વાસણ મુકયું હતુ. તે વાસણમાં શું હતું તે જોવાનો તે શિયાળે પ્રયત્ન કર્યો. તેનો પગ લપસી ગયો અને તે અંદર પડી ગયો ને ફરીવાર બહાર નીકળી શકયો નહિ. તેને આખી રાત ત્યાં થોભવું પડયું. પણ શિયાળ એક લુચ્ચું પ્રાણી છે. જ્યારે તેણે સવારે રંગરેજને આવતો સાંભળ્યો ત્યારે તે નીચે પડયો રહ્યો અને મરી ગએલ શિયાળ જેવું દેખાય છે. તે તેને જંગલમાં લઇ ગયો અને તેને ફેંકી દીધો. જ્યારે તે જતો રહ્યો ત્યારે તે કુદીને ઉભો થયો. તેને માલમ પડયું કે તે પગથી માથા સુધી વાદળી છું. તેણે કહ્યું. રાજાઓ ગળીના રંગના કપડા પહેરે છે, ચોક્કસ હું રાજા થયો છું. પછી તેણે બધા શિયાળને ભેગા કર્યા અને તેમની આગળ ભાષણ કર્યું. તેણે કહ્યું, ગઇ રાત્રે, વનદેવે મને આ જગલનો રાજા બનાવ્યો છે. તેણે મારો રંગ બદલીને ગળીનો રંગ કર્યો છે, જે એક બાદશાહી રંગ છે. હવે પછી તમારે રાજા તરીકે મારે તાબે થવું. અને નજરાણા અને ખાવા માટે ખોરાક મને લાવી આપવો. બીજા શિયાળો અચંબો પામ્યા, તેઓએ વિચાર્યું કે તે જે કહે છે તે સાચું છે. તે હવે રાજા તરીકે રાજ્ય કરવા લાગ્યો. એ ખબર જંગલમાં ફેલાઇ, અને તેના જેવા કોઇપણ પ્રાણીને કદી અગાઉ જોયો નહોતો તેથી હરણ અને વાઘ પણ તેને તાબે થવા લાગ્યા. આથી તે એટલો અભિમાની થયો કે તે બીજા શિયાળોને તરત જ ધિક્કારવા લાગ્યો, અને પોતાના જુના મિત્રો અને સગાંની સાથે જાણે કે તેમનાથી શરમાતો હોય તેમ તેમની સોબતમાં રહેતો નહિ. ત્યારે શિયાળો ઘણા ગુસ્સે થયા. પણ તેઓમાંના એક સૌથી ઘરડા ડાહ્યા 'નાઇટ–હાઉલર' નામના શિયાળે કહ્યું, આ બેશરમા પ્રાણીને મને સોંપી દો. હું તેનો ઘાટ ઘડીશ.

વાઘ અને બીજા પશુઓ ધારે છે કે તે રાજા છે કારણ કે તે ગળીના રંગમાં રંગાયો છે. આપણે બતાવી આપવું જોઇએ કે ખરેખર તે એક શિયાળ છે. આપણે જે કરવાનું છે તે આ છે તે કહે છે કે હું આજ રાત્રે મોટા અંજીરના ઝાડ નીચે દરબાર ભરીશ. અને વાઘ આવશે. જેવો તે આવે કે તરતજ આપણે મોટેથી બુમ પાડશું કારણ કે તેમ કર્યા વગર એને ચાલશે નહિ. પછી વાઘ જોશે કે તે પણ એક શિયાળ છે. અને તે એમ બન્યું, અંજીરના ઝાડ નીચે રાત પડતાં દરબાર ભરવામાં આવ્યો. જેવો વાઘે દેખાવ દીધો કે તરત જ શિયાળોના ટોળાએ જેમ શિયાળો બુમ પાડે છે તેમજ બુમ પાડી. રાજાએ જુની ટેવના જુસ્સાથી મ્હોં ઉઘાડયું અને તેમના કરતાં વધારે જોરથી બુમ પાડી. વાઘે ગર્જના કરી હો, હો, એમ તમે માત્ર એક શિયાળ છો, કેમ તમે છો કે? અને આ જંગલના રાજા થવાનો અને જે જગ્યા મારી છે તે લેવાનો ઢોંગ કર્યો! તારા જેવા ધુતારાને શિક્ષા થવી જોઇએ. પછી તેણે પોતાના એક પંજાના ઝપાટાથી તે ગળીવાળા રાજાને મારી નાંખ્યો. જ્યારે તેઓ નાશી ગયા ત્યારે નાઇટ હાઉલરે ટોળામાંના બાકીનાને કહ્યું, જે પોતાના જુના મિત્રોને છોડી દે છે, જે પદવી વાજબી રીતે તેની માલીકી નથી તે પહોંચવાને પ્રયત્ન કરે છે, તે થોડીવારમાં દુઃખમાં આવી પડશે.

સમાપ્ત